ઝારખંડની રાજધાની રાંચીની ત્રણ નોંધપાત્ર મહિલાઓને મળો, જેઓ ૬૦ વર્ષથી વધુ ઉંમરના છે અને જીવનના આ તબક્કે પોતાની ઉદ્યોગસાહસિક યાત્રા શરૂ કરવાનું નક્કી કર્યું છે. તેમાં સોની પણ છે, જેમણે પોતાની મસાલા બ્રાન્ડ સ્થાપિત કરી છે. પછી એમલીન છે, જેનું કામ અથાણાં બનાવવાથી લઈને વિવિધ પ્રકારના લોટ, પાપડ (કરકડી) અને મધ બનાવવા સુધીનું છે. અંતે, કિરણ છે, જેમણે ''કિરણ એન્ટરપ્રાઈઝ'' નામથી પોતાની બ્રાન્ડ બનાવી છે. કોઈએ શાળામાં અભ્યાસ કર્યો નથી, કોઈએ ડિગ્રી મેળવી નથી - છતાં પણ તેમની કમાણી પ્રભાવશાળી છે તેમની પ્રોડક્ટ રેન્જમાં વાટેલા મસાલાથી લઈને ઘરે બનાવેલા લાડુ (મીઠી મીઠાઈઓ) અને અન્ય વિવિધ વસ્તુઓનો સમાવેશ થાય છે. આ ત્રણેય મહિલાઓમાંથી કોઈએ ક્યારેય શાળામાં અભ્યાસ કર્યો નથી, કે તેમની પાસે MBA જેવી કોઈ એડવાન્સ ડિગ્રી નથી. આમ છતાં, તેમની માસિક કમાણી રૂા.૪૦,૦૦૦થી રૂા.૫૦,૦૦૦ ની વચ્ચે પહોંચે છે. આ સફળતાને જોતાં, એવું કહેવું અતિશયોક્તિ નહીં હોય કે જો તમારી પાસે કંઈક પ્રાપ્ત કરવાની આંતરિક ઈચ્છા હોય, તો કોઈપણ પડકારને પાર કરવા માટે ખૂબ મોટો નથી. ભાત અને સ્ટાર્ચવાળા પાણીના આહાર પર જીવવું રાંચીની સરહદે આવેલા



ખુંટી જિલ્લાની રહેવાસી એમલીન પોતાની વાર્તા શેર કરે છે : ''અમે ખુંટીની બહાર રહીએ છીએ, જ્યાં કોઈ સંસાધનો ઉપલબ્ધ નહોતા. અમે પહેલા સાદા ચોખા અને માડ (રાંધેલા ભાતમાંથી નીકળતું સ્ટાર્ચવાળું પાણી)ના ઓછા આહાર પર જીવતા હતા. મેં ક્યારેય કલ્પના પણ નહોતી કરી કે હું આજે આટલી બધી કમાણી કરીશ. હું ૫૦ વર્ષની થઈ ત્યારે જ મને લોનની સુવિધા પૂરી પાડતી વિવિધ સરકારી યોજનાઓ વિશે ખબર પડી. આવી જ એક પહેલ દ્વારા, કોઈએ અમને 'પલાશ બ્રાન્ડ' યોજના સાથે જોડ્યા.'' ''તે કાર્યક્રમ દ્વારા લોન મેળવ્યા પછી, મેં મારા ઘરેથી જ વિવિધ વસ્તુઓ - જેમ કે પાપડ, અથાણું અને મધ - બનાવવાનું શરૂ કર્યું. આજે, મારી માસિક આવક રૂા.૪૦,૦૦૦થી વધુ છે. મારા માટે, તે ખરેખર મોટી રકમ છે. આજ સુધી, મેં ક્યારેય શાળાના વર્ગખંડની અંદર નજર પણ નાખી નથી; મને બિલકુલ ખ્યાલ નથી કે શાળાનો વર્ગખંડ ખરેખર કેવો દેખાય છે. રાંચીની સોનીએ પોતાની મસાલા બ્રાન્ડ 'સ્પાઈસિયા મસાલા' સ્થાપિત કરી છે. આ સાહસ હેઠળ, તે ઘરે જ ૨૫થી વધુ વિવિધ પ્રકારના મસાલા તૈયાર કરે છે; આજે, તેનો ગ્રાહક આધાર રાંચીથી આગળ લોહરદગા, ખૂંટી અને ગુમલા જેવા અન્ય જિલ્લાઓ સુધી ફેલાયેલો છે. સોની જણાવે છે, ''આપણી શુદ્ધતા એ જ આપણી ઓળખ છે.'' તે ઉમેરે છે, ''આજે, અમારી પાસે નિયમિત ગ્રાહકોનો વફાદાર આધાર છે અને અમારૂં ટર્નઓવર રૂા.૬૦ લાખ સુધી પહોંચી ગયું છે. મારી પાસે સ્વચ્છ ડિગ્રી નથી.'' કિરણ એન્ટરપ્રાઈઝ એક બ્રાન્ડ બની આ દરમિયાન, કિરણ - જે રાંચીની પણ છે - એ પોતાની બ્રાન્ડ 'કિરણ એન્ટરપ્રાઈઝ' લોન્ચ કરી છે. આ પહેલ હેઠળ, તે ઘરે જ વિવિધ પ્રકારના ઉત્પાદનો તૈયાર કરે છે - જેમાં રાગી લાડુથી લઈને વિવિધ મસાલા, પાપડ, અથાણું, દાળ અને સ્વાદિષ્ટ નાસ્તાનો સમાવેશ થાય છે - અને પેકેજિંગ પોતે સંભાળે છે. કિરણ શેર કરે છે, ''પહેલાં, મને શાકભાજી ખરીદવા માટે દરેક રૂપિયાની ચિંતા કરવી પડતી હતી.'' તેણી સમજાવે છે, ''મેં ફક્ત પાંચમા ધોરણ સુધી જ અભ્યાસ કર્યો; ત્યારબાદ ગરીબીને કારણે મારૂં શિક્ષણ અટકી ગયું. મારી પાસે કોઈ ઔપચારિક ડિગ્રી નથી. છતાં આજે, હું આરામથી મહિને રૂા.૫૦,૦૦૦ કમાઉ છું. હું હવે ૬૦ વર્ષની છું.''

# યુપીની મહિલાને મળો, જે સ્કૂલમાં 'બેકબેન્ચર' હતી, ૪ વખત UPSC પરીક્ષામાં નાપાસ થઈ હતી, પછી IAS ઓફિસર બની હતી; જાણો તેની સફર

**ઉત્તરપ્રદેશની તૃપ્તિ કલહંસે આ વાત ખોટી સાબિત કરી છે કારણ કે 'બેકબેન્ચર' ભારતની સૌથી મુશ્કેલ પરીક્ષાઓમાંની એક, UPSC પાસ કરી છે, તે ચાર વખત પરીક્ષામાં નાપાસ થઈ હતી પરંતુ સંકલ્પ અને સિદ્ધિ મેળવવાના વલણ સાથે, તેણીએ પોતાની વ્યૂહરચના બદલી અને IAS ઓફિસર બની**

(એજન્સી) તા.૧૦

આપણે ઘણીવાર સારા ગુણને કારકિર્દીની સફળતા સાથે જોડીએ છીએ, પરંતુ ઉત્તરપ્રદેશની તૃપ્તિ કલહંસે આ વાત ખોટી સાબિત કરી છે કારણ કે 'બેકબેન્ચર' ભારતની સૌથી મુશ્કેલ પરીક્ષાઓમાંની એક, UPSC પાસ કરી છે. બેકબેન્ચર અને સરેરાશ વિદ્યાર્થી બનવાથી સિવિલ સર્વન્ટ બનવા સુધીની તેની સફર પ્રેરણાદાયક નથી.

**ચાલો જાણીએ તેની સફર અને સફળતાની વાર્તા વિશે.**

**તૃપ્તિ કલહંસ કોણ છે?**

IAS ઓફિસર તૃપ્તિ કલહંસ ઉત્તર પ્રદેશના ગોંડા જિલ્લાની છે. તેણીએ ફાતિમા સિનિયર સેકન્ડરી સ્કૂલમાંથી પોતાનું શાળા શિક્ષણ પૂર્ણ કર્યું છે અને દિલ્હી યુનિવર્સિટીની કમલા નેહરૂ કોલેજમાંથી સ્નાતકનો અભ્યાસ કર્યો છે જ્યાંથી તેણીએ B.Comમાં સ્નાતકની ડિગ્રી મેળવી છે. તે હંમેશા એક એવી વિદ્યાર્થીની રહી છે જેનું ધ્યાન ક્યારેય અભ્યાસ પર નહીં પણ ગપસપ અને



રમૂજ પર કેન્દ્રિત રહ્યું છે. પરંતુ તૃપ્તિને ભારપૂર્વક લાગે છે કે બેકબેન્ચર બનવાથી ક્યારેય કંઈ ગુમાવવાનો ડર નથી રહેતો પરંતુ જીવનમાં મેળવવાની આશા અને ઈચ્છા ભરાઈ જાય છે.

**તૃપ્તિએ UPSC પરીક્ષા કેવી રીતે પાસ કરી?**

આ ક્ષેત્રમાં પ્રવેશવાનો નિર્ણય લીધા પછી, ટ્રિપે પરીક્ષાની તૈયારી શરૂ કરી પરંતુ ચાર વખત નાપાસ થઈ. આ સમય દરમિયાન, તેણીને વારંવાર એક વિચાર આવતો કે તેણીએ સરેરાશ વિદ્યાર્થી બનવાનું આટલું મોટું જોખમ કેમ વિચાર્યું. પરંતુ દર વખતે જ્યારે તે નાપાસ થતી ત્યારે સૌથી મુશ્કેલ પરીક્ષાઓમાંની એક પાસ કરવા અને દેશની સેવા કરવાનો તેનો સંકલ્પ વધુ મજબૂત બનતો ગયો.

ચોથી વાર નાપાસ થયા પછી તેણીએ પોતાની વ્યૂહરચના બદલી અને ઘણા ટોપર્સ જે કરે છે તે કરવાનો પોતાનો અભિગમ છોડી દીધો.

- તેણીએ લાંબા કલાકો છોડી દીધા અથવા ગુણવત્તાયુક્ત અભ્યાસ સાથે અભ્યાસ કર્યો.
- તેણીએ ઊંડી સમજણ સાથે બધું યાદ રાખવાની અને પોતાના શબ્દોમાં લખવાની આદત છોડી દીધી.
- વિક્ષેપથી દૂર રહેવા માટે તેણીએ સોશિયલ મીડિયા અને ફોનને તેનાથી દૂર રાખ્યા.

# પાટડીમાં ચૂંટણી પ્રક્રિયામાં સમાવાતા ૧૯૫ શિક્ષકોની રાજીનામાની ચીમકી



(તસવીર : ફારૂક ચૌહાણ, સુરેન્દ્રનગર)

સુરેન્દ્રનગર, તા.૧૦

સુરેન્દ્રનગર જિલ્લામાં ચૂંટણી પ્રક્રિયાનો પ્રારંભ થઈ ચૂક્યો છે ત્યારે જિલ્લામાં પાટડી તાલુકામાં બીએલઓ તરીકે કામગીરી કરતા શિક્ષકોને ચૂંટણીલક્ષી કામગીરી અને જવાબદારીઓ સોંપવામાં આવતા શિક્ષકોમાં રોષ ભભૂકી ઊઠ્યો છે. હાલ પાટડી નગરપાલિકા તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણી યોજાવા જઈ રહી છે ત્યારે પાટડી તાલુકામાં કુલ ૮૦૦ જેટલા કર્મચારીઓના ચૂંટણી કામગીરી માટે ઓર્ડર કાઢવામાં આવ્યા છે જેમાં ૧૯૫ જેટલા શિક્ષકોના પણ ઓર્ડર કાઢવામાં આવ્યા છે અને તેમને ફરજિયાત ચૂંટણી કામગીરી કરવા માટેની સૂચનાઓ આપવામાં આવી છે. પરંતુ શિક્ષકો પાસે બીએલઓ અને એસઆઈઆરની કામગીરી કરવામાં આવી ત્યારે તે દરમિયાન એવું જણાવવામાં આવ્યું હતું કે જે બીએલઓ અને એસઆઈઆરની કામગીરી કરનાર શિક્ષકોને ચૂંટણીમાં ઓર્ડર નહીં કાઢવામાં આવે તે છતાં પણ ૧૯૫ જેટલા શિક્ષકોના તંત્ર દ્વારા ઓર્ડર કાઢવામાં આવ્યા અને ચૂંટણીની તાલીમ આપવા અંગેની સૂચનાઓ આપવામાં આવી જેથી ૧૯૫ જેટલા શિક્ષકો દ્વારા આ અંગે પ્રાંત અધિકારી અને તંત્રના અધિકારીઓને જાણ કરવામાં આવી અને ચૂંટણીની કામગીરી ન કરવા અંગેની ચીમકી આપવામાં આવી છે.

પાટડી પ્રાંત કચેરી બહાર શિક્ષકો થોડીવાર માટે ધરણા ઉપર પણ ઉતરી ગયા અને જો ચૂંટણીની કામગીરી માટે ફોર્સ કરવામાં આવશે તો સંયુક્ત ૧૯૫ જેટલા શિક્ષકો રાજીનામાં આપી દેશે તેવી ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે. આ કામગીરી ન કરવા અંગે અડીખમ રીતે પ્રાંત કચેરી ખાતે એકત્રિત થયા છે. જેને લઈને હાલમાં પાટડી નગરપાલિકા તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની બેઠકો ઉપર ચૂંટણી પ્રક્રિયા અને કામગીરી ઉપર તેની અસર જોવા મળી રહી છે.

પાટડી પ્રાંત અધિકારી મિલન રાવે આ બાબતે જણાવ્યું કે જો શિક્ષકો કામગીરી નહીં કરે તો તેમના સ્થાને જિલ્લાના અન્ય સરકારી કર્મચારીઓને ચૂંટણી કામે લગાવવામાં આવશે. આ અંગે જિલ્લા કલેકટરને જાણ કરવામાં આવશે અને જિલ્લા કલેકટર મુખ્ય ચૂંટણી અધિકારી છે. તેમના આદેશ બાદ જિલ્લાના અન્ય સરકારી કર્મચારીઓને ચૂંટણી કામગીરીમાં લઈ લેવામાં આવશે અને શિક્ષકોના ઓર્ડર જે ચૂંટણી કામગીરીમાં નીકળ્યા છે તે રદ કરવામાં આવશે.

# સગીર પ્રેમી પંખીડાને સુરેન્દ્રનગર રેલવે સ્ટેશનેથી પોલીસે ઝડપ્યા

સુરેન્દ્રનગર, તા.૧૦

સુરેન્દ્રનગર રેલવે પોલીસ મથકના પીઆઈ એચ.કે. શ્રીમાળીની સુચનાથી સ્ટાફના પીએસઆઈ સી.પી.બાવળીયા દીગપાલસિંહ, રસીકભાઈ, શકિતસિંહ સહિતનાઓ રેલવે સ્ટેશન પર રાત્રિ પેટ્રોલિંગ કરી રહ્યા હતા. ત્યારે રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નં.૧ પર આવેલ અમુલ સ્ટોર પાસે બાકડા પર એક સગીર-સગીરા મળી આવ્યા હતા. આ બન્નેને પોલીસ મથકે લાવી પૂછપરછ કરાતા તેઓ વાવ-થરાદ જિલ્લાના દીયોદરમાંથી ઘરેથી ભાગીને નીકળી ગયા હોવાનું જણાવ્યું હતું. આથી રેલવે પોલીસે દીયોદર પોલીસનો સંપર્ક કરતા આ અંગે સગીરાના પરીવારજનોએ આ અંગે પોકસોની કલમો સાથે ફરિયાદ નોંધાવી હોવાનું સામે આવ્યું હતું. આથી દીયોદર પોલીસે સુરેન્દ્રનગર આવી ભોગ બનનાર સગીરા અને કાયદાના સંઘર્ષમાં આવેલ આરોપીનો કબજો સંભાળ્યો હતો.

# સોનારિયા ગામે ભીમ જયંતી નિમિત્તે મેગા નેત્ર નિદાન કેમ્પ યોજાયો

(સંવાદદાતા દ્વારા)

વેરાવળ, તા.૧૦

ભીમ જયંતીના અવસરે વેરાવળના સોનારિયા ગામે ગુજરાત પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોરચાના અધ્યક્ષ માનસિંહભાઈ પરમારના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને ખૂલ્લા મૂકાયેલ નેત્ર યજ્ઞ કેમ્પમાં ૧૫૦થી વધુ દર્દીઓએ લીધો લાભ લીધેલ હતો.રમાબેન અનિલભાઈ પારેખના સૌજન્યથી ગુજરાત સમન્વય શેડ્યુલ્ડ કાસ્ટ સંગઠન સોમનાથ અને શિવાનંદ મિશન હોસ્પિટલ, વીરનગરના સંયુક્ત ઉપક્રમે આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. વેરાવળ, તાલાલા અને સુત્રાપાડા તાલુકાના ગામોમાંથી આવેલા દર્દીઓને ડૉ.ચૌહાણ અને તેમની ટીમે આંખના રોગોનું નિદાન કરી ફ્રી દવાઓ આપી. ઓપરેશન જરૂરિયાતવાળા દર્દીઓને વીરનગર લઈ જવાયા.

જન સમાજ સેવા સંઘના જયંતિભાઈ આંજણીનો ફાળો અનન્ય રહ્યો. માનસિંહભાઈ પરમારને આયોજક ભગવાનભાઈ સોલંકી અને ગ્રામજનોએ શાલ-પુષ્પગુચ્છથી સન્માનિત કર્યા. તેમણે કહ્યું, "આવા સામાજિક કાર્યોથી જરૂરિયાતમંદોને લાભ પહોંચે છે."

કેમ્પને સફળ બનાવવા સરપંચ મોહનભાઈ સોલંકી, વીરાભાઈ ચૌહાણ, ભગુભાઈ બારડ, મૂળાભાઈ ચૌહાણ, ભીખાભાઈ ગરચર, ગોવિંદભાઈ ચૌહાણ, રાજાભાઈ બારડ, સુભાષભાઈ બારડ, વગેરેએ પ્રાથમિક શાળા આચાર્ય અજયસિંહ ઝાલા, બાદલપરા સરપંચ તનસુખભાઈવાળા, જેન્તીભાઈ સોલંકી, મૂળાભાઈ સોલંકી તથા ખૂબ જહેમત ઉઠાવી હતી.

# અંકલેશ્વર નગરપાલિકાની ચૂંટણીમાં ભરૂચ જિલ્લા ભાજપ સંગઠન મંત્રીના પતિએ અપક્ષ ઉમેદવારી નોંધાવી

**ભાજપમાં શિક્ષિત અને સક્રિય આગેવાનોની અવગણવા કરવામાં આવતા હોવાના આક્ષેપો કર્યા**

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૧૦

ભરૂચ જિલ્લા ભાજપ સંગઠન મંત્રીનો હોદ્દો ધરાવતા નયના વકીલના પતિ નીતિન વકીલે અંકલેશ્વર નગરપાલિકાની ચૂંટણીમાં વોર્ડ નનંબર એકમાં અપક્ષ ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવતા રાજકીય ક્ષેત્રે ખળભળાટ મચી જવા પામ્યો છે.નીતિન વકીલે ભાજપમાં શિક્ષિત અને સક્રિય આગેવાનોની અવગણવામાં કરવામાં આવતા હોવાના આક્ષેપો કર્યા હતા. નોંધનીય છે કે, નીતિન વકીલ અગાઉ પાલિકા માં ભાજપના ઉમેદવાર તરીકે જીત મેળવી ચૂક્યા છે.

અંકલેશ્વર નગરપાલિકાની ચૂંટણીમાં રાજકીય ગરમાવો વધ્યો છે કારણ કે ભારતીય જનતા પાર્ટી સાથે જોડાયેલા નેતાના પરિવાર તરફથી જ બગાવતના સૂર ઉઠ્યા છે. નીતિન વકીલ અગાઉ ભાજપના ઉમેદવાર તરીકે જીત મેળવી ચૂક્યા છે, પરંતુ આ વખતે તેમણે વોર્ડ નંબર ૧માંથી અપક્ષ તરીકે મેદાનમાં ઉતરી રાજકીય વર્તુળોમાં ખળભળાટ મચાવ્યો છે. પાર્ટીના જ સંગઠન મંત્રીના પતિએ આવું પગલું ભરતા આંતરિક મતભેદો બહાર આવ્યા હોવાની ચર્ચા તેજ બની છે. આ વોર્ડમાં પ્રવીણ મોદી, જાગૃતિ આંદાવાલા અને યોગીતા પટેલ સહિતના ઉમેદવારોએ પણ ઉમેદવારી નોંધાવી છે, જેના કારણે સ્પર્ધા વધુ રસપ્રદ બનવાની સંભાવના છે.

આ દરમિયાન ભાજપમાં શિક્ષિત અને સક્રિય આગેવાનોની અવગણવાના કરવામાં આવતા હોવાના આક્ષેપો નીતિન વકીલ દ્વારા કરવામાં આવ્યા છે ત્યારે વોર્ડ નંબર એકની ચૂંટણી રસાકસી ભરી બને એવી શક્યતા છે. જો કે જિલ્લા ભાજપ સંગઠન આ મામલે કેવી કાર્યવાહી કરે છે ? તે જોવું રહ્યું.

# અંકલેશ્વર જીઆઈડીસીમાં રૂા.૫૩ હજારની છેતરપિંડીના ગુનાનો આરોપી ઝડપાયો

અંકલેશ્વર, તા.૧૦

અંકલેશ્વર જીઆઈડીસી વિસ્તારમાં ઓનલાઈન મોબાઈલ વેચાણના બહાને એક યુવાન સાથે રૂા.૫૩ હજારની છેતરપીંડીના ગુનામાં સંડોવાયેલ આરોપીની પોલીસે સુરત ખાતેથી અટકાયત કરી હતી.તાજેતરમાં સુરતના મોટા વરાછા વિસ્તારના રહેવાસી અવિ મુકેશભાઈ ખેનીએ પોતાનો મોબાઈલ વેચવા ઓનલાઈન એપ પર જાહેરાત મૂકી હતી. દરમિયાન અજાણ્યા શખ્સે વોટ્સએપ નંબર પરથી સંપર્ક કરી પોતાનું નામ અમિતભાઈ જણાવ્યું હતું અને પોતે અંકલેશ્વરમાં રહેતો હોવાનું કહી વિશ્વાસમાં લીધો હતો. આરોપીએ તેમને કાપોદ્રા પાટીયા નજીક એપલ પ્લાઝામાં આવેલ ક્રોમા શોરૂમ ખાતે બોલાવ્યો હતો. ત્યાં પોતે સ્ટોરનો કર્મચારી હોવાનું જણાવી આઈફોનનુ ઉંચું મોડેલ ખરીદવાની વાત કરી સોદો નક્કી કર્યો હતો.આરોપીએ બિલ બનાવવાનું કહી ફરિયાદી પાસેથી ગૂગલ પે મારફતે રૂા. ૫૩ હજાર ટ્રાન્સફર કરાવી લીધા બાદ સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. છેતરાયાની જાણ થતા ફરિયાદીએ અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધર્યા બાદ છેતરપિંડી કરનાર આરોપી અમિત ઓલપાડવાળાને સુરત ખાતેથી ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી છે.

# જૂનાગઢ મનપાનું જનરલ બોર્ડ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનની ગેરહાજરીમાં મળ્યું

## વિવિધ પ્રશ્ને વિપક્ષનું આક્રમક વલણ

(સંવાદદાતા દ્વારા) જૂનાગઢ તા. ૧૦

જૂનાગઢ મહાનગરપાલિકાનાં જનરલ બોર્ડની એક મહત્ત્વની બેઠક આજે કોર્પોરેશન ખાતે મળી હતી આ બેઠકમાં નોંધનીય બાબત એ હતી કે જનરલ બોર્ડની આ બેઠકમાં સ્ટેન્ડીંગ કમિટીનાં ચેરમેન ગેરહાજર રહયા હતા જયારે પ્રજાકીય વિવિધ પ્રશ્ને વિપક્ષ દ્વારા અસરકારક રજૂઆતો કરવામાં આવી હતી અને આક્રમક વલણ જોવા મળ્યું હતું. જૂનાગઢ મહાનગરપાલિકાની આજે યોજાયેલી જનરલ બોર્ડની બેઠકમાં શાસક પક્ષ દ્વારા માત્ર બેજ મુદાનો એજન્ડા કાઢવામાં આવ્યો હતો જયારે વિપક્ષનાં નગરસેવકોએ વિવિધ મુદે પ્રશ્નો ઉઠાવી તથા દરખાસ્ત રજૂ કરી અને શાસકોને ભીંસમાં લીધા હતા. જેમાં જૂનાગઢ શહેરમાં ગટરો ખોદીને મૂકી દેવામાં આવી હોવાનો પ્રશ્ન વિપક્ષે ઉઠાવ્યો હતો. આ બાબતે વિપક્ષનાં કોર્પોરેટર મંજુલાબેન પણસારાએ ઉગ્ર રજૂઆત કરી હતી જયારે કાળવાના વોંકળામાં સફાઈ માટે વન વિભાગ મંજૂરી ન આપતું હોવાનો આક્ષેપ કોંગ્રેસનાં કોર્પોરેટર રાવણભાઈ પરમારે ઉઠાવ્યો હતો અને રજૂઆત કરી હતી. આજની આ બેઠકમાં વિપક્ષ દ્વારા મુખ્ય પ્રશ્નોમાં અવારનવાર રસ્તાઓ બનાવી તોડવામાં આવી રહ્યા છે તે અંગે પોલીસી નકકી કરવા, જવાબદારો પર દાખલારૂપ કાર્યવાહી કરવા તેમજ જોષીપરા ફાટક નજીક ઓવરબ્રીજ માટે રાખેલા લોખંડ હટાવવાનો મુદો, ઝૂંપડપટ્ટીને રેગ્યુલાઈઝ કરવા, તેમજ મનપાનો વહિવટ બીપીએમસી મુજબ ચલાવવા, શહેરીજનોને રખડતા પશુઓ, શ્વાન કે મનપાની બેદરકારીથી થતાં અકસ્માતમાં વળતર આપવા માટે વિમો ઉતરાવવો, વેરા બિલ માટે નવા સોફટવેરનું સર્વર શરૂ કરી જનરલ બોર્ડ સમક્ષ રજૂ કરવા માંગ કરવામાં આવી છે. આ ઉપરાંત મનપાની વિવિધ શાખાઓમાં ચાલતા વહીવટમાં બેદરકારી, ભ્રષ્ટાચાર સહિતનાં મુદ્દે વિપક્ષનાં નગર સેવકો દ્વારા ૧૨ જેટલા પ્રશ્નો પૂછવામાં આવી રહેલ છે. શાસકોએ મનપાનાં બોન્ડ બહાર પાડવા તથા જોષીપરાનાં કોમ્પ્લેક્ષનું ભાડું તથા પાઘડીની રકમ નકકી કરવા એજન્ડા બહાર પાડયો હતો ત્યારે આ તમામ મુદે મનપાનાં શાસકોને ખુલ્લા પાડવા અને પ્રજાકીય પ્રશ્નો રજૂ કરવાની રણનીતિ સાથે વિપક્ષ દ્વારા ભારે તડાપીટ બોલાવવામાં આવી રહી છે.

### શોભાવડલા લશ્કરથી પીરવડ જતા રોડ પરથી

# દેશી હાથ બનાવટની પિસ્ટલ સાથે એક ઈસમ ઝડપાયો

(સંવાદદાતા દ્વારા)જૂનાગઢ, તા. ૧૦

જૂનાગઢ એસઓજીની ટીમે શોભાવડલા લશ્કરથી પીરવડ ગામ તરફ જતા રોડ પરથી એક શખ્સને દેશી હાથ બનાવટની પીસ્ટલ તેમજ બે કાર્ટીસ સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે.

જૂનાગઢ એસઓજીના પોલીસ કોન્સ્ટેબલ રોહીત રામકુભાઈએ ફરીયાદી બની આરોપી તરીકે સુરેશ માણસુર હુદડ અને હાજર નહી મળી આવેલ કિશન ગઢવી રહે.સુરેન્દ્રનગરવાળા વિરૂધ્ધ નોંધાવેલ ફરીયાદમાં જણાવેલ કે, આરોપી સુરેશ હુદડએ કિશન ગઢવી પાસેથી હથિયાર અને કાર્ટીસ મેળવી શોભાવડલા લશ્કરથી પીરવડ ગામ તરફ જતા રોડ પરથી દેશી હાથ બનાવટની પિસ્ટલ કિં.રૂા.૨૦,૦૦૦ તેમજ ૨ જીવતા કાર્ટીસ કિં.રૂા.૨૦૦ના મુદ્દામાલ સાથે મળી આવ્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ભાવનગરમાં આઈસરની અડફેટે બાઈકચાલક મોતને ભેટ્યો

(સંવાદદાતા દ્વારા)

ભાવનગર,તા.૧૦

બોટાદના પાળિયાદ ખાતે રહેતા અને ભાવનગર કામ સબબ આવેલા ઉદેશભાઈ રમેશભાઈ કામ્બડ નામનો યુવાન પોતાનું બાઈક લઈને તેના પત્નીને સાથે લઈને કામ પૂરું થતાં પરત પાળિયાદ ગામે જવા રવાના થયો હતો અને કુંભારવાડા ૧૦ નાળા, ઘઉંના ગોડાઉન પાસે પહોંચતા પૂરઝડપે પસાર થયેલ આઈસરના ચાલકે બાઈકને અડફેટે લેતા બાઈક પરથી દંપતી રોડ ઉપર પટકાયેલ તુરંતજ આઈસર ચાલકે ત્યાંથી પસાર થઈ રહેલ એક ટેમ્પોએ અડફેટે લેતા ટેમ્પો ચાલક જીલુભાઈ વાલિયાની નામના યુવકને ઈજા થયેલ અને આઈસર ચાલક અકસ્માત કરી ફરાર થઈ ગયેલ. અકસ્માતનો બનાવ બનતા લોકોના ટોળેટોળા એકઠા થયા હતા. અને તુરંતજ ૧૦૮ને તથા પોલીસને જાણ કરતા ૧૦૮ આવી જતા તપાસતા ટેમ્પો ચાલકને તથા બાઈક પર બેસેલ મહિલાને તપાસતા બંનેને ઈજા થયેલ હોય જયારે બાઈક ચાલક યુવક ઉદેશભાઈને ગંભીર ઈજા થતા ઘટનાસ્થળેજ તેને મૃત્યુ પામેલ જાહેર કરેલ અને ટેમ્પો ચાલક તથા મહિલાને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયેલ દરમિયાન પોલીસ કાફલો પણ ઘટનાસ્થળે દોડી ગયેલ બનાવની જાણ થતાં લોકોના ટોળા એકઠા થયા હતા.

# ભાવનગરમાં કોંગ્રેસે વિજય સંકલ્પ પદયાત્રા સાથે ૨૫ ઉમેદવારના ફોર્મ ભર્યા

ભાવનગર, તા.૧૦

ભાવનગર શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા આજે પ્રથમ યાદીમાં જાહેર થયેલા ૨૫ ઉમેદવારોના ફોર્મ ભરવા વિજય સંકલ્પ પદયાત્રા યોજવામાં આવી હતી. આ પદયાત્રાનો પ્રારંભ જિલ્લા પંચાયત પાસે આવેલા ભીડભંજન મહાદેવ મંદિર ખાતે પૂજા-અર્ચના કરીને કરવામાં આવ્યો હતો. વિજયના સંકલ્પ સાથે કોંગ્રેસના તમામ ઉમેદવારો, પક્ષના હોદ્દેદારો, ઉમેદવારના ચાહકો તથા કાર્યકરો વાજતે-ગાજતે કલેક્ટર કચેરી પહોંચી ફોર્મ ભર્યા હતાં અને બાદમાં નામાંકન રજૂ કરવામાં આવ્યા હતા.

# અમરેલી એલસીબીએ ૭ ઘરફોડ ચોરીના ગુનાના આરોપીને મધ્યપ્રદેશથી ઝડપ્યો

(સંવાદદાતા દ્વારા)અમરેલી તા.૧૦

અમરેલી, જુનાગઢ, રાજકોટ શહેર તેમજ ઈન્દોર મળી કુલ - ૭ ઘરફોડ ચોરીના ગુનાઓમાં નાસતા ફરતા આરોપીને મધ્યપ્રદેશથી અમરેલી એલસીબી પોલીસે ઝડપી પાડ્યો હતો.



પ્રાપ્ત વિગતો મુજબ અમરેલી જિલ્લા પોલીસ વડા સંજય ખરાતની સૂચના અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. સી.પી.વાઘેલાની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમે સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશન તેમજ આજીડેમ પોલીસ સ્ટેશન (રાજકોટ શહેર) - ૨, બી ડીવીઝન પોલીસ સ્ટેશન (રાજકોટ શહેર)- ૨, વંથલી પોલીસ સ્ટેશન (જુનાગઢ)-૧, કનાડીયા પોલીસ સ્ટેશન (ઈન્દોર - મધ્યપ્રદેશ) - ૧ મળી કુલ - ૭ ગુનાઓમાં નાસતા ફરતા લીસ્ટેડ આરોપી બળવંતસિંહ ગુલાબસિંહ બઘેલ, (ઉ.વ.૩૫, રહે.બડી કદવાલ, હોળી ફળીયુ, થાણા-બોરી, તા.જોબટ, જિ.અલીરાજપુર મધ્યપ્રદેશ)ને મધ્યપ્રદેશના તેના ગામેથી પકડી પાડી આગળની કાર્યવાહી માટે સાવરકુંડલા રૂરલ પોલીસને સોંપી આપેલ હતો પકડાયેલ આરોપીની મોડસ ઓપરેન્ડી એવી હતી કે આરોપી પોતાના વતનથી ખાનગી વાહનમાં અલગ-અલગ શહેર તથા ગામ જવા માટે પહેલા મોટર સાયકલની ચોરી કરતા, અને ચોરી કરેલ મોટરસાયકલ લઈ રાત્રિના અલગ-અલગ શહેરમાં આવેલ સોસાયટીઓ તેમજ ગામમાં આંટાફેરા મારતો હતો. અને જે બંધ મકાન હોય તે બંધ મકાનના તાળાઓ પોતાની પાસેના ચોરીના ઓજારા જેવા કે લોખંડના કટર પકડ વડે તોડી, મકાનમાં પ્રવેશ કરી ચોરી કરતો બાદ ચોરી કરીને આજુબાજુના વાડી વિસ્તારમાં પોતાના વતનથી આવેલ લોકો સાથે આખો દિવસ રોકાણ કરી જતા રહેવાની ટેવ ધરાવતો હતો.

# કરજણ તાલુકા/જિલ્લા પંચાયતના કોંગ્રેસના ઉમેદવારી પત્રો ભરાયા

(સંવાદદાતા દ્વારા) પાલેજ, તા.૧૦

આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી જાહેર થઇ ચૂકી છે જેના ફોર્મ ભરવાની પ્રક્રિયા પણ શરૂ થઇ ચૂકી છે. આજરોજ કરજણ જિલ્લા પંચાયત બેઠકો માટે તેમજ તાલુકા પંચાયત બેઠક માટે કરજણ તાલુકા જિલ્લા પંચાયતના ઉમેદવારો મોટી સંખ્યામાં પોતાના સમર્થકો સાથે કરજણ સેવા સદન તેમજ તાલુકા પંચાયત કચેરી ખાતે આવી પહોંચ્યા હતા.સેવાસદન પાસે આવી પહોંચેલા કોંગી અગ્રણીઓ તેમજ કાર્યકરોએ કોંગ્રેસ આવે છે નવસર્જન લાવે છે ના ગગનભેદી નારાઓ સાથે સેવાસદન પટાંગણ ગજવી મૂક્યું હતું. ત્યારબાદ કોંગ્રેસ તાલુકા અધ્યક્ષ પીન્ટુ પટેલ, ભરત ભાઈ અમીન, મુબારક ભાઈ, આઈ.યુ. પટેલ, ભાસ્કર ભાઈ ભટ્ટ, લતાબેન સોનીની વિશેષ ઉપસ્થિતિમાં કરજણ પ્રાંત અધિકારી તેમજ તાલુકા પંચાયત કચેરી ખાતે તાલુકા વિકાસ અધિકારીને ઉમેદવારોએ પોતાના ફોર્મ ભર્યા હતા.

### આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પગલે

# ઝાલદડા પ્રાથમિક શાળા ખાતે 'મતદાન જાગૃતિ રેલી' યોજાઈ

(સંવાદદાતા દ્વારા)

લુણાવાડા, તા.૧૦

લોકશાહીના પાયાને વધુ સુદૃઢ બનાવવા તથા યુવા અને નવા નોંધાયેલા મતદારો પોતાના મતાધિકારનું મહત્ત્વ સમજે. મતદાન પ્રત્યે જાગૃત બને તેવા ઉમદા આશય સાથે પી.એમ. ઝાલદડા પ્રાથમિક શાળા ખાતે એક 'મતદાન જાગૃતિ રેલી'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ જાગૃતિ રેલીમાં શાળાના વિદ્યાર્થીઓએ ભારે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. રેલીના માધ્યમથી સમગ્ર વિસ્તારમાં ભ્રમણ કરી, સ્થાનિક નાગરિકોને કોઈપણ જાતના ડર, દબાણ કે પ્રલોભન વગર નૈતિકતાથી મતદાન કરવા માટેનો સકારાત્મક સંદેશ પાઠવવામાં આવ્યો હતો.

જિલ્લા ચૂંટણી તંત્ર, મહીસાગર દ્વારા જિલ્લાના તમામ નાગરિકોને અપીલ કરવામાં આવે છે કે આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં અચૂક મતદાન કરી લોકશાહીના આ મહાપર્વને સફળ બનાવીએ.

# નડિયાદમાં પ્રતિબંધિત ઈ-સિગારેટના મોટા જથ્થા સાથે એક ઝડપાયો

નડિયાદ, તા.૧૦

ખેડા સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG)એ નડિયાદના આઈ.જી. રોડ પર નીલકંઠ મહાદેવ મંદિર પાસેથી ઈ-સિગારેટના આશરે ૩૭,૫૦૦ રૂપિયાની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરીને એકને પકડી પાડી કાયદેસરનો ગુનો દાખલ કર્યો છે.

મળતી માહિતી મુજબ, નડિયાદ પશ્ચિમ પોલીસ સ્ટેશન વિસ્તારમાં એસ.ઓ.જી.ની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે એક વ્યક્તિ પ્રતિબંધિત ઈ-સિગારેટ સાથે ફરી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે આઈ.જી. રોડ પર વોચ ગોઠવીને નિત્ય રીતેશભાઈ પટેલ (રહે. અયોધ્યાનગર સોસાયટી, નડિયાદ)ને અટકાવી તેની તપાસ કરી હતી. તપાસ દરમિયાન તેની પાસેથી વિવિધ ફ્લેવરની કુલ ૧૫ નંગ પ્રતિબંધિત ઈ-સિગારેટ મળી આવી હતી. આ સફળ કામગીરીમાં એસ.ઓ.જી. પોલીસ ઈન્સ્પેક્ટર ડી.ડી. શિમ્પી, જે.એમ. પઢિયાર તથા અન્ય પોલીસ કર્મચારીઓ જોડાયા હતા.

# ધોળકા પાલિકા ચૂંટણીમાં ભાજપે આઠ મુસ્લિમ ઉમેદવારોને ટિકિટ આપી

(સંવાદદાતા દ્વારા) ધોળકા, તા. ૧૦

ધોળકા નગરપાલિકાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ કુલ ૩૬ ઉમેદવારોમાંથી આઠ મુસ્લિમ ઉમેદવારોને ટિકિટ આપી છે. જેમાં વોર્ડ નંબર -૫માંથી અનિશા ફિરોજઅહેમદ મનસુરી, સાદેકાબાનું નિસારઅહેમદ તાઈ, નિયાઝખાન કાલેખાન પઠાણ અને મહંમદયુસુફ ગુલામનબી મનસુરીનો સમાવેશ થાય છે. જયારે વોર્ડ નંબર - ૬માંથી ફરજાનાબાનું ઈકબાલહુસેન ઘાંચી, મકબુલનનિસા જમાલમિયાં કાદરી અને સોહીલઅહેમદ અયુબમિયાં મલેકનો સમાવેશ થાય છે. જયારે વોર્ડ નંબર - ૭માંથી ઈમ્તિયાઝ ઈસ્માઈલભાઈ રાધનપુરીને ટિકિટ આપવામાં આવી છે.

# હનીટ્રેપના ગુનામાં મહિલા સહિત ત્રણને રાજુલા પોલીસે દબોચી લીધા

(સંવાદદાતા દ્વારા)

અમરેલી, તા.૧૦

જાફરાબાદના વારાહ સ્વરૂપ ગામે રહેતો રોનકદાસ ભરતદાસ મેસવાણીયા ઉ.વ.૨૧ને સમીનાબેન શબીરભાઈ સેલોત રહે રાજુલા તેમજ કરણભાઈ દતુભાઈ પટાટ રહે.હીડોરણા અને જીતેન્દ્રભાઈ ઉર્ફે જીતુ રાઘવભાઈ ચૌહાણ રહે. રાજુલા વાળાએ પૂર્વ આયોજીત કાવતરૂ રચી આરોપીઓએ રોનકદાસને હીડોરણા ગામે બાવળની કાટમા લઈ જઈ અને મહીલા આરોપી સાથે પરીચય કરાવી કાવતરા મુજબ વારા ફરતી આરોપીઓ આવી રોનકદાસને ઢીકાપાટુનો મુંઢમાર મારી ડરાવી ધમકાવી અને મહીલા સાથેનો વીડિઓ ઉતારી વીડીઓ વાયરલ કરવાની ધમકી આપી રૂપિયા ૧૯૫૦/- તથા મોબાઈલ બળજબરીથી કઢાવી લઈ અને આરોપીઓએ વધુ ૫ લાખ રૂપિયાની માંગણી કરેલ જેથી રોનકદસ જણાવેલ કે મારી પાસે અત્યારે છે નહી તમે મને થોડો સમય આપો તો હુ લઈ તો આરોપીઓએ રોનકદાસને પૈસા લેવા ઘરે મોકલેલ રોનકદસ સીધો પોલીસ સ્ટેશન આવી ગયેલ અને બનાવ બાબતે પીઆઈ વી.એમ. કોલાદરાને બધી વાત કરેલ જેથીઆ ઘટના ગંભીરતાથી લઈ અને ફરિયાદીને સાંત્વના આપી અને રાજુલા પો.સ્ટેની ટીમને આ બાબતે તપાસ કરી અને રોનકદાસને રૂપીયા સાથે સદરહુ જગ્યાએ જવા જણાવેલ અને તેની સાથે રાજુલા પોલીસ ટીમ ખાનગી ડ્રેસમા રોનકદાસ પાછળ ગયેલ અને રોનક દાસ એ જે રીતે જણાવેલ તે રીતેના મહિલા તથા અન્ય આરોપીઓ ત્યા હાજર હોય અને તેઓએ ફરીયાદીને રૂપિયા બાબતે પૂછતા રાજુલા પોલીસ ટીમ દ્વારા મહિલા તથા આરોપીને બનાવ સ્થળે દબોચી લીધેલ અને કાયદેસરની કાર્યવાહી કરેલ હતી હજુ આ ગુનાના બે આરોપી ઓ પકડવાના બાકી છે પોલીસે આરોપીઓ પાસેથી રોકડ રૂપિયા ૧૬૦૦/-એક મોટરસાયકલ જેની કિ.રૂા.૧૫,૦૦૦/-મોબાઈલ નંગ- ૦૫ જેની કુલ કિ.રૂા.૬૧,૦૦૦/-કુલ કિ.રૂા.૭૭,૬૦૦/-નો મુદામાલ કબજે કરેલ હતો.

# કેશોદ : ખેતરના રૂમમાં રાખેલ રૂા.૧.૬૮ લાખના જીરાની ચોરી

જૂનાગઢ તા. ૧૦

કેશોદ-જૂનાગઢ બાયપાસ રોડ પર ખેતરના રૂમમાં રાખેલ રૂા.૧.૬૮ લાખના જીરાની કોઈ અજાણ્યો શખ્સ ચોરી કરી ગયાની ફરિયાદ કેશોદ પોલીસ મથકે નોંધાઈ છે. પોલીસ મથકે અશ્વિનભાઈ વેલજીભાઈ ભાડજાએ અજાણ્યા ચોર શખ્સ વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આરોપીએ તા.૧૬-૩-૨૬ના સાંજના ૬ વાગ્યાથી તા.૨૨-૩-૨૬ના સવારના ૯.૩૦ દરમ્યાન ફરિયાદીના ભાગ્યુ રાખેલ ખેતરના ડેલાના મીજાગરા તોડી રૂમના દરવાજાનો લોક તોડી રૂમમાં પ્રવેશી જીરૂ ભરેલ બાચકા નંગ-૨૧, ૪૨ મણ કિં.રૂા.૧,૬૮,૦૦૦ની ચોરી કરી ગયાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# બાયડના લાંક ખાતે ભાજપના ૨૦૦થી વધુ આગેવાનો કોંગ્રેસમાં જોડાયા

(સંવાદદાતા દ્વારા)

મોડાસા, તા.૧૦

અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના લાંક તાલુકા પંચાયત વિસ્તારમાં ભારતીય જનતા પાર્ટીને મોટો રાજકીય ફટકો પડ્યો છે. ભાજપની નીતિઓથી નારાજ થઈને અને કોંગ્રેસની વિચારધારામાં વિશ્વાસ મૂકીને દેસાઈપુરાકંપા ગ્રામપંચાયતના સરપંચ અને ડેપ્યુટી સરપંચ સહિત ૨૦૦થી વધુ સક્રિય આગેવાનો આજે વિધિવત રીતે કોંગ્રેસમાં જોડાયા છે.

અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ અરૂણભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયેલા કાર્યક્રમમાં દેસાઈપુરા ગ્રામપંચાયતના સરપંચ કેશાજી ઠાકોર, ડેપ્યુટી સરપંચ દિપેશભાઈ પટેલ, લાંકના પૂર્વ સરપંચ કાળુસિંહ ઝાલા, કેસરીસિંહ ઝાલા, ભેમસિંહ ઝાલા, શનસિંહ ઝાલા,મહેશ ઝાલા તથા મોહનજી રાઠોડ સહિતના ૨૦૦થી વધુ કાર્યકરોએ કેસરીયો ત્યાગી કોંગ્રેસનો પંજો પકડ્યો હતો. તમામ આગેવાનોને કોંગ્રેસનો ખેસ પહેરાવી પક્ષમાં આવકારી અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે પૂર્વ ધારાસભ્ય જશુભાઈ પટેલ, તાલુકા કોંગ્રેસ પ્રમુખ મુકેશસિંહ, અશોકસિંહ, બક્ષીપંચ સેલના પ્રમુખ રાજેશસિંહ ઝાલા, સહિત કોંગ્રેસના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

જિલ્લા પ્રમુખ અરૂણભાઈ પટેલે જણાવ્યું હતું કે, આજે મોટી સંખ્યામાં જનપ્રતિનિધિઓ અને પાયાના કાર્યકરો કોંગ્રેસમાં જોડાયા છે, જેનાથી પક્ષને આ વિસ્તારમાં નવી મજબૂતી મળી છે. આગામી દિવસોમાં આ વિસ્તારના પડતર પ્રશ્નો અને જનતાની સમસ્યાઓને વાચા આપવા માટે કોંગ્રેસ પક્ષ આ તમામ આગેવાનો સાથે મળીને મજબૂતાઈથી લડત આપશે.

# ભરૂચ : ચૂંટણી પ્રચાર માટે ધાર્મિક સ્થળોના ઉપયોગ પર પ્રતિબંધ

ભરૂચ, તા.૧૦

ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા જાહેર કરવામાં આવેલી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય ચૂંટણીઓ-૨૦૨૬ અન્વયે ભરૂચ જિલ્લામાં આદર્શ આચારસંહિતાના ચુસ્ત અમલીકરણ માટે વહીવટી તંત્ર દ્વારા મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. ચૂંટણી પ્રક્રિયા દરમિયાન જાહેર જીવનમાં શાંતિ જળવાઈ રહે અને ધાર્મિક લાગણીઓનો રાજકીય હેતુ માટે ઉપયોગ ન થાય તે માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ દ્વારા પ્રતિબંધાત્મક હુકમ જારી કરવામાં આવ્યો છે.

ભરૂચ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં આવેલ કોઈપણ મંદિર, મસ્જિદ, ચર્ચ, ગુરૂદ્વારા અથવા અન્ય કોઈપણ ધાર્મિક કે પ્રાર્થનાના સ્થળોનો ચૂંટણીલક્ષી ભાષણો, પ્રચાર કે ચૂંટણીના કોઈ પણ પ્રકારના હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં.

ચૂંટણીઓ મુક્ત, ન્યાયી અને ભયમુક્ત વાતાવરણમાં યોજાય તેમજ ધાર્મિક સ્થળોની પવિત્રતા જળવાઈ રહે તે હેતુથી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ આ નિયંત્રણો મૂકવામાં આવ્યા છે.

આ હુકમ પ્રસિદ્ધ થયાની તારીખ ૧લી એપ્રિલ ૨૦૨૬થી તા.૩૦મી એપ્રિલ ૨૦૨૬ સુધી સમગ્ર ભરૂચ જિલ્લામાં અમલી રહેશે. આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

# અમદાવાદ મહાનગરપાલિકા માટે ભાજપે નક્કી કર્યા ઉમેદવારો

## વિવિધ વોર્ડમાં ઉમેદવારોના નામ ટેલિફોનિક રીતે જાહેર કરાયા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૦

અમદાવાદ મહાનગર પાલિકાની આવનારી ચૂંટણીને ધ્યાનમાં રાખીને ભારતીય જનતા પાર્ટી દ્વારા ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા તેજ બની ગઈ છે. પાર્ટી દ્વારા વિવિધ વોર્ડમાં ઉમેદવારોને ટેલિફોનિક રીતે માહિતી આપવામાં આવી રહી છે, જેના કારણે રાજકીય માહોલ ગરમાયો છે. ખાસ કરીને બોડકદેવ, સરખેજ, વેજલપુર અને જોધપુર વિસ્તારોમાં ઉમેદવારોના નામ જાહેર થતા સ્થાનિક સ્તરે ચર્ચા શરૂ થઈ ગઈ છે.

બોડકદેવ વોર્ડમાં ભાજપે વર્તમાન કોર્પોરેટર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણીને ફરી તક આપી છે. તેમની સાથે એએમટીએસના ચેરમેન ધરમશી દેસાઈને પણ ટિકિટ આપવામાં આવી છે. આ સિવાય ભાવનાબેન પટેલ અને પારૂલ મકવાણા પર પણ પાર્ટીએ વિશ્વાસ વ્યક્ત કર્યો છે, જેનાથી આ વોર્ડમાં અનુભવી અને નવા ચહેરાનો સમન્વય જોવા મળે છે.

સરખેજ અને વેજલપુર વિસ્તારોમાં પણ ઉમેદવારોને ટેલિફોનિક સૂચનાઓ આપવામાં આવી છે. સરખેજ વોર્ડ માટે રાજુ શુક્લા, દ્વિયેશ ત્રિપાઠી, હેમા શાહ અને જેઠી ભરવાડના નામ સામે આવ્યા છે. જ્યારે વેજલપુર વોર્ડમાં દેવાંગ મહેતા, પારુલ દવે, રાજેશ ઠાકોર અને જુલી ચૌહાણને ઉમેદવાર તરીકે પસંદ કરવામાં આવ્યા છે. આ બંને વિસ્તારોમાં પાર્ટી દ્વારા સ્થાનિક સમીકરણોને ધ્યાનમાં રાખીને પસંદગી કરવામાં આવી હોવાનું માનવામાં આવે છે. જોધપુર વોર્ડમાં ભાજપે મહિલા ઉમેદવાર ભારતીબેન ગોહિલને ફરી તક આપી છે, જ્યારે બાકીના ત્રણ સ્થાને નવા ચહેરાઓને સ્થાન મળ્યું છે. ભાગ્યેશ પટેલ, વિનોદ પટેલ (જાખડ) અને નયનાબેન કોટકને ટિકિટ આપીને પાર્ટીએ નવા નેતૃત્વને આગળ લાવવાનો પ્રયાસ કર્યો છે. કુલ મળીને ભાજપે અનુભવ અને નવી ઊર્જા વચ્ચે સંતુલન સાધવાનો પ્રયાસ કર્યો છે.

# ગુજકેટમાં પરિણામ પહેલા જ ૫ ગુણની લ્હાણી

## બોર્ડે ફાઈનલ આન્સર કી જાહેર કરી, કેમેસ્ટ્રીમાં વધુ એક ભુલ માટે માર્ક મળશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૦

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગુજકેટની ફાઈનલ આન્સર કી જાહેર કરવામાં આવી છે. ફાઈનલ આન્સર કી જાહેર થતાં હવે ગુજરાતી, હિન્દી માધ્યમના વિદ્યાર્થીઓના પરિણામ પહેલા ૪ ગુણ અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓને ૫ ગુણની લ્હાણી કરવામાં આવી છે. કેમેસ્ટ્રીમાં વધુ એક ગુણની ભુલ જણાતા તેના માટે પણ ગુણ આપવાનો નિર્ણય કરાતા એક-એક ગુણનો ફાયદો થયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા અગાઉ ગુજકેટની પ્રોવિઝનલ આન્સર કી જાહેર કરવામાં આવી હતી. પ્રોવિઝનલ આન્સર કીમમાં ગુજરાતી અને હિન્દી માધ્યમમાં ત્રણ પ્રશ્ન અને અંગ્રેજી માધ્યમમાં ચાર પ્રશ્ન ખોટા હોવાનું પ્રસ્થાપિત થયું હતું. જેથી ગુજરાતી અને હિન્દી માધ્યમના વિદ્યાર્થીઓને ૩ ગુણ અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓને ૪ ગુણ આપવાનું નક્કી થયું હતું. પ્રોવિઝનલ આન્સર કીને લઈને બોર્ડ દ્વારા વાંધા મંગાવવામાં આવ્યા હતા. દરમિયાન, ગુજકેટની પ્રોવિઝનલ આન્સર કીને લઈને આવેલા વાંધાઓની ચકાસણી કરાવવામાં આવ્યા બાદ વધુ એક ગુણની ભૂલ જણાઈ હતી. જેથી બોર્ડે ગુજકેટની ફાઈનલ આન્સર કીમાં ગુજરાતી અને હિન્દી માધ્યમના વિદ્યાર્થીઓને હવે ૪ ગુણ અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓને ૫ ગુણ આપવાનો નિર્ણય કરાયો છે. આ ઉપરાંત, ૩ પ્રશ્નના જવાબમાં ૨ વિકલ્પ સાચા હોવાનું પ્રસ્થાપિત થયુ છે. જેથી બંન્નેમાથી જે વિકલ્પ લખ્યો હશે તેના માર્કસ આપવામાં આવશે. શિક્ષણ બોર્ડ દ્વારા ૨૯ માર્ચે લેવાયેલી ગુજકેટ પરીક્ષાની પ્રોવિઝનલ આન્સર કી જાહેર કરવામાં આવી હતી.

# પેમેન્ટના ખોટા સ્ક્રીન શોટ બતાવી અમદાવાદના ૫૦થી વધુ વેપારી સાથે ઠગાઈ આચરનાર ઝડપાયો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૦

અમદાવાદ શહેરમાં વેપારીઓ પાસેથી ઈલેક્ટ્રોનીક્સ ગેટેઝ્સ અને કપડા સહિતનો માલસામાન ખરીદીને પેમેન્ટ કર્યાનો બનાવટી સ્ક્રીન શોટ બતાવીને ૫૦થી વધુ વેપારીઓ સાથે ઠગાઈ કરનાર ગઠિયો ઝડપાયો છે. આરોપીએ નવરાત્રીમાં પાર્ટી પ્લોટોની ટિકીટો પણ બનાવટી પેમેન્ટનો સ્ક્રીન શોર્ટ બતાવીને લઈ લીધી હતી. નોંધનીય છે કે બોપલ આંબલી રોડ પર કાપડની દુકાન ધરાવતા વેપારીને બનાવટી સ્ક્રીન શોટ મોકલીને છેતરપિંડી કરતા સમગ્ર મામલો સામે આવ્યો હતો. આરોપી સામે આઠ કેસ પણ નોંધાઈ ચૂક્યા છે. બોપલમાં રહેતા મયુરભાઈ દોંગા બોપલ-આંબલી રોડ પર પડદાના કાપડની દુકાન ધરાવે છે.થોડા દિવસ અગાઉ એક યુવક દુકાને આવ્યો હતો અને તેણે તાત્કાલિક કાપડ લેવાનું કહીને ૪૦ હજારનું કાપડ પસંદ કર્યું હતું. યુવકે બેંકની ડીટેઈલ મોકલીને કાપડ લઈને પેમેન્ટ કર્યાનો સ્ક્રીન શોટ મોકલ્યો હતો. પરંતુ મયુરભાઈના બેંક એકાઉન્ટમાં નાણાં જમા થયા નહોતા. બીજી તરફ યુવકનો મોબાઈલ સ્વીચ ઓફ આવતો હતો. આ યુવકે તેનું નામ ઋષિલ શાહ જણાવ્યું હતું. જેની ભાળ ન મળતા મયુરભાઈએ સરખેજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાવી હતી. પોલીસે સીસીટીવી ફુટેજના આધારે ઋષિલ શાહને ઘાટલોડિયામાં તેના ઘરેથી ઝડપી પાડ્યો હતો. પોલીસે કુલ રૂ. ૧૦.૮૭ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આરોપીની પૂછપરછ કરતા તેના વિરૃદ્ધ ગાંધીનગર અને અમદાવાદમાં અકસ્માત સહિત કુલ આઠ ગુના નોંધાઈ ચુક્યા છે. તેમજ તે કારમાં બનાવટી નંબર પ્લેટ રાખતો હતો અને અન્ય નામના સીમ કાર્ડ પણ વાપરતો હતો. ઉપરાંત BBA સુધીનો અભ્યાસ કર્યો છે. કેન્વાસ એપ્લીકેશનથી મેસેજમાં એડિંટીંગ કરીને મેસેજ બતાવીને માલસામાન લઈને ઠગાઈ આચરતો હતો. જ્યારે તેને નવરાત્રીમાં સફેદ પરીંદે જેવા પ્રખ્યાત ગરબામાં પણ બનાવટી મેસેજ બતાવીને ૪૫ ટિકીટો લઈને બારોબાર વેચીને રૂપિયા કમાઈને મોજશોખમાં ઉડાવી દીધા હતા.

# શબ્દોથી શિખર સુધી-ડૉ. નાઝેમા અન્સારીના માર્ગદર્શન હેઠળ ઉર્દૂનું ગૌરવ ગાન

અમદાવાદ, તા.૧૦

ગુજરાતની ધરતી, જે સદીઓથી સંસ્કૃતિ અને પરંપરાની સુગંધથી મહેકતી રહી છે, આજે ઈતિહાસના એક નવા અધ્યાયની સાક્ષી બની છે. જ્ઞાનના આકાશ પર એક એવો દીવો પ્રગટ્યો છે, જેના પ્રકાશમાં વર્ષોની મહેનત, ત્યાગ અને સપનાઓની સાકારતા ઝળહળી રહી છે.



અમદાવાદ શહેર સ્થિત ગુજરાત યુનિવર્સિટી ખાતે, ગુજરાત આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજના ઉર્દૂ વિભાગની અધ્યક્ષા (એસોસિએટ પ્રોફેસર) ડૉ. નાઝેમા અન્સારીના માર્ગદર્શન હેઠળ તે યાદગાર ક્ષણ પ્રાપ્ત થઈ.

ડૉ. નાઝેમા અન્સારીની સરપરસ્તીમાં બે પ્રતિભાશાળી અને મહેનતુ વિદ્યાર્થીઓ મોહમ્મદ યાસીન કુરેશી અને અહમદ હસનએ પોતાની શૈક્ષણિક યાત્રા સફળતાપૂર્વક પૂર્ણ કરી પીએચડીનો સંશોધન પ્રબંધ પૂર્ણ કર્યો અને ગુજરાતમાં ઉર્દૂ વિષયની પ્રથમ પીએચડીનું ઐતિહાસિક માઈલસ્ટોન સ્થાપિત કર્યું.

મોહમ્મદ યાસીન કુરેશીએ પોતાના સંશોધન પ્રબંધમાં નૈયર મસૂદના વ્યક્તિત્વ અને સાહિત્યિક યોગદાનનો ઊંડો અભ્યાસ રજૂ કર્યો, જ્યારે એહમદ હસને ખલિલુર રેહમાન આઝમીના વિચારધારાત્મક અને સમીક્ષાત્મક પાસાઓને પોતાના સંશોધનનું કેન્દ્ર બનાવ્યું. બંને સંશોધકોએ વાઈવા દરમિયાન અત્યંત આત્મવિશ્વાસ અને ગૌરવ સાથે પોતાના સંશોધનનો સાર રજૂ કર્યો અને નિષ્ણાતો તથા પ્રોફેસરોના પ્રશ્નોના સચોટ અને શિસ્તબદ્ધ જવાબો આપી સૌને પ્રભાવિત કર્યા.

બાહ્ય પરીક્ષક તરીકે ડૉ. કિર્તી માલની (ડૉ. બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટી, ઔરંગાબાદ) અને ડૉ. શકીલ અહમદ (સેવા સદન મહાવિદ્યાલય, બુરહાનપુર) ઉપસ્થિત રહ્યા. બંને મહેમાનોએ વિદ્યાર્થીઓના શૈક્ષણિક કાર્યની પ્રશંસા કરી અને અમદાવાદની મહેમાનનવાજી, શૈક્ષણિક વાતાવરણ અને સાંસ્કૃતિક રંગતને વધાવી.

બાહ્ય નિષ્ણાતોએ સંશોધન પ્રબંધો અને વાઈવા દરમિયાન થયેલા શૈક્ષણિક સંવાદની વિશેષ પ્રશંસા કરતાં સ્પષ્ટ રીતે જણાવ્યું કે, આ સંશોધન માટે પીએચડીની ડિગ્રી આપવી જોઈએ અને તે પ્રકાશન માટે પણ યોગ્ય છે. ઉપસ્થિત તમામ લોકોએ જોરદાર તાળીઓથી સમર્થન આપ્યું.

પ્રોફેસર નૂતન કોટક, ભાષા સાહિત્ય ભવનની નિયામક અને ઉર્દૂ વિભાગની અધ્યક્ષા, તેમના શુભેચ્છા અને પ્રોત્સાહનથી કાર્યક્રમને ગૌરવ મળ્યો. આ પ્રસંગે વલી ગુજરાતી (વલી દક્કની) અને સાદુલ્લાહ ગુલશનનો ઉલ્લેખ થયો, જેના કારણે અમદાવાદ, બુરહાનપુર અને ઔરંગાબાદ વચ્ચેના શૈક્ષણિક સંબંધો એક સુંદર માળામાં ગૂંથાઈ ગયા. આ વાઈવા તાજેતરમાં યોજાયું.

પ્રોફેસર નાઝેમા અન્સારીએ આ સિદ્ધિ પાછળની લાંબી અને સંઘર્ષમય યાત્રાનો ઉલ્લેખ કર્યો. ૨૦૧૮માં પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓએ શૈક્ષણિક પડકારો અને કોરોનાની પરિસ્થિતિઓનો સામનો કર્યો.

# અમદાવાદ જિલ્લા પંચાયતની ૩૪ બેઠકો માટે ભાજપે ઉમેદવારો જાહેર કર્યા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૦

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા તબક્કાવાર ઉમેદવારો જાહેર કરવામાં આવી રહ્યા છે. ભારતીય જનતા પાર્ટીએ હવે અમદાવાદ જિલ્લા પંચાયતના ઉમેદવારોની પસંદગી કરી છે. અમદાવાદ જિલ્લા પંચાયતની કુલ ૩૪ બેઠકો પર ઉમેદવાર જાહેર કર્યા છે. ભારતીય જનતા પાર્ટી દ્વારા તબક્કાવાર નગરપાલિકા, મહાનગર પાલિકા, તાલુકા અને જિલ્લા પંચાયતની બેઠકો માટે પોતાના ઉમેદવારોની જાહેરાત કરી રહ્યું છે. હવે અમદાવાદ જિલ્લા પંચાયતની તમામ બેઠકો માટે ઉમેદવારોના નામની જાહેરાત કરી છે.

### જિલ્લા પંચાયત સીટ અને ઉમેદવારની માહિતી

| ક્રમાંક | સીટનું નામ | ઉમેદવારનું નામ |
|---|---|---|
| ૧. | અસલાલી | લીલાબેન મહેશભાઈ સોનારા |
| ૨. | બદરખા | લક્ષ્મીબેન મુકેશભાઈ ઠાકોર |
| ૩. | ભુવાલડી | શીતલબેન હરેશભાઈ ઠાકોર |
| ૪. | ચાંગોદર | મહેશકુમાર મકાજી પરમાર |
| ૫. | ચેખલા | પુષ્પરાજસિંહ જીતેન્દ્રસિંહ વાઘેલા |
| ૬. | દેત્રોજ | રંજનબા નવુભા સોલંકી |
| ૭. | ધોલેરા | ભાવનાબેન રાજેશભાઈ ધારણી |
| ૮. | ગલસાણા | શીતલબેન મહેશભાઈ વડદરીયા |
| ૯. | ગાંગડ | દક્ષાબેન જગદીશભાઈ ડાભી |
| ૧૦. | ઘોડા | ભાવનાબેન જગદીશભાઈ વડલાણી |
| ૧૧. | હડાળા | સુરજીતસિંહ વખતસિંહ ગોહિલ |
| ૧૨. | હેબતપુર | સાગરભાઈ ગભુભાઈ સોલંકી |
| ૧૩. | કરકથલ | વિષ્ણુભાઈ ગટોરભાઈ જાદવ |
| ૧૪. | કાસીન્દ્રા | મધુબેન રમેશભાઈ ઠાકોર |
| ૧૫. | કૌકા | કનુભાઈ મંગાભાઈ ભરવાડ |
| ૧૬. | કાવિઠા | છાયાબેન જીતેન્દ્રસિંહ ચૌહાણ |
| ૧૭. | કોઠ | નિરુબેન ભરતસિંહ વેગડ |
| ૧૮. | કુહા | અશોકભાઈ ફતાભાઈ ખાંટ |
| ૧૯. | કુંજાડ | સુરેશભાઈ રમણભાઈ પટેલ |
| ૨૦. | માંડલ | ઈન્દુબેન મહેશભાઈ પટેલ |
| ૨૧ | માણકોલ | તરશીભાઈ નરશીભાઈ પરમાર |
| ૨૨ | મોડાસર | હેતલબેન અશોકભાઈ પરમાર |
| ૨૩ | મોરૈયા | મહેન્દ્રભાઈ વાલજીભાઈ પરમાર |
| ૨૪ | નાંદેજ | ભાવિબેન નીખિલભાઈ પટેલ |
| ૨૫ | નાનોદરા | ગીરીશભાઈ કેશુભાઈ ડાભી |
| ૨૬ | સચાણા | પ્રમોદભાઈ બળદેવભાઈ પટેલ |
| ૨૭ | સાથળ | નવીનભાઈ અરવિંદભાઈ વસાવા |
| ૨૮ | શાહપુર | સેજલબેન હસમુખભાઈ બખુડિયા |
| ૨૯ | શિયાળ | રમેશભાઈ જેસિંગભાઈ મકવાણા |
| ૩૦ | સીંગરવા | કુંજનસિંહ ગોવિંદસિંહ ચૌહાણ |
| ૩૧ | સીતાપુર | અમરસિંહ અણદાજી ઠાકોર |
| ૩૨ | સુંવાળા | શંભુભાઈ હરગોવનભાઈ પટેલ |
| ૩૩ | વટામણ | ભગવતીબેન કિશનભાઈ મકવાણા |
| ૩૪ | વિરોચનનગર | હંસાબેન હસમુખભાઈ જાદવ |

# હેબતપુર રોડ પર કારના ચાલકે બાઈકને ટક્કર મારતા ચાલકનું મોત

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૦

અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં આવેલા હેબતપુર રોડ પર શુક્રવારે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો.

પુરપાટ ઝડપે આવી રહેલી એક કારના ચાલકે બાઈક સવારને જોરદાર ટક્કર મારતા બાઈક ચાલકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. આ ઘટનાને પગલે આસપાસના રહીશો અને વાહનચાલકોના ટોળા ઉમટી પડ્યા હતા.

મળતી માહિતી મુજબ, હેબતપુર રોડ પર કાર અને બાઈક વચ્ચે ટક્કર એટલી ભીષણ હતી કે બાઈક ચાલક ગંભીર રીતે ઘાયલ થયો હતો અને ટૂંકી સારવાર મળે તે પહેલા જ તેણે દમ તોડ્યો હતો. અકસ્માત બાદ હાઈવે પર ટ્રાફિક જામના દ્રશ્યો પણ સર્જાયા હતા.

ઘટનાની જાણ થતા જ સ્થાનિક ટ્રાફિક પોલીસનો કાફલો સ્થળ પર દોડી આવ્યો હતો. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડ્યો છે અને અકસ્માત સર્જનાર કાર ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ અત્યારે આસપાસના CCTV ફૂટેજ પણ તપાસી રહી છે જેથી અકસ્માતનું સાચું કારણ જાણી શકાય.

### મૂળી-૨ બેઠક પરથી લડશે ચૂંટણી

# ભાજપમાં જોડાયાના ૨૪ કલાકમાં જ રાજુ કરપડાને મળી ટિકિટ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૦

સુરેન્દ્રનગર જિલ્લાના રાજકારણમાં એક મોટો ગરમાવો જોવા મળ્યો છે. તાજેતરમાં જ આમ આદમી પાર્ટીનો છેડો ફાડીને ભારતીય જનતા પાર્ટી (BJP)માં જોડાયેલા યુવા ખેડૂત નેતા રાજુ કરપડાને પક્ષ દ્વારા મોટી જવાબદારી સોંપવામાં આવી છે. ભાજપે તેમને આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે સુરેન્દ્રનગર જિલ્લા પંચાયતની મૂળી-૨ બેઠક પરથી પોતાના સત્તાવાર ઉમેદવાર તરીકે જાહેર કર્યા છે.

નોંધનીય છે કે રાજુ કરપડા ગઈકાલે જ વિધિવત રીતે ભાજપમાં જોડાયા હતા અને તેના ૨૪ કલાકમાં જ પક્ષે તેમના પર ભરોસો મૂકીને ટિકિટ એનાયત કરી દીધી છે. મૂળી-૨ બેઠક પરથી હવે તેઓ ભાજપના પ્રતિનિધિ તરીકે ચૂંટણી મેદાનમાં ઉતરશે.

# રાજ્યમાં આગામી દિવસોમાં ગરમીનું જોર વધશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૦

હવામાન વિભાગના ડાયરેક્ટરે જણાવ્યું છે કે, આગામી દિવસોમાં મહત્તમ તાપમાનમાં ૨થી ૪ ડિગ્રી સેલ્સિયસનો વધારો થશે. દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજવાળા પવન ફૂંકાશે. હવે રાજ્યમાં ગરમીનું જોર વધશે. આગામી ત્રણ દિવસ મહત્તમ તાપમાનમાં ૨-૩ ડિગ્રીમાં વધારો થશે. દરિયા કિનારાના જિલ્લાઓમાં બફારો રહેશે. છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ ભુજમાં ૩૭.૨ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. અમદાવાદમાં પણ આગામી દિવસોમાં ૩૮ ડિગ્રી તાપમાન રહેવાની શક્યતા છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે રાજ્યમાં આગામી દિવસોમાં તાપમાન વધશે. હવામાન વિભાગના ડાયરેક્ટર ડૉ.એ.કે.દાસના જણાવ્યા અનુસાર, આગામી દિવસોમાં રાજ્યમાં ગરમીનો પારો ૨થી ૪ ડિગ્રી વધશે. રાજ્યમાં આજથી ગરમીમાં વધારો થશે. આગામી દિવસોમાં વરસાદને લઈને કોઈ પ્રકારની આગાહી કરવામાં આવી નથી.

રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજવાળા પવન ફૂંકવાને કારણે અકળામણ અનુભવાશે. જોકે આજથી જ રાજ્યમાં ગરમીનો અનુભવ થવા લાગ્યો છે. રાજ્યમાં ગરમીનો પારો અતિશય વધી ગયો છે.

### ગુજરાત પ્રદેશ કોંગ્રેસના જનરલ સેક્રેટરી ચિરાગ શેખનો આક્ષેપ

# તસ્નીમઆલમ તિરમીઝીની રાજકીય કિન્નાખોરી રાખી ધરપકડ કરાઈ

અમદાવાદ, તા.૧૦

અમદાવાદના બહેરામપુરા વોર્ડના માજી કોર્પોરેટર તસ્લીમઆલમ તિરમીઝીની ખેડા પોલીસે ધરપકડ કરી છે. આ ધરપકડ રાજકીય કિન્નાખોરી રાખીને કરવામાં આવી છે. કારણ કે, A.M.C.ની ચૂંટણીઓ જાહેર થઈ છે. જેમાં બહેરામપુરા વોર્ડથી તસ્લીમઆલમ તિરમીઝી તેમજ એમના સાથી કાઉન્સિલરો વિસ્તારમાં લોકપ્રિય હોઈ કોંગ્રેસની પેનલ જીતે એવી છે. એને ધ્યાનમાં લઈ ભારતીયા જનતા પાર્ટી દ્વારા ૨૦૦૦ની સાલનો મહેસૂલ ખાતાનો જૂનો રેકોર્ડ કાઢી ૨૬ વર્ષ પછી ઉપરોકત તલાટીએ ફરિયાદ કરી છે. જેને લઈને ખેડા જિલ્લા L.C.B. બ્રાન્ચે ૨૬ વર્ષ પછી તસ્લીમઆલમ તિરમીઝીની ધરપકડ કરી છે. ૨૬ વર્ષ સુધી તલાટી મહેસૂલ ખાતુ તેમજ પોલીસ ઊંઘતી હતી અને અચાનક ચૂંટણી જાહેર થતાં આ કેસ કરવામાં આવ્યો છે. જે ચોખ્ખું દેખાઈ આવે છે. રાજકીય કિન્નાખોરી રાખી કેસ કરેલ છે. કારણ કે, બહેરામપુરા વોર્ડમાં કોંગ્રેસની પેનલ ના જીતે તે માટે ભારતીય જનતા પાર્ટીની સામ-દંડની નીતિ અપનાવવામાં આવી છે. એમ તસ્લીમઆલમ તિરમીઝીએ રૂબરૂ મુલાકાતમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના જનરલ સેક્રેટરી ચિરાગ શેખ અને મધ્ય ગુજરાત મુસ્લિમ સેવા સમાજના પ્રમુખ કરીમભાઈ મલેકને જણાવ્યું હતું એમ ચિરાગ શેખે તેમના નિવેદનમાં જણાવ્યું છે.

# ગુજરાતમાં નકલી પનીરના વેપલા પર તંત્રની લાલ આંખ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૦

રાજ્યમાં હોટેલ અને રેસ્ટોરન્ટમાં પીરસવામાં આવતા પનીર અને તેના એનાલોગ (વેજીટેબલ ફેટમાંથી બનતું પનીર જેવું તત્વ) બાબતે ગ્રાહકોના સ્વાસ્થ્યની રક્ષા કરવા રાજ્ય સરકારે કમર કસી છે.

મંત્રી પ્રફુલ પાનસેરિયાએ જણાવ્યું છે કે, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા છેલ્લા એક અઠવાડિયામાં રાજ્યવ્યાપી મેગા સ્પેશિયલ ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. તંત્ર દ્વારા રાજ્યભરમાં કુલ ૨,૫૨૭ હોટેલ અને રેસ્ટોરન્ટ્સ પર આકસ્મિક તપાસ કરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન ગંભીર બેદરકારી બદલ ૧૮ પેઢીઓને સીલ મારી દેવામાં આવ્યા છે, જ્યારે ૨૭૦ એકમોને કાયદેસરની નોટિસ ફટકારાઈ છે. આ ઝુંબેશમાં અંદાજે ૨,૮૪,૩૦૦નો દંડ વસૂલવામાં આવ્યો છે અને શંકાસ્પદ જણાયેલા ૭૦૩ કિલો અખાદ્ય જથ્થાનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો છે. મંત્રીએ મહત્ત્વની જાહેરાત કરતા કહ્યું કે, લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરતા ભેળસેળિયાઓ વિરૂદ્ધ કડક કાર્યવાહી કરવા માટે રાજ્ય સરકાર કેન્દ્ર સરકારમાં રજૂઆત કરશે અને 'ફૂડ સેફ્ટી એક્ટ'ના નિયમોમાં ફેરફાર લાવશે. હવે આ ડ્રાઈવ માત્ર તહેવારો પૂરતી મર્યાદિત નહીં રહે, પણ રોજબરોજ હાથ ધરવામાં આવશે. આ કામગીરીમાં પોલીસનો પણ પૂરતો સહયોગ મળી રહ્યો છે, જેમાં ખાસ કરીને સુરત SOG પોલીસની કામગીરીને મંત્રીએ બિરદાવી હતી. હાલમાં રાજ્યભરમાં ૩૨ ફૂડ સેફ્ટી વાન કાર્યરત છે જે સતત ચેકિંગ કરી રહી છે.

# કાસિન્દ્રામાં કારની સીટ પાછળ છુપાવેલો દારૂનો જથ્થો ઝડપાયો

### કારમાંથી દારૂની ૧૮૦ બોટલો મળી આવી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૦

અમદાવાદ ગ્રામ્યમાં અસલાલી પોલીસે બાતમીના આધારે દસ્ક્રોઈના કાસિન્દ્રા ગામ પાસેથી પસાર થતી એક કારમાંથી હેરાફેરી કરવામાં આવતો ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે દારૂ અને કાર સહિત કુલ ૨,૩૬,૦૦૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી એક આરોપીની ધરપકડ કરી છે, જ્યારે અન્ય બે ફરાર આરોપીઓને પકડવા કાર્યવાહી હાથ ધરી છે.

અસલાલી પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી, ત્યારે તેને બાતમી મળી હતી કે મોન્ટુ ચુનારા નામનો શખ્સ કાસિન્દ્રા સીમમાં રેલવે બ્રિજના નાળા પાસે વિદેશી દારૂ લઈને આવવાનો છે. આ બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી હતી. તે દરમિયાન કાસિન્દ્રા ગામ તરફના કાચા રસ્તા પરથી આવતી શંકાસ્પદ કારને અટકાવીને તપાસ કરતા, ડ્રાઈવર સીટ પર બેઠેલા ૨૮ વર્ષીય મહેશ ભવાનભાઈ ઠાકોરને ઝડપી લેવામાં આવ્યો હતો. કારની અંદર તપાસ કરતા પાછળની સીટ પર ચાર મીણિયાની થેલીઓ સંતાડેલી હાલતમાં મળી આવી હતી. આ થેલીઓ ખોલીને જોતા તેમાંથી દારૂની કુલ ૧૮૦ બોટલો મળી આવી હતી.

પોલીસે ઝડપેલા આરોપી મહેશ ઠાકોરની કડક પૂછપરછ કરતા તેણે જણાવ્યું હતું કે, આ દારૂનો જથ્થો કાસિન્દ્રામાં જ રહેતા મોન્ટુ ચુનારાનો છે. મોન્ટુના કહેવાથી જ તે આ દારૂ ભરેલી કાર રેલવે બ્રીજના નાળા પાસે લાવ્યો હતો, જ્યાંથી મોન્ટુ અને તેનો ફત્યો પપ્પુ ચુનારા આ માલ આગળ લઈ જવાના હતા.

પોલીસે સ્થળ પરથી કાર અને દારૂ મળીને કુલ ૨,૩૬,૦૦૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પકડાયેલા આરોપી મહેશ તેમજ હાજર નહીં મળેલા મોન્ટુ અને ફત્યા વિરૂદ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# માલ્ટાના વડાપ્રધાનના પત્ની ભાવનગરના યુવાનના વિચારોથી પ્રભાવિત થયા

## જયદીપ ૧૮ મહિનામાં ૨૦ દેશોની મુલાકાત લઈ ૧૨ કિલોમીટર ચાલીને ભારતમાં તેની યાત્રા પૂર્ણ કરશે

(સંવાદદાતા દ્વારા)

ભાવનગર, તા.૧૦

ભાવનગરનો એક ખેડૂત પુત્ર જયદીપ જ્યારે માલ્ટા ગયો ત્યારે ગ્રીસમાં યોજાયેલી ૨૬ દિવસીય કોન્ફરન્સમાં ગેસ્ટ અને પાર્ટિસિપન્ટ તરીકે જવાનો મોકો મળ્યો હતો. કોન્ફરન્સમાં ક્લાયમેટ ચેન્જ સહિતના ઘણા મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી. આ ચર્ચાએ જ જયદીપના મનમાં ક્લાયમેટ ચેન્જ વિશે જાગૃતિ લાવવા માલ્ટાથી ચાલીને ભારત આવવાના મિશનનો પાયો નાખ્યો હતો. હવે તે ૧૮ મહિનામાં ૨૦ દેશોની મુલાકાત લઈ ૧૨ હજાર કિલોમીટરની સફર ખેડીને ભારતમાં તેની યાત્રા પૂર્ણ કરશે. માલ્ટાના વડાપ્રધાન રોબર્ટ અબેલાના પત્ની લીડિયાએ ૨૧મી ફેબ્રુઆરીએ જયદીપના મિશનની શરૂઆત કરાવી હતી. આ દરમિયાન ભારતીય કોમ્યુનિટી અને ત્યાંના મોટા મોટા એથ્લિટ્સ પણ જોડાયા હતા. જે દિવસે જયદીપના મિશનની શરૂઆત થવાની હતી એ દિવસે સવારે વડાપ્રધાનના પત્નીએ જયદીપને ફોન કર્યો હતો અને કહ્યું હતું કે અમે તમારા ફ્લેગઓફમાં જોડાઈશું પણ બહું નહીં રોકાઈએ. જ્યારે તેઓ આવ્યા ત્યારે ૪૫ મિનિટ સુધી ત્યાં રોકાયા હતા. આ દરમિયાન તેમણે કહ્યું કે ક્લાયમેટ ચેન્જ માટે આ પ્રકારની ઝુંબેશ પહેલીવાર થઈ રહી છે. આ માટે અમે ગર્વ અનુભવીએ છીએ કે તમે માલ્ટાને પસંદ કર્યું. જ્યારે પણ ઈતિહાસમાં નામ લેવાશે ત્યારે માલ્ટાને પણ લોકો યાદ કરશે. આટલું કહીને વડાપ્રધાનના પત્ની જયદીપને ભેટી પડ્યા હતા.

# દાણીલીમડામાં મોપેડ અને લાખોની રોકડની ચોરી કરનાર બે શખ્સોને ક્રાઈમ બ્રાન્ચે દબોચ્યા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૦

શહેરના દાણીલીમડા વિસ્તારમાં બે દિવસ પહેલાં થયેલી લાખો રૂપિયાની ચોરીની ઘટનામાં ક્રાઈમ બ્રાન્ચને મોટી સફળતા મળી છે. પોલીસે ગણતરીના દિવસોમાં જ ચોરાયેલું વાહન અને રોકડ રકમ સહિત કુલ ૨.૫૦ લાખ રૂપિયાનો મુદ્દામાલ રિકવર કરી બે આરોપીઓની ધરપકડ કરી છે.

પ્રાપ્ત મળતી માહિતી અનુસાર, આ ઘટના સાતમી એપ્રિલ,૨૦૨૬ના રોજ રાત્રિના સમયે બની હતી. અજાણ્યા શખસો દાણીલીમડા વિસ્તારમાંથી એક મોપેડની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. મહત્વનું છે કે, આ મોપેડની ડેકીમાં ફરિયાદીનું પર્સ હતું, જેમાં લાખોની રોકડ રકમ રાખેલી હતી. આ અંગે દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં ચોરીનો ગુનો નોંધાયા બાદ ક્રાઈમ બ્રાન્ચે તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. ક્રાઈમ બ્રાન્ચની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે ચોરી કરનારા શખસો રિવરફ્રન્ટ વિસ્તારમાં ફરી રહ્યા છે. જેના આધારે નવમી એપ્રિલના રોજ સાંજે દાણીલીમડામાં આંબેડકર બ્રિજ પાસે આવેલા ધોબીઘાટ નજીકથી બે શખ્સોને આંતરવામાં આવ્યા હતા. પકડાયેલા આરોપીઓની ઓળખ ૨૯ વર્ષીય જાવેદ ઉર્ફે જાવલા ઉર્ફે રાજા ઐયુબભાઈ ઘોરી અને ૨૪ વર્ષીય અરબાઝ ઉર્ફે દાંતલા ઉર્ફે સોનુ ઈસ્માઈલભાઈ શેખ તરીકે થઈ છે. પોલીસે તેમની પાસેથી ચોરાયેલું એક્ટિવા, ૨,૦૫,૪૫૦ રૂપિયા રોકડા, પર્સ, ચશ્મા અને બે મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા ૨,૫૦,૪૫૦નો મુદ્દામાલ રિકવર કરી તેમને વધુ તપાસ માટે સ્થાનિક પોલીસને સોંપવાની કાર્યવાહી હાથ ધરી છે. ક્રાઈમ બ્રાન્ચે આરોપીઓની અટકાયત કરી મુદ્દામાલ રિકવર કર્યો છે અને વધુ તપાસ અર્થે તેમને દાણીલીમડા પોલીસને સોંપવાની તજવીજ હાથ ધરી છે. આ બંને આરોપીઓ અન્ય કોઈ ગુનામાં સંડોવાયેલા છે કે કેમ તે દિશામાં પણ પૂછપરછ કરવામાં આવી રહી છે.

# ઈરાને લેબેનોનમાં ઈઝરાયેલી હુમલાઓ અંગે અમેરિકાની વાટાઘાટો સ્થગિત કરી

(એજન્સી) તા.૧૦

ઈરાને શુક્રવાર, ૧૦ એપ્રિલે અમેરિકા (યુએસ) સાથે વાટાઘાટો સ્થગિત કરી દીધી છે, કારણ કે, લેબેનોન પર ઈઝરાયેલી હુમલાઓ તીવ્ર બની રહ્યા છે, જેના કારણે બે અઠવાડિયાના નાજુક યુદ્ધવિરામ પર દબાણ વધી રહ્યું છે અને વ્યાપક પ્રાદેશિક અસ્થિરતાની ચિંતા વધી રહી છે. ધ જેરૂસલેમ પોસ્ટ અનુસાર, જ્યાં સુધી ઈઝરાયેલ અને લેબેનોન વચ્ચે યુદ્ધવિરામ સુનિશ્ચિત ન થાય ત્યાં સુધી ચર્ચાઓ સ્થગિત કરવામાં આવી છે. પાકિસ્તાન દ્વારા મધ્યસ્થી કરાયેલ યુદ્ધવિરામ તેના ત્રીજા દિવસમાં પ્રવેશ્યો છે પરંતુ હજુ પણ વિવાદિત છે. તેહરાન આગ્રહ રાખે છે કે આ વ્યવસ્થા લેબનોન સુધી વિસ્તરે છે, જ્યારે ઈઝરાયેલી વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુએ કહ્યું હતું કે, 'લેબેનોનમાં કોઈ યુદ્ધવિરામ નથી'. શુક્રવારે દક્ષિણ લેબેનોનમાં ઈઝરાયેલી હુમલાઓ નોંધાયા હતા, જેનાથી પહેલાથી જ નાજુક યુદ્ધવિરામ પર વધુ ભાર પડ્યો હતો અને તેના ચાલુ રહેવા અંગે અનિશ્ચિતતા વધી હતી. ઈરાનના હુમલાઓથી ગલ્ફમાં યુએસ બેઝને નુકસાન : રિપોર્ટ ઈરાની જવાબી હુમલાઓને કારણે ગલ્ફમાં યુએસ બેઝને નોંધપાત્ર નુકસાન થયું છે, જેના કારણે તેમની કાર્યકારી ક્ષમતામાં ઘટાડો થયો છે અને તેમની વ્યૂહાત્મક અસરકારકતા અંગે ચિંતા વધી છે, એમ મિડલ ઈસ્ટ આઈ (MEE)ના અહેવાલમાં જણાવાયું છે. ભારતીય વિદેશ પ્રધાન એસ. જયશંકર અને જાપાની વિદેશ પ્રધાન તોશિમિત્સુ મોટેગીએ પશ્ચિમ એશિયામાં પરિસ્થિતિને સ્થિર કરવામાં અને અવિરત ઊર્જા પુરવઠો સુનિશ્ચિત કરવામાં મદદ કરવા માટે સહયોગને વધુ ગાઢ બનાવવાની તેમની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરી છે. એક નિવેદનમાં, જાપાનના વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, બંને પક્ષોએ હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા આંતરરાષ્ટ્રીય શિપિંગ અંગેની ચિંતાઓ વચ્ચે 'પરિસ્થિતિને શાંત કરવા અને સ્થિર ઉર્જા પુરવઠો સુનિશ્ચિત કરવા માટે ગાઢ સહયોગ કરવાની તેમની પ્રતિબદ્ધતાની પુષ્ટિ કરી છે.' કોલ પછી X પરની એક પોસ્ટમાં જયશંકરે જણાવ્યું હતું કે, બંને મંત્રીઓએ દરિયાઈ સુરક્ષા સહિત પ્રાદેશિક વિકાસની ચર્ચા કરી હતી. તેમણે ચાલુ સંઘર્ષમાં ભારતીયોના જાનહાનિ પર મોટેગીના શોક માટે પણ પ્રશંસા વ્યક્ત કરી હતી. અલ જઝીરાના જણાવ્યા અનુસાર, દેશની બેંક કોઓર્ડિનેશન કાઉન્સિલે શનિવારથી ઈરાનમાં તમામ બેંક શાખાઓ સંપૂર્ણ કામગીરી ફરી શરૂ કરશે. આ પગલું દેશભરમાં લાગુ થશે, જેમાં બેંક મુખ્યાલય અને તેહરાનમાં મુખ્ય એકમોનો સમાવેશ થાય છે, જે તાજેતરના વિક્ષેપો પછી સામાન્ય બેંકિંગ પ્રવૃત્તિમાં પાછા ફરવાનો સંકેત આપે છે. ઈન્ડોનેશિયાના યુએન રાજદૂત ઉમર હાદીના નેતૃત્ત્વમાં ડઝનબંધ દેશોના રાજદૂતોએ 'UNIFIL સામે સતત હુમલાઓની સૌથી કડક શબ્દોમાં' નિંદા કરતા સંયુક્ત નિવેદન બહાર પાડ્યું અને ત્રણ ઈન્ડોનેશિયન શાંતિ રક્ષકોના મોતને ભેટેલા હુમલાઓની નિંદા કરી. આ નિવેદનમાં, દક્ષિણ લેબનોનમાં તાજેતરના હુમલાઓમાં ફ્રાન્સ, ઘાના, ઈન્ડોનેશિયા, નેપાળ અને પોલેન્ડના શાંતિ રક્ષકોને ઈજાઓ થવાનો પણ અહેવાલ છે. દેશોએ



માનવતાવાદી પરિસ્થિતિ પર ઊંડી ચિંતા વ્યક્ત કરી, જેમાં નોંધપાત્ર નાગરિક જાનહાનિ, માળખાગત સુવિધાઓનો વ્યાપક વિનાશ અને દસ લાખથી વધુ લોકોના વિસ્થાપનનો ઉલ્લેખ કરવામાં આવ્યો. ઈરાને પાકિસ્તાનમાં વાટાઘાટકારો મોકલવાનો ઈન્કાર કર્યો છે ઈરાને એવા અહેવાલોને નકારી કાઢ્યા છે કે તેણે અમેરિકા સાથે વાટાઘાટો માટે પાકિસ્તાનમાં વાટાઘાટકારો મોકલ્યા છે, જેમાં ધ વોલ સ્ટ્રીટ જરનલનો અહેવાલ પણ સામેલ છે. રાજ્ય પ્રસારણકર્તા પ્રેસ ટીવીએ તસ્નીમ ન્યૂઝ એજન્સીને ટાંકીને કહ્યું કે, જ્યાં સુધી લેબેનોનમાં ઈઝરાયેલી હુમલા બંધ ન થાય અને વોશિંગ્ટન યુદ્ધવિરામ હેઠળ તેની પ્રતિબદ્ધતાઓ પૂર્ણ ન કરે ત્યાં સુધી કોઈપણ સંભવિત વાતચીત સ્થગિત રહેશે.

તસ્નીમ દ્વારા ટાંકવામાં આવેલા એક વરિષ્ઠ અધિકારીએ ઈરાની પ્રતિનિધિમંડળના ઈસ્લામાબાદ પહોંચવાના અહેવાલોને 'સંપૂર્ણપણે ખોટા' ગણાવ્યા. દરમિયાન, ફાર્સ ન્યૂઝ એજન્સીએ પણ દાવાઓને નકારી કાઢ્યા અને કહ્યું કે, લેબેનોનમાં યુદ્ધવિરામ સ્થાપિત ન થાય ત્યાં સુધી ઈરાનની અમેરિકા સાથે વાટાઘાટો કરવાની કોઈ યોજના નથી.

પાકિસ્તાન ઈસ્લામાબાદ વાટાઘાટોના પ્રતિનિધિઓ માટે વિઝા-ઓન-અરાઈવલ ઓફર કરે છે પાકિસ્તાનના વિદેશ પ્રધાન ઈશાક ડારે કહ્યું કે, ઈરાન-યુએસ યુદ્ધવિરામ પર વાટાઘાટો માટે ઈસ્લામાબાદ જઈ રહેલા ભાગ લેનારા દેશોના પત્રકારો સહિત તમામ પ્રતિનિધિઓને આગમન પર વિઝા આપવામાં આવશે. X પર એક પોસ્ટમાં, ડારે કહ્યું કે, પાકિસ્તાન 'ઈસ્લામાબાદ ટોક્સ ૨૦૨૬'ના સહભાગીઓનું સ્વાગત કરે છે અને એરલાઈન્સને અગાઉથી વિઝા વિના બોર્ડિંગની મંજૂરી આપવા કહ્યું છે.

# ઈઝરાયેલી બોમ્બમારાથી ૩૦૦ લોકોનાં મોત બાદ નેતાન્યાહુએ લેબેનોન શાંતિ વાટાઘાટો માટે સંકેત આપ્યો

(એજન્સી) બૈરૂત, તા.૧૦

ઈઝરાયેલી વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુએ ગુરૂવારે જણાવ્યું હતું કે, તેઓ બેરૂત સાથે સીધી વાટાઘાટો કરવા માંગે છે, યુદ્ધના સૌથી ખરાબ બોમ્બમારાથી લેબેનોનમાં ૩૦૦થી વધુ લોકો માર્યા ગયા અને ડોનાલ્ડ ટ્રમ્પના યુએસ-ઈરાન યુદ્ધવિરામને જોખમમાં મૂક્યાના એક દિવસ પછી. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના એક અધિકારીએ જણાવ્યું હતું કે, તેઓ ઈઝરાયેલ અને લેબેનોન વચ્ચે વાટાઘાટોની ચર્ચા કરવા માટે આવતા અઠવાડિયે વોશિંગ્ટનમાં એક બેઠકનું આયોજન કરશે. ટ્રમ્પે મંગળવારે મોડી રાત્રે છ અઠવાડિયા જૂના ઈરાન સંઘર્ષમાં યુદ્ધવિરામની જાહેરાત કરી, જે સમયમર્યાદાના થોડા કલાકો પહેલા જ તેમણે ઈરાનની સમગ્ર સંસ્કૃતિનો નાશ કરવાની ધમકી આપી હતી. પાકિસ્તાનમાં, અધિકારીઓ યુએસ-ઈરાન વાટાઘાટોના પ્રથમ રાઉન્ડની તૈયારી કરી રહ્યા હતા, રાજધાની ઈસ્લામાબાદને તાળાબંધી કરી હતી. પરંતુ એવા કોઈ સંકેત નહોતા કે ઈરાન હોર્મુઝ સ્ટ્રેટ પરનો તેનો લગભગ સંપૂર્ણ નાકાબંધી હટાવી રહ્યું છે, જેના કારણે ઈતિહાસમાં વૈશ્વિક ઊર્જા પુરવઠામાં સૌથી ખરાબ વિક્ષેપ પડ્યો છે, લેબેનોન પર ઈઝરાયેલના ચાલુ હુમલાઓને મુખ્ય મુદ્દો તરીકે ટાંકવામાં આવ્યા છે. યુદ્ધવિરામના પહેલા ૨૪ કલાકમાં ફક્ત એક જ તેલ ઉત્પાદનોનું ટેન્કર અને પાંચ ડ્રાય બલ્ક કેરિયર્સ એક એવી સ્ટ્રેટમાંથી પસાર થયા જ્યાં સામાન્ય રીતે યુદ્ધ પહેલા એક દિવસ માટે ૧૪૦ જહાજો રહેતા હતા, જે વિશ્વના તેલ અને પ્રવાહી કુદરતી ગેસના પ્રવાહનો લગભગ પાંચમો ભાગ હતો. નેતાન્યાહૂ, જેમની સરકારે ગયા મહિને લેબેનોન સાથે સીધી વાટાઘાટો માટેની ઐતિહાસિક ઓફરને નકારી કાઢી હતી, તેમણે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, તેમણે શક્ય તેટલી વહેલી તકે શાંતિ વાટાઘાટો શરૂ કરવા સૂચનાઓ આપી છે, જેમાં ઈરાન-જોડાણ ધરાવતા આતંકવાદી જૂથ હિઝબુલ્લાહને નિઃશસ્ત્ર કરવાનો પણ સમાવેશ થશે. 'ઈઝરાયેલ સાથે સીધી વાટાઘાટો શરૂ કરવા માટે લેબેનોનની વારંવારની વિનંતીઓને ધ્યાનમાં રાખીને, મેં ગઈકાલે મંત્રીમંડળને શક્ય તેટલી વહેલી તકે લેબેનોન સાથે સીધી વાટાઘાટો શરૂ કરવા સૂચના આપી હતી,' તેમણે કહ્યું. 'વાટાઘાટો હિઝબુલ્લાહને નિઃશસ્ત્ર કરવા અને ઈઝરાયેલ અને લેબેનોન વચ્ચે શાંતિપૂર્ણ સંબંધો સ્થાપિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.' નેતાન્યાહૂના નિવેદનના એક કલાક પહેલા લેબેનોનના રાષ્ટ્રપતિ જોસેફ આઉને કહ્યું હતું કે, તેઓ આ બાબતે રાજદ્વારી માર્ગ પર કામ કરી રહ્યા છે જેને આંતરરાષ્ટ્રીય કલાકારો દ્વારા 'સકારાત્મક' રીતે જોવાનું શરૂ થયું છે. હિઝબુલ્લાહના ધારાસભ્ય અલી ફૈયાદે કહ્યું કે, જૂથે ઈઝરાયેલ સાથે સીધી વાટાઘાટોને નકારી કાઢી હતી અને લેબનીઝ સરકારે



આગળના પગલાં માટે પૂર્વશરત તરીકે યુદ્ધવિરામની માગણી કરવી જોઈએ. ઈઝરાયેલ જેણે ગયા મહિને ઈરાન પર યુદ્ધની સમાંતર હિઝબુલ્લાહને જડમૂળથી ઉખેડી નાખવા માટે લેબેનોન પર આક્રમણ કર્યું હતું, તે કહે છે કે, ત્યાં તેની ક્રિયાઓ ટ્રમ્પના યુદ્ધવિરામ દ્વારા આવરી લેવામાં આવતી નથી. વોશિંગ્ટને એમ પણ કહ્યું છે કે, લેબેનોન યુદ્ધવિરામ દ્વારા આવરી લેવામાં આવતું નથી, પરંતુ ઈરાન અને પાકિસ્તાન, જેમણે મધ્યસ્થી તરીકે કામ કર્યું હતું. લેબેનોનના રાજ્ય મીડિયાએ જણાવ્યું હતું કે, ઈઝરાયેલે ગુરૂવારે બેરૂતના દક્ષિણ ઉપનગરો અને દેશના અન્ય ભાગો પર બોમ્બમારો ચાલુ રાખ્યો હતો. તેણે બેરૂતના બહારના વિસ્તારો માટે ખાલી કરાવવાના આદેશો પણ બેરૂત એરપોર્ટ નજીકના વિસ્તારો અને અનેક વિસ્થાપન આશ્રયસ્થાનો સુધી વિસ્તૃત કર્યા. હિઝબુલ્લાહે ગુરૂવારે ઓછામાં ઓછા ૨૦ લશ્કરી કાર્યવાહીની જાહેરાત કરી અને કહ્યું કે, તેણે લેબનીઝ પ્રદેશ પર ઈઝરાયેલી વાહનોને નિશાન બનાવ્યા છે તેમજ ઉત્તર ઈઝરાયેલમાં ગોળીબાર કર્યો છે. એએફપીના અહેવાલ મુજબ, ઈઝરાયેલના સેના પ્રમુખ એયાલ ઝમીરે ગુરૂવારે દક્ષિણ લેબેનોનમાં ભૂમિ સૈનિકોની મુલાકાત લીધી હતી અને તેમને જણાવ્યું હતું કે, એક દિવસ પહેલા ઈરાન સમર્થિત જૂથ પર કરવામાં આવેલા મોટા બોમ્બમારાથી હિઝબુલ્લાહને 'ભારે ફટકો' પડ્યો છે. 'જ્યારે તમે મોરચે કાર્યરત અને આગળ વધી રહ્યા હતા, ત્યારે ગઈકાલે અમે હિઝબુલ્લાહને ભારે અને શક્તિશાળી ફટકો આપ્યો હતો. તેઓ દહિયાહ છોડીને અન્ય સ્થળોએ ગયા જ્યાંથી તેઓ લડાઈનું સંચાલન કરતા હતા,' તેમણે સૈનિકોને કહ્યું.

# ટ્રમ્પની નેતાન્યાહુને વિનંતી છતાં ઈઝરાયેલના લેબેનોનના બે શહેરો પર હવાઈ હુમલા

**યુએસ ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સ વોશિંગ્ટનથી ઉડાન ભરવાના હતા, જ્યારે ઈરાન હજુ પણ લેબેનોનમાં ઈઝરાયેલી હુમલાઓ રોકવા માટે વોશિંગ્ટન પર દબાણ લાવવાનો પ્રયાસ કરી રહ્યો હતો, જેના કારણે ઈરાન હજુ પણ તેની ટીમ પર મૌન રહ્યું**

(એજન્સી) બેરૂત, તા.૧૦

ઈઝરાયેલી જેટ્સે ઓછામાં ઓછા બે લેબેનોની શહેરો પર હવાઈ હુમલા કર્યા, જેનાથી ઈરાન અને યુનાઈટેડ સ્ટેટ્સ વચ્ચેના નાજુક યુદ્ધવિરામને ખતરો છે. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈઝરાયેલી વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુને લેબેનોન પર હુમલાઓ 'પાછા ખેંચવા' કહ્યું તે પછી થોડા સમય માટે આ નવા હુમલા કરવામાં આવ્યા.

મમતા બેનરજીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની માછલી ઉત્પાદન અંગેની ટિપ્પણી પર આકરા પ્રહારો કર્યા. ઉત્તર ૨૪ પરગણા જિલ્લાના પલટામાં એક જાહેર સભાને સંબોધતા, મમતાએ વડા પ્રધાનને પોતાનો ખંડન કર્યો. તેમણે કહ્યું, ''તેઓ 'સોનાર બાંગ્લા' (ગોલ્ડન બંગાળ) બનાવવાની વાત કરે છે. છતાં, આજે હલ્દિયામાં, તેમણે દાવો કર્યો હતો કે બંગાળમાં માછલીનું ઉત્પાદન ઓછું છે. પરંતુ શું તેમણે ઉલ્લેખ કર્યો કે બિહાર, યુપી અને રાજસ્થાન જેવા રાજ્યોમાં, તેઓ પોતે લોકોને માછલી ખાવા દેતા નથી ? દિલ્હીમાં, માછલી અને માંસ વેચતી દુકાનો પર હુમલા થાય છે. તેઓ બંગાળી ભાષીઓને પણ પોતાને વ્યક્ત કરવા દેતા નથી.'' મમતા બેનરજીએ આગળ કહ્યું, ''તમને શરમ નથી ? અને છતાં, તમે અહીં બંગાળમાં માછલી ઉત્પાદન પર ભાષણ આપવા આવો છો ? પહેલા આપણે હૈદરાબાદથી માછલી આયાત કરતા હતા, પરંતુ હવે, અહીં ખાવામાં આવતી ૮૦ ટકા માછલી સ્થાનિક સ્તરે ઉત્પન્ન થાય છે. તેમને બંગાળના માછલી ઉત્પાદનની ચિંતા કરવાની કોઈ જરૂર નથી.'' મમતાએ ભારપૂર્વક કહ્યું : ''પહેલા, સમજાવો કે બંગાળીઓને અન્ય રાજ્યોમાં માછલી કે માંસ ખાવાથી કેમ રોકવામાં આવે છે. હું એવું સૂચન નથી કરી રહી કે દરેક વ્યક્તિએ માંસાહારી ખોરાક લેવો જોઈએ...'' ... જરૂરી છે, પરંતુ આહારની આદતો દરેક વ્યક્તિની વ્યક્તિગત પસંદગીનો વિષય રહેવી જોઈએ. મુખ્યમંત્રીએ તેમની સરકારની સિદ્ધિઓનો પણ ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું, ''પહેલાં, અમે ફક્ત નાની જાતની માછલીઓ ખાતા હતા; જોકે, કૃષિ વિભાગના નેજા હેઠળ, અમે હવે બધા જળાશયોમાં માછલી ઉછેર શરૂ કર્યો છે. આ પહેલ લગભગ ૪-૫ વર્ષ પહેલાં શરૂ કરવામાં આવી હતી. ભૂતકાળમાં હૈદરાબાદથી ઈંડા મેળવવામાં આવતા હતા, પરંતુ ત્યારથી અમે મરઘીઓ અને બતકો માટે મરઘાં ફાર્મ સ્થાપ્યા છે અને હવે, અહીં વપરાતા ૯૦ ટકા ઈંડા સ્થાનિક રીતે ઉત્પન્ન થાય છે. તેવી જ રીતે, ડુંગળી નાસિકથી મેળવવામાં આવતી હતી, પરંતુ હવે તે રાજ્યમાં ઉગાડવામાં આવે છે - ખાસ કરીને મુર્શિદાબાદ, માલદા, પુરુલિયા અને બીરભૂમમાં.'' મતદાર યાદીના ખાસ સઘન સુધારા અંગે મમતા બેનર્જીએ કેન્દ્ર સરકાર પર પણ આકરા પ્રહારો કર્યા. તેમણે આરોપ લગાવ્યો કે ૯૦ લાખ (૯૦ લાખ)થી વધુ મતદારોના નામ યાદીમાંથી કાઢી નાખવામાં આવ્યા છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ''તેઓએ આ નામો એટલા માટે કાઢી નાખ્યા કારણ કે તેઓ બંગાળ જીતવા માંગતા હતા. હું વિરોધમાં રસ્તા પર ઉતરી અને કોર્ટનો સંપર્ક કર્યો; પરિણામે, હું ૩૨ લાખ (૩૨ લાખ) નામો પુનઃસ્થાપિત કરવામાં સફળ રહી. હું બાકીના નામોને પણ પુનઃસ્થાપિત કરવાની ખાતરી કરીશ. જેમના નામ હાલમાં યાદીમાંથી ગુમ છે તેઓએ ટ્રિબ્યુનલમાં અરજી દાખલ કરવી જોઈએ. જોકે, મને ખાતરી નથી કે તેઓ ચૂંટણીના પ્રથમ તબક્કા દરમિયાન મતદાન કરી શકશે કે નહીં. મારો દૃઢ સંકલ્પ છે કે, કોઈ પણ વ્યક્તિના ધાર્મિક જોડાણ કે રાજકીય વિચારધારાને ધ્યાનમાં લીધા વિના, દરેક વ્યક્તિના મતદાનના અધિકારનું રક્ષણ થવું જોઈએ.''

# મોહમ્મદ દીપકના પગલે હવે રાજસ્થાનમાં એક હિન્દુ યુવાને મુસ્લિમ વિરોધી નફરતનો પ્રતિકાર કર્યો

## ચુરુના દૂધવાખારામાં એક કાર્યક્રમમાં હિન્દુત્વના સમર્થક દ્વારા મુસ્લિમોને મારવાનું ખુલ્લેઆમ આહ્‌વાન કરવામાં આવતા વિક્કી દુધવાએ માઈક્રોફોન છીનવી લીધું હતું

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

ઉત્તરાખંડના કોટદ્વારના જીમ માલિક મોહમ્મદ દીપકની જેમ હવે, રાજસ્થાનના ચુરુમાં એક હિન્દુ યુવાને બુધવારે એક હિન્દુત્વ સંગઠનના સભ્યો દ્વારા આપવામાં આવેલા મુસ્લિમ વિરોધી ભાષણમાં વિક્ષેપ પાડ્યો હતો. આ હિન્દુ યુવાન, જેનું નામ વિક્કી દુધવા છે, તેણે માઈક્રોફોન એવા સમયે છીનવી લીધો હતો જ્યારે હિન્દુત્વના સમર્થક મુસ્લિમ સમુદાય વિશે નફરત ફેલાવી રહ્યો હતો. વિક્કીએ કહ્યું કે જ્યારે વક્તાએ ખુલ્લેઆમ મુસ્લિમોને મારવાનું આહ્વાન કર્યું ત્યારે તે ગુસ્સે થયો હતો. કાર્યક્રમમાં હાજર અન્ય લોકોએ પણ હિન્દુ-મુસ્લિમ ભાઈચારાના નોંધપાત્ર પ્રદર્શનમાં વિક્કીને ટેકો આપ્યો હતો. આ ઘટનાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, જેની વ્યાપક પ્રશંસા થઈ રહી છે.

મોહમ્મદ દીપક, જેનું મૂળ નામ દીપક કુમાર છે, તેમણે આ વર્ષની શરૂઆતમાં એક વૃદ્ધ મુસ્લિમ દુકાનદારને જમણેરી કાર્યકરો દ્વારા હેરાનગતિથી બચાવવા બદલ રાષ્ટ્રીય સ્તરે ધ્યાન ખેંચ્યું હતું. જ્યારે તેમને પડકારવામાં આવ્યા ત્યારે તેમણે પોતાને ''મોહમ્મદ દીપક'' તરીકે ઓળખાવ્યા હતા, અને સાંપ્રદાયિકતા સામેના આ વિરોધના કૃત્યને કારણે તેમને વ્યાપક સમર્થન મળ્યું, સાથે સાથે સ્થાનિક પ્રતિક્રિયા અને હૈંઇ નો પણ સામનો કરવો પડ્યો હતો.

ભારત તેની વિવિધતા માટે વિશ્વભરમાં પ્રખ્યાત છે, અને દેશની ''વિવિધતામાં એકતા''ને ઉદાહરણ તરીકે ટાંકવામાં આવે છે. જો કે, ૧૯૧૪માં વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની ભારતીય જનતા પાર્ટી (BJP) સરકાર સત્તા સંભાળ્યા પછી દેશમાં સાંપ્રદાયિક તણાવ વધ્યો છે. રાજ્યના સહયોગથી અનેક હિન્દુત્વવાદી સંગઠનો સતત હિન્દુઓ અને મુસ્લિમો વચ્ચે દુશ્મનાવટ ફેલાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. પરિસ્થિતિ એવી છે કે ગૌ તસ્કરી, 'જમીન જેહાદ', 'લવ જેહાદ' અને 'થૂંક જેહાદ' જેવા આરોપો દ્વારા લઘુમતીઓને હિંસાનો શિકાર બનાવવામાં આવી રહ્યા છે. વિવિધ વિસ્તારોમાં વેપારના નામે ઘણા તહેવારો અને વ્યવસાયોનો બહિષ્કાર કરવાની પણ અપીલ કરવામાં આવી છે.



જોકે, તાજેતરના દિવસોમાં, મોહમ્મદ દીપક જેવા કેટલાક લોકો સામે આવ્યા છે જેમણે પોતાના જીવની પરવા કર્યા વિના, સમાજમાં નફરત ફેલાવનારાઓને યોગ્ય જવાબ આપ્યો છે. ચુરુમાં, વિકી દુધવા દ્વારા સાંપ્રદાયિક સૌહાર્દનું આવું જ ઉદાહરણ સ્થાપિત કરવામાં આવ્યું હતું.

મુસ્લિમો વિરુદ્ધ હિન્દુત્વના ઉપદ્રવને અટકાવતા, વિક્કીએ હિન્દુ-મુસ્લિમ વિભાજન બનાવવાના કોઈપણ પ્રયાસ સામે ચેતવણી આપી. વધુમાં, તેમણે હાજર રહેલા અને નફરતભર્યા ભાષણને ટેકો આપનારાઓને કાર્યક્રમ છોડી દેવાની અપીલ કરી. વિકીનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાંની સાથે જ લોકોએ તેમના કાર્યની પ્રશંસા કરી હતી.

અહેવાલો અનુસાર, ચુરુમાં દૂધવાખરા કાર્યક્રમ ગાયોના રક્ષણ અને અપંગ, ઘાયલ અને અકસ્માતગ્રસ્ત ગાયોની સંભાળ રાખવા અંગે જાગૃતિ લાવવાનો હતો. આ કાર્યક્રમ માટે વિવિધ સમુદાયોના લોકો મોટી સંખ્યામાં એકઠા થયા હતા. સભાને સંબોધિત કરતી વખતે, યોગી નામના એક યુવકે, જે એક હિન્દુ સંગઠનનું પ્રતિનિધિત્વ કરે છે, તેણે સ્ટેજ પરથી એક વિવાદાસ્પદ નિવેદન આપ્યું, જેમાં તેમણે જાહેરાત કરી, ''હું દેશની બધી મસ્જિદોમાં હનુમાન ચાલીસાનો પાઠ કરાવીશ. હું દિલ્હી જઈશ અને મુસ્લિમોને મારી નાખીશ.'' તેમણે પોતાના સંબોધન દરમિયાન અન્ય ઘણા વિવાદાસ્પદ નિવેદનો પણ આપ્યા હોવાનું કહેવાય છે.

એવા સમયે આ માઈક્રોફોન તેના હાથમાંથી લઈને વિકીએ કહ્યું, ''હું આ ભાઈના વિચારો સાથે સહમત નથી. હું જે શહેરમાં રહું છું ત્યાં હિન્દુઓ અને મુસ્લિમો સુમેળમાં રહે છે. હું આ પ્રકારની વિચારધારાનો સખત વિરોધ કરું છું. વિકીના વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ હોબાળો મચી ગયો. ઘણા યુઝર્સ તેને હિન્દુ-મુસ્લિમ ભાઈચારો અને ગંગા-જમુની તહઝીબ (સંયુક્ત સંસ્કૃતિ)નું અદ્ભુત ઉદાહરણ કહી રહ્યા છે, તો ઘણા હિન્દુ સંગઠનો ગુસ્સે ભરાયા છે. તેમણે વીડિયો જારી કરીને વિકી દુધવાને ધમકી આપવાનું શરૂ કર્યું છે. આ વિશે પૂછવામાં આવતા, વિકી દુધવાએ કહ્યું, ''હું આવા લોકોથી ડરતો નથી. હિન્દુ-મુસ્લિમ ભાઈચારો વિશે મારી વાત અને તેમના નિવેદનના વિરોધ પછી, એવી પ્રબળ શક્યતા છે કે તેઓ કંઈક કરશે.

વિકીએ કહ્યું હતું કે કાર્યક્રમમાં લગભગ ૫,૦૦૦ હિન્દુ ભાઈઓ અને લગભગ અડધા મુસ્લિમો હતા. ''આપણે એવા લોકોથી કેવી રીતે દૂર રહી શકીએ જેઓ વર્ષોથી આટલા પ્રેમથી જીવ્યા છે?'' વિકીએ કહ્યું કે તે માનવતામાં માને છે. હિન્દુ અને મુસ્લિમ સહિત બધા ધર્મના લોકો ભાઈઓ છે, અને હું સાચો હિન્દુ છું અને વસુધૈવ કુટુમ્બકમમાં માનું છું.

# આસામમાં ૮૫.૫૧% મતદાન; લઘુમતી પ્રભુત્વ ધરાવતા મતવિસ્તારોમાં ૯૦%થી વધુ મતદાન

## ગુરુવારે યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં આસામમાં ૮૫.૫૧% મતદાન નોંધાયું છે, જેમાં શ્રીજંગરામ ૯૫.૮૨% અને નવી ગુવાહાટીમાં ૭૨.૧૦% મતદાન થયું છે. વરસાદ હોવા છતાં ૧૨૬ મતવિસ્તારોમાં ૨.૪૯ કરોડથી વધુ મતદારોએ ભાગ લીધો. સીઈઓ અનુરાગ ગોયલે મતદારોની પ્રતિબદ્ધતાની પ્રશંસા કરી અને ભાજપે ''ઐતિહાસિક'' મતદાન ગણાવ્યું છે. ઘણી લઘુમતી પ્રભુત્વ ધરાવતી બેઠકો પર મતદાન ૯૦%ને વટાવી ગયું, જે સમગ્ર રાજ્યમાં મજબૂત જોડાણ દર્શાવે છે

(એજન્સી) ગુવાહાટી, તા.૧૦

ગુરુવારે એક તબક્કામાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં આસામમાં ૮૫.૫૧ ટકા મતદાન નોંધાયું હતું, જેમાં રાજ્યભરમાં વરસાદ અને વાદળછાયા વાતાવરણ છતાં લોકો મોટી સંખ્યામાં મતદાન કરવા માટે આવ્યા હતા. મતદાન સવારે ૭ વાગ્યે શરૂ થયું હતું અને દિવસભર સતત ચાલુ રહ્યું. મતદાન સવારે ૯ વાગ્યે ૧૭.૮૭ ટકાથી વધીને ૧૧ વાગ્યે ૩૮.૯૨ ટકા થયું હતું, જે બપોરે ૧ વાગ્યે ૫૯.૬૩ ટકા અને બપોરે ૩ વાગ્યા સુધીમાં ૭૫.૯૧ ટકા થયું હતું. મતદાન પૂર્ણ થતાં સુધીમાં, ઘણા મતવિસ્તારો અને જિલ્લાઓમાં ખૂબ જ ઊંચી ભાગીદારી નોંધાઈ હતી, જે મતદારોની મજબૂત ભાગીદારી દર્શાવે છે.

શ્રીજંગગ્રામમાં સૌથી વધુ ૯૫.૮૨ ટકા મતદાન થયું હતું, જ્યારે ન્યૂ ગુવાહાટીમાં સૌથી ઓછું ૭૨.૧૦ ટકા મતદાન થયું હતું. દિસપુર મતવિસ્તારમાં ૭૪.૮૯ ટકા મતદાન થયું હતું. જિલ્લાઓમાં, દક્ષિણ સલમારામાં સૌથી વધુ ૯૫.૩૭ ટકા મતદાન થયું હતું, જ્યારે કામરૂપ મેટ્રોમાં સૌથી ઓછું ૭૭.૩૫ ટકા મતદાન થયું હતું.

લઘુમતી પ્રભુત્વ ધરાવતા મતવિસ્તારોમાંથી એક નોંધપાત્ર વલણ સામે આવ્યું છે, જ્યાં ઘણી બેઠકો પર મતદાન ૯૦ ટકાથી વધુ થયું છે. દાલગાંવમાં ૯૪.૫૭ ટકા, શ્રીજંગરામમાં ૯૪.૩૩ ટકા, જલેશ્વરમાં ૯૪.૩૧ ટકા, ચેંગામાં ૯૩.૮૩ ટકા, માંડિયામાં ૯૨.૪૫ ટકા, પક્કાબેટબારીમાં ૯૩.૨૪ ટકા, સામગુરીમાં ૯૧.૩૧ ટકા, પૂર્વ ગોલપરામાં ૯૨.૭૯ ટકા, પરબતઝોરામાં ૯૦.૪૯ ટકા, દરંગમાં ૯૦.૩૪ ટકા, રૂપાહીહાટમાં ૯૨.૭૪ ટકા અને અભયપુરીમાં ૯૦.૨૮ ટકા મતદાન થયું છે. જિલ્લાવાર આંકડાઓ પણ મજબૂત ભાગીદારી દર્શાવે છે, જેમાં બારપેટામાં ૯૧ ટકા અને બોંગાઈગાંવમાં ૯૧.૭૭ ટકા મતદાન નોંધાયું હતું, જ્યારે બજાલીમાં ૮૬.૮૯ ટકા મતદાન થયું હતું. દક્ષિણ સલમારા મંકાચરે શરૂઆતના કલાકોથી જ આગળ રહીને ગ્રામીણ મતદાનની પેટર્ન જાળવી રાખી હતી, જે દર્શાવે છે કે મતદાન મથકોની બહાર મતદારો સતત કતારમાં ઉભા રહ્યા હતા, ઘણા લોકો વરસાદમાં મતદાન કરવા માટે રાહ જોઈ રહ્યા હતા. ઘણા વિસ્તારોમાં, મતદાન મથકો પર સાંજે ૫ વાગ્યા પછી પણ ભીડ જોવા મળી હતી, જે દિવસના અંત સુધી સતત ઉત્સાહ દર્શાવે છે. ૧૨૬ મતવિસ્તારોમાં ૨.૪૯ કરોડથી વધુ મતદારો, જેમાં લગભગ સમાન સંખ્યામાં પુરુષો અને સ્ત્રીઓનો સમાવેશ થાય છે, તેમણે પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો. ૨૦૨૩ના



સીમાંકન પછીની આ પહેલી ચૂંટણીમાં ૭૨૨ ઉમેદવારો મેદાનમાં હતા. ભાજપની આગેવાની હેઠળની NDA ત્રીજી ટર્મ ઈચ્છે છે, જ્યારે કોંગ્રેસની આગેવાની હેઠળનું ગઠબંધન વર્તમાન સરકારને ઉથલાવવાનું લક્ષ્ય ધરાવે છે. સંવેદનશીલ બૂથ પર વિસ્તૃત સુરક્ષા વ્યવસ્થા અને વેબકાસ્ટિંગ સાથે મતદાન મોટાભાગે શાંતિપૂર્ણ રહ્યું. સરળ ભાગીદારી સુનિશ્ચિત કરવા માટે વરિષ્ઠ નાગરિકો, દિવ્યાંગ વ્યક્તિઓ અને અન્ય મતદારોને ખાસ સુવિધાઓ પૂરી પાડવામાં આવી હતી. આસામના મુખ્ય ચૂંટણી અધિકારી અનુરાગ ગોયલે મતદારોનો સક્રિય ભાગીદારી બદલ આભાર માન્યો, તેમણે જણાવ્યું કે સાંજે ૫ વાગ્યા પછી પણ મતદાન મથકો પર લોકોની હાજરી લોકશાહી પ્રક્રિયા પ્રત્યે વધતી જાગૃતિ અને પ્રતિબદ્ધતા દર્શાવે છે. તેમણે સરળ અને શાંતિપૂર્ણ મતદાન સુનિશ્ચિત કરવામાં મતદાન કર્મચારીઓ, સુરક્ષા દળો અને અન્ય હિસ્સેદારોના પ્રયાસોની પણ પ્રશંસા કરી હતી. ભાજપે મતદાનને ''ઐતિહાસિક'' ગણાવ્યું અને આસામના લોકોનો આભાર માન્યો, અને કહ્યું કે, ઉચ્ચ ભાગીદારી લોકશાહીમાં મજબૂત વિશ્વાસ દર્શાવે છે. પાર્ટીએ યુવાનો અને પહેલી વાર મતદાન કરનારા મતદારોના ઉત્સાહની પણ પ્રશંસા કરી અને શાંતિપૂર્ણ ચૂંટણી યોજવામાં ચૂંટણી પંચ, સુરક્ષા કર્મચારીઓ અને મીડિયાની ભૂમિકાના વખાણ કર્યા હતા. આસામ પ્રદેશ કોંગ્રેસ સમિતિએ પણ ઉચ્ચ મતદાન માટે મતદારોનો આભાર વ્યક્ત કર્યો છે. તેણે તેના ઉદલગુરી ઉમેદવાર સુરેન દૈમારી વિરુદ્ધ ભાંગગઢ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી, અને આરોપ લગાવ્યો કે તેમણે નામાંકન અને પ્રચાર ભંડોળ મેળવ્યા પછી મતદાનના એક દિવસ પહેલા પક્ષમાંથી રાજીનામું આપ્યું હતું અને પક્ષ વિરુદ્ધ નિવેદનો આપ્યા હતા.

# તેલંગાણા હાઈકોર્ટે આસામ FIR કેસમાં કોંગ્રેસના પવન ખેરાને ટ્રાન્ઝિટ જામીન આપ્યા

## મુખ્યમંત્રી હિમંત બિસવા સરમાની પત્ની પર ટિપ્પણી કરવા બદલ તેલંગાણા હાઈકોર્ટે આસામ પોલીસ FIRમાં ખેરાને ધરપકડથી એક અઠવાડિયાનું રક્ષણ આપ્યું

(એજન્સી) હૈદરાબાદ, તા.૧૦

તેલંગાણા હાઈકોર્ટે શુક્રવાર, ૧૦ એપ્રિલના રોજ આસામ પોલીસ દ્વારા નોંધાયેલી FIRના સંદર્ભમાં કોંગ્રેસના નેતા પવન ખેરાને એક અઠવાડિયાના ટ્રાન્ઝિટ આગોતરા જામીન આપ્યા, જેનાથી તેમને ધરપકડથી કામચલાઉ રક્ષણ મળ્યું.

**કોર્ટની સુનાવણી અને દલીલો**

ગુરૂવારે સુનાવણી દરમિયાન, ખેરા વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવીએ દલીલ કરી હતી કે આ કેસ રાજકીય બદલો લેવાનું પરિણામ છે અને પ્રેસ કોન્ફરન્સમાં કરવામાં આવેલી ટિપ્પણીઓ પર અનેક ગંભીર ગુનાઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

તેમણે ધરપકડની જરૂરિયાત પર પ્રશ્ન ઉઠાવતા કહ્યું કે અધિકારીઓએ તેમના ક્લાયન્ટને હેરાન કરવા માટે ''કલ્પના કરી શકાય તેવા દરેક ગુના'' ઉમેર્યા છે.

સિંઘવીએ આસામ પોલીસની ખેરાની ધરપકડ કરવા માટે દિલ્હીમાં લગભગ ૧૦૦ કર્મચારીઓ મોકલવા બદલ પણ ટીકા કરી હતી અને આ પગલાને તેમણે માનહાનિનો કેસ ગણાવ્યો હતો.

**ઉડાનના જોખમ અંગે બચાવ**

કોર્ટમાં ઉઠાવવામાં આવેલી ચિંતાઓને સંબોધતા, સિંઘવીએ રજૂઆત કરી હતી કે ખેરા એક જાણીતા જાહેર વ્યક્તિ છે જે નિયમિત રીતે મીડિયામાં દેખાય છે અને તેથી તેઓ ઉડાનનું જોખમ નથી.

તેમણે ખેરાના હૈદરાબાદ સાથેના સંબંધો તરફ ધ્યાન દોર્યું, નોંધ્યું કે તેમની પત્ની, કોટા નીલિમા, ત્યાં કાયમી રહે છે અને તેઓ વારંવાર શહેરમાં રહે છે. તેમણે કોર્ટને એ પણ માહિતી આપી કે ભારતની સુપ્રીમ કોર્ટે અગાઉ આસામ પોલીસ દ્વારા નોંધાયેલા સમાન કેસમાં ખેરાને ધરપકડથી વચગાળાનું રક્ષણ આપ્યું હતું.

**આસામ સરકારનો વાંધો**

આ અરજીનો વિરોધ કરતા, આસામના એડવોકેટ જનરલ દેવજીત સૈકિયાએ પ્રશ્ન કર્યો કે ખેરાએ આસામ અથવા દિલ્હીની અદાલતોને બદલે તેલંગાણા હાઈકોર્ટનો સંપર્ક કેમ કર્યો. તેમણે દલીલ કરી હતી કે ખેરા તેલંગાણાના રહેવાસી હોવાનું દર્શાવવા માટે કોઈ સામગ્રી નથી અને



દલીલ કરી હતી કે અરજી જાળવી શકાય તેવી નથી.

સૈકિયાએ કેસ પાછળના કોઈપણ રાજકીય હેતુને નકારી કાઢ્યો અને આરોપ લગાવ્યો કે ખેરાએ બનાવટી દસ્તાવેજ કર્યો છે અને કોર્ટને ગેરમાર્ગે દોરી રહ્યા છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આસામમાં ખેરાના જીવનને કોઈ ખતરો નથી જે તેમને ત્યાં આગોતરા જામીન મેળવવાથી અટકાવે.

ખેરા, આસામ કોંગ્રેસના વડા ગૌરવ ગોગોઈ સાથે મળીને ૫ એપ્રિલે દિલ્હી અને ગુવાહાટીમાં પ્રેસ કોન્ફરન્સ દરમિયાન આરોપો લગાવ્યા બાદ FIR નોંધવામાં આવી હતી. તેઓએ દાવો કર્યો હતો કે આસામના મુખ્યમંત્રી હિમંત બિસવા સરમાની પત્ની રિંકી ભુયાન પાસે અનેક વિદેશી પાસપોર્ટ છે અને તેમની વિદેશમાં અઘોષિત સંપત્તિ છે, જેમાં દુબઈમાં મિલકતો અને યુનાઈટેડ સ્ટેટ્સમાં વ્યોમિંગમાં નોંધાયેલ કંપનીનો સમાવેશ થાય છે. આ ટિપ્પણી બાદ, રિંકી ભુયાન દ્વારા આસામ પોલીસમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. આ કેસમાં ભારતીય ન્યાય સંહિતાની જોગવાઈઓ હેઠળ માનહાનિ, છેતરપિંડી, બનાવટી અને ગુનાહિત કાવતરૂં જેવા આરોપોનો સમાવેશ થાય છે. આસામ પોલીસે તપાસના ભાગ રૂપે ૭ એપ્રિલે ખેરાના દિલ્હી નિવાસસ્થાનની પણ તપાસ કરી હતી, જ્યારે મુખ્યમંત્રી હિમંત બિસવા સરમાએ ''ખોટા આરોપો'' ગણાવીને અલગ કાનૂની કાર્યવાહી શરૂ કરી હતી.

# બિહાર ભયાનક : અરરિયા જિલ્લામાં ૪૨ વર્ષીય મુસ્લિમ વ્યક્તિનું માથું કાપી નાખ્યું; આરોપીને ટોળાએ માર મારીને હત્યા કરી, તપાસ ચાલુ છે

## બિહારના અરરિયામાં એક વિક્રેતા દ્વારા ડ્રાઈવરની કથિત રીતે હત્યા બાદ બે લોકોનાં મોત થયા, જેની પાછળથી ટોળાએ હત્યા કરી દીધી

(એજન્સી) તા.૧૦

ગુરૂવારે અરરિયા જિલ્લામાં એક આઘાતજનક ઘટનામાં બે પુરૂષોના મોત થયા, જેના કારણે તણાવ વધ્યો અને વિસ્તારમાં ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવાયો. અધિકારીઓએ પુષ્ટિ આપી કે હિંસા એક વ્યક્તિગત વિવાદથી ઉદ્ભવી હતી જે ઝડપથી ભયાનક કૃત્યમાં પરિણમી, ત્યારબાદ ટોળાએ બદલો લીધો. પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ ઘટના સ્થાનિક બજાર વિસ્તારમાં બની હતી જ્યાં ૪૨ વર્ષીય પિકઅપ વાન ડ્રાઈવર, જેની ઓળખ નબી હુસૈન તરીકે થઈ છે, તે ૩૦ વર્ષના રસ્તાની બાજુમાં વિક્રેતા રવિ ચૌહાણ સાથે ઝઘડો કરી રહ્યો હતો. બજારમાં સત્તુ વેચતા ચૌહાણે કથિત રીતે ઝઘડા દરમિયાન તીક્ષ્ણ હથિયારનો ઉપયોગ કરીને હુસૈન પર હુમલો કર્યો હતો. હુમલો જીવલેણ બન્યો કારણ કે હુસૈનની ક્રૂર રીતે હત્યા કરવામાં આવી હતી, તેનો મૃતદેહ ઘટનાસ્થળે જ છોડી દેવામાં આવ્યો હતો. પોલીસે બાદમાં હુમલામાં ઉપયોગમાં લેવાયેલ હથિયાર કબજે કર્યું. પ્રારંભિક તપાસમાં એવું જણાય છે કે આ અથડામણ નાના વિવાદને કારણે થઈ હોઈ શકે છે, જોકે અન્ય સંભવિત કારણોની પણ તપાસ કરવામાં આવી રહી છે. હત્યા બાદ, રાહદારીઓ અને સ્થાનિક રહેવાસીઓએ આરોપીનો પીછો કરતા અંધાધૂંધી ફેલાઈ ગઈ. પોલીસ દરમિયાનગીરી કરે તે પહેલાં જ ભીડે ચૌહાણને પકડી લીધો અને તેને ગંભીર રીતે માર માર્યો. અધિકારીઓ ઘટનાસ્થળે દોડી ગયા અને તેને કસ્ટડીમાં લેવામાં સફળ રહ્યા, પરંતુ તેને ગંભીર ઈજાઓ પહોંચી. ચૌહાણને નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો, જ્યાં બાદમાં



સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું. ઘટનાઓના ક્રમે પરિસ્થિતિને બેવડી મૃત્યુમાં ફેરવી દીધી, જેનાથી ટોળાની હિંસા અને કાયદા અમલીકરણ પ્રતિક્રિયા અંગે ગંભીર ચિંતાઓ ઉભી થઈ. પોલીસ અધિક્ષક જીતેન્દ્ર કુમાર સહિત વરિષ્ઠ અધિકારીઓએ જણાવ્યું હતું કે બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ તપાસ માટે મોકલવામાં આવ્યા છે. તપાસ ચાલુ છે, અધિકારીઓ બંને પુરૂષો વચ્ચેના વ્યક્તિગત સંબંધ વિવાદના અહેવાલો સહિત અનેક પાસાઓની તપાસ કરી રહ્યા છે. સંડોવાયેલા વ્યક્તિઓ વિવિધ સમુદાયોના હોવાથી, પોલીસે સમગ્ર પ્રદેશમાં સુરક્ષા પગલાં વધારી દીધા છે. વધુ ઉગ્ર બનતા અટકાવવા અને જાહેર વ્યવસ્થા જાળવવા માટે વધારાના કર્મચારીઓ તૈનાત કરવામાં આવ્યા છે.

# વડોદરા : સ્થાનિક ચૂંટણી માટે IAS લોચન સેહરાને નિરીક્ષક તરીકે નિયુક્ત કરાયા

### રાજ્ય ચૂંટણી આયોગ એક્શન મોડમાં, ચૂંટણી પ્રક્રિયા પર રહેશે કડક નજર

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૦

વડોદરા જિલ્લામાં આગામી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની સામાન્ય અને પેટા ચૂંટણીઓને લઈને વહીવટી તંત્રમાં ચકચાર મચી છે. ચૂંટણી પ્રક્રિયા સંપૂર્ણપણે નિષ્પક્ષ અને પારદર્શક રીતે યોજાય તે માટે ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. આયોગે વરિષ્ઠ IAS અધિકારી લોચન સેહરાને વડોદરા વિસ્તાર માટે ચૂંટણી નિરીક્ષક તરીકે નિયુક્ત કર્યા છે. ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩(K) અને ૨૪૩(ZA) હેઠળ મળેલી સત્તાઓનો ઉપયોગ કરી આ નિયુક્તિ કરવામાં આવી છે. મ્યુનિસિપલ કોર્પોરેશન, નગરપાલિકા અને પંચાયત



ચૂંટણી સંબંધિત નિયમોની જોગવાઈઓ હેઠળ આદેશ જારી કરવામાં આવ્યો છે.

હાલ ગાંધીનગર ખાતે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના સચિવ તરીકે ફરજ બજાવતા લોચન સેહરા અનુભવી અને કડક વહીવટી અધિકારી તરીકે જાણીતા છે. તેમની દેખરેખ હેઠળ વડોદરા મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, તમામ તાલુકા પંચાયતો તેમજ ડભોઈ, પાદરા, સાવલી અને વાઘોડીયા નગરપાલિકાઓની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરાશે.

ચૂંટણી નિરીક્ષક તરીકે તેમની જવાબદારીમાં ચૂંટણીલક્ષી તમામ પ્રવૃત્તિઓ પર નજર રાખવી, આચારસંહિતાનું પાલન સુનિશ્ચિત કરવું, કાયદો અને વ્યવસ્થા જાળવવી તેમજ મતદારો માટે નિર્ભય અને સુરક્ષિત વાતાવરણ ઊભું કરવું સામેલ રહેશે.

આ નિર્ણય બાદ રાજકીય વર્તુળોમાં પણ હલચલ તેજ બની છે. અનુભવી અધિકારીની કડક દેખરેખ હેઠળ યોજાનારી ચૂંટણીમાં તમામ પક્ષોએ હવે નિયમોનું કડક પાલન કરવું પડશે. આ પગલાથી ચૂંટણી પ્રક્રિયાની વિશ્વસનીયતા વધશે અને લોકશાહી પ્રત્યે જનવિશ્વાસ વધુ મજબૂત બનશે તેવી અપેક્ષા છે.

# રાજપીપળા પાલિકાની ચૂંટણીમાં બળવો ટાળવા ભાજપની 'નો-મેન્ડેટ' ફોર્મ્યુલા

### તમામ દાવેદારો પાસે ફોર્મ ભરાવ્યા, નારાજ કાર્યકરો અપક્ષ ઉમેદવારી ન કરી શકે તે માટે વ્યૂહરચના; ૧૧ એપ્રિલે બપોરે ૧૨ વાગ્યે પત્તા ખોલવામાં આવશે

(સંવાદદાતા દ્વારા)

રાજપીપળા, તા.૧૦

નર્મદા જિલ્લાની પાંચ તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત માટે ભાજપે ઉમેદવારોના નામ જાહેર કરી દીધા છે, પરંતુ રાજપીપળા નગરપાલિકા માટે પક્ષે એક ખાસ માસ્ટર પ્લાન અમલમાં મૂક્યો છે. સંભવિત જૂથવાદ અને વિરોધને ખાળવા માટે ભાજપે તમામ દાવેદારો પાસે ફોર્મ તો ભરાવી લીધા છે, પરંતુ સત્તાવાર મેન્ડેટ છેલ્લી ઘડીએ આપવાનું નક્કી કર્યું છે.રાજપીપળા નગરપાલિકાના ૭ વોર્ડની ૨૮ બેઠકો માટે ભાજપમાં ટિકિટ મેળવવા ભારે ખેંચતાણ જોવા મળી રહી છે. ૧૦૦થી વધુ દાવેદારોએ પોતાની દાવેદારી નોંધાવતા સંગઠન માટે પસંદગી કરવી પડકારજનક બની છે. જો વહેલા નામ જાહેર કરવામાં આવે તો ટિકિટ ન મેળવનાર કાર્યકરો નારાજ થઈને અપક્ષ ઉમેદવારી નોંધાવે તો ભાજપને જ નુકસાન થાય આ સ્થિતિમાં પક્ષને નુકસાન ન થાય તે માટે પ્રદેશની સૂચના મુજબ જિલ્લા ભાજપ પ્રમુખ નિલ રાવે નવો વ્યૂહ અપનાવ્યો છે અને તમામ સંભવિત ઉમેદવારો પાસે ફોર્મ ભરાવી ચૂંટણી અધિકારીને સુપ્રત કરી દીધા છે. ફોર્મ ભરવાનો છેલ્લો સમય ૧૧ એપ્રિલ બપોરે ૩ વાગ્યા સુધીનો છે. ભાજપ પોતાના ફાઈનલ ઉમેદવારોના મેન્ડેટ તે જ દિવસે બપોરે ૧૨ વાગ્યાની આસપાસ જમા કરાવશે. નિયમ મુજબ, જે ઉમેદવાર પાસે પક્ષનો મેન્ડેટ નહીં હોય, તેમના ફોર્મ આપોઆપ રદ થઈ જશે. આ પ્લાનને કારણે નારાજ કાર્યકર અપક્ષ ઉમેદવારી નહીં કરી શકે.

### કરજણ નજીક હાઈવે પર ગમખ્વાર અકસ્માત

# કાર ટ્રક પાછળ અથડાતા ડ્રાઈવરનું ઘટનાસ્થળે મોત, ત્રણ ગંભીર

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૦

કરજણ તાલુકાના હલદરવા ગામ નજીક નેશનલ હાઈવે નં. ૪૮ પર આજરોજ વહેલી સવારે એક ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો હતો. અર્ટિગા કાર આગળ ચાલી રહેલા ટ્રકની પાછળ ધડાકાભેર અથડાતાં એક વ્યક્તિનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું, જ્યારે ત્રણ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા.અકસ્માતની જાણ થતાં જ કરજણ ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને રાહત તથા બચાવ કામગીરી હાથ ધરી હતી. પ્રાથમિક માહિતી મુજબ અર્ટિગા કારમાં ચાર વ્યક્તિઓ સવાર હતા. અકસ્માત એટલો ગંભીર હતો કે કારનો આગળનો ભાગ સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગયો હતો.

ઘટનાસ્થળે પહોંચેલી ફાયર ટીમે જોયું કે, કારમાં સવાર એક મહિલા સહિત બે વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ હતા, જેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યારે કંડક્ટર સાઈડમાં બેઠેલા એક વ્યક્તિ કારના પતરામાં ફસાઈ જતા તેમને બહાર કાઢવા માટે હાઈડ્રોલિક સાધનોનો ઉપયોગ કરીને રેસ્ક્યુ કામગીરી હાથ ધરવામાં આવી હતી. કાળજીપૂર્વક પતરા કાપીને તેમને બહાર કાઢી એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા હતા.

આ અકસ્માતમાં કારના ડ્રાઈવરનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું. પોલીસે મૃતદેહનો કબજો લઈને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે.આ ઘટના ફરી એકવાર માર્ગ સલામતી અંગે સાવચેતી રાખવાની જરૂરિયાત પર ભાર મૂકે છે. વહેલી સવારે વાહન ચલાવતી વખતે પૂરતી ઊંઘ લેવી, સાવચેતીપૂર્વક ડ્રાઈવિંગ કરવું અને ઓવરસ્પીડિંગથી દૂર રહેવું જરૂરી હોવાનું તંત્રે જણાવ્યું છે.

# નડિયાદ મનપા ચૂંટણીમાં ભાજપે ૧૬ને રિપીટ કર્યા, જ્યારે ૩૬ નવા ચહેરાને ટિકિટ આપી

### જૂના જોગીઓને ખુશ રાખવા તેમજ બળવાને ટાળવા સગા-સંબંધીને ટિકિટ આપી

(સંવાદદાતા દ્વારા)

નડિયાદ, તા.૧૦

નડિયાદ મહાનગરપાલિકાની આગામી સામાન્ય ચૂંટણીઓ માટે ભારતીય જનતા પાર્ટી દ્વારા ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવી છે. આ યાદીમાં પક્ષે સત્તા જાળવી રાખવા માટે જૂના અને અનુભવી ચહેરાઓ તેમજ નવા સમીકરણોનું મિશ્રણ કર્યું છે. ભાજપ દ્વારા કુલ ૧૬ જેટલા પૂર્વ કાઉન્સિલરોને રિપીટ કરવામાં આવ્યા છે, જ્યારે કેટલાક દિગ્ગજ નેતાઓની ટિકિટ કાપી તેમના પરિવારના સભ્યોને ટિકિટ આપી બળવાને ટાળવાનો પ્રયત્ન કર્યો છે.

નડિયાદના રાજકારણમાં વર્ચસ્વ ધરાવતા પૂર્વ પાલિકા પ્રમુખ કિન્નરીબેન શાહ અને પૂર્વ ઉપપ્રમુખ કલ્પેશ રાવળને પક્ષે ફરી એકવાર જંગમાં ઉતાર્યા છે. આ બંને નેતાઓએ અગાઉના શાસનકાળમાં કરેલી કામગીરી અને વિસ્તારમાં તેમની પકડને ધ્યાનમાં રાખીને પક્ષે તેમને રિપીટ કરવાનો નિર્ણય લીધો છે. તેમની સાથે અન્ય પૂર્વ સભ્યોને પણ ફરી તક મળી છે, જે દર્શાવે છે કે, ભાજપ સત્તાના સાતત્ય માટે જૂની ટીમ પર વધુ નિર્ભર છે. જો કે, બીજી તરફ જિલ્લા ભાજપ ઉપપ્રમુખ પરાગ બારોટને પણ ચૂંટણી મેદાનમાં ઉતારવામાં આવ્યા છે સાથે જિલ્લા ભાજપ પૂર્વ ઉપપ્રમુખ વિકાસ શાહના પત્ની મેઘાબેનને પણ ટિકિટ અપાય છે આ ઉપરાંત ઉતરસંડા પૂર્વ સરપંચ ઈશિત પટેલ અને પીપલગના પૂર્વ સરપંચ મનીષ પટેલને પણ ટિકિટ આપવામાં આવી છે.

ટિકિટ ફાળવણીમાં 'નો રિપીટ થિયરી'ના બદલે 'પરિવારવાદ'ના સમીકરણો પણ જોવા મળ્યા છે. પૂર્વ કારોબારી ચેરમેન પરીન બ્રહ્મભટ્ટની ટિકિટ કાપવામાં આવી છે, પરંતુ તેમના સ્થાને તેમના જ ભાભી ભૂમીબેન બ્રહ્મભટ્ટને વોર્ડ નંબર આઠમાં ટિકિટ આપી છે. તેવી જ રીતે પૂર્વ પાલિકા પ્રમુખ રંજનબેન વાઘેલાને આ વખતે ટિકિટ આપવામાં આવી નથી, પરંતુ તેમના સ્થાને તેમના ભત્રીજા જય વાઘેલાને વોર્ડ નંબર આઠમાં ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. જ્યારે પૂર્વ ફાયરબ્રિગેડ ચેરમેન કાના પરમારની ટિકિટ કાપી તેમના નાના ભાઈના પત્ની પુષ્પાબેન પરમારને વોર્ડ નંબર પાંચ ટિકિટ અપાય છે. આમ, સીધી રીતે ટિકિટ ન મળવા છતાં સત્તાના કેન્દ્રમાં રહેલા પરિવારોનું વર્ચસ્વ જાળવી રાખવામાં આવ્યું છે. આ યાદીમાં સૌથી આશ્ચર્યજનક અને ચર્ચાસ્પદ નિર્ણય વોર્ડ નંબર ૫ માટે લેવામાં આવ્યો છે. ગત ચૂંટણીમાં અપક્ષ તરીકે ચૂંટણી લડીને વિજેતા બનેલા એકમાત્ર મુસ્લિમ ઉમેદવાર મહમદ રફીક ઈબ્રાહીમભાઇ શાભય (ગોગો) પર ભાજપે મહોર મારી છે. ભાજપે તેમને પક્ષના સત્તાવાર ઉમેદવાર તરીકે મેદાનમાં ઊતાર્યા છે. આ તરફ પાલિકા પૂર્વ કારોબારી ચેરમેન કિન્તુ દેસાઈ અને સિનિયર સભ્ય સંજય પટેલની ટિકિટ કપાય છે.

# ઈખર ગામની દીકરી તસ્લીમા ટોપર બની વડોદરા ખાતે યુનિવર્સિટીમાં પ્રથમ રેન્ક

(સંવાદદાતા દ્વારા)

પાલેજ, તા.૧૦

કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી એ ઉક્તિને આમોદના ઈખર ગામની દીકરી તસ્લીમાએ ટોપર બની સાર્થક કરી બતાવી છે. ઈખર સ્થિત પૂર્વ આરોગ્ય સુપરવાઈઝર યુનુસભાઇ તલાટીની દીકરી તસ્લીમાએ શ્રી મહાલક્ષ્મી મહિલા હોમિયોપેથીક યુનિવર્સિટી વડોદરા ખાતે યુનિવર્સિટીમાં પ્રથમ રેન્ક પ્રાપ્ત કર્યો છે. આ સિદ્ધિ બદલ તસ્લીમાને પારૂલ યુનિવર્સિટીના સંચાલકો દ્વારા મેડલ તેમજ પ્રમાણપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવી હતી. તસલીમાએ અનેરી સિદ્ધિ પ્રાપ્ત કરી પોતાના પરિવાર ગામ તેમજ સમાજનું નામ રોશન કર્યું છે.



તસ્લીમાએ સિદ્ધિ પ્રાપ્ત કરતા તેણીને અભિનંદન પાઠવી તેઓની ઉજ્જવળ કારકિર્દી માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. સાથે - સાથે સાંપ્રત આધુનિક યુગમાં તસ્લીમા યુવા પેઢી માટે પ્રેરણાદાયી બનવા પામી છે.

# મહીસાગર જિલ્લામાં સ્વીપ પ્રવૃત્તિઓમાં શાળાના વિદ્યાર્થીઓની ભાગીદારી



મહીસાગર જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા શરૂ કરવામાં આવેલા મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત જિલ્લાની વિવિધ તાલુકાઓની પ્રાથમિક શાળાઓમાં અનેકવિધ પ્રવૃત્તિઓ યોજાઈ રહી છે. આ અભિયાન હેઠળ વિવિધ શાળાઓમાં ચિત્ર સ્પર્ધા, રંગોળી સ્પર્ધા, નિબંધ લેખન અને વક્તૃત્વ સ્પર્ધા જેવી પ્રવૃત્તિઓ યોજાઈ હતી, જેના માધ્યમથી લોકશાહીમાં મતના મૂલ્ય વિશે સમજ આપવામાં આવી રહી છે.

### સૌથી વધુ ડભોઈમાં પસંદગી

# વડોદરા જિલ્લાની પાલિકા અને તા.પં.માં ૨૧ મુસ્લિમોને ભાજપની ટિકિટ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૦

વડોદરા જિલ્લામાં ઉમેદવારોનું લિસ્ટ જાહેર થતાં ભાજપ દ્વારા જિલ્લાની પાલિકા અને તાલુકા પંચાયતોની બેઠકોં પર ૨૧ મુસ્લિમોને પણ ટિકિટો આપી છે.

વડોદરા જિલ્લાની ડભોઇ નગર પાલિકામાં ૮ મુસ્લિમ ઉમેદવારોમાં વોર્ડ નં.૨માં. આરીફનવાજ મકરાણી, વોર્ડ નં.૪માં ફિરોબાનુ મન્સૂરી, મુનિરાબાનુ લફાવાલા અને મેહફૂજ હુસૈન લફાવાલા, વોર્ડ નં.૫માંથી સાબિસ્તા નાઝ દરૂવાલા, મુમતાઝબાનુ હોટલવાળા, રિયાઝ હુસૈન સૈયદને, વોર્ડ નં.૬માં દાનિયાલ સૈયદને ટિકિટ આપવામાં આવી છે. તેમજ સાવલી પાલિકામાં ૫ મુસ્લિમ ઉમેદવારોમાં વોર્ડ નં.૧માં અમરિન બાનું પઠાણ, ત્વરિનખાન પઠાણને, વોર્ડ નં.૪માં જૈતુનબીબી પઠાણ, શાહરૂખમિયા મલેક અને આરીફખાન પઠાણને ટિકિટ આપવામાં આવી છે. જ્યારે પાદરા અને વાઘોડિયામાં વોર્ડ નં.૨માં શબાના બાનું દિવાનને ટિકિટ અપાઈ છે.

આવી જ રીતે કરજણ તાલુકા પંચાયતમાં કોલિયાદથી ઈરફાન દિવાન અને વલણ -૧ થી જોલી મોહસીન ઈબ્રાહીમ, પાદરા તાલુકા પંચાયતમાં આંતીથી કરીમભાઈ મલેક અને ભોજથી હમીદ રાઠોડ, અને સાવલી તાલુકા પંચાયતમાં ગોઠડા - ૧થી નફીસાબેન વોરા અને ટુંડાવથી મેહમુદાબેન ચૌહાણને ટિકિટ આપવામાં આવી છે.

# ભાવનગર : ચોરાયેલા આઠ મોબાઈલ રિકવર કરી પોલીસે પરત કર્યા

(સંવાદદાતા દ્વારા)

ભાવનગર, તા.૧૦

ભારત સરકારના સંચાર સાથી પ્રોજેક્ટ અંતર્ગત ભાવનગરના કુલ-૮ અરજદારોના ગુમ થયેલ કે ચોરી થયેલ રૂા.૧,૪૮,૦૦૦/-ના મોબાઇલ ફોન રિકવર કરી ભાવનગર લોકલ ક્રાઇમ બ્રાન્ચે અરજદારોને પરત કર્યા હતા.

ભાવનગર લોકલ ક્રાઇમ બ્રાન્ચ તથા ટેક્નિકલ સેલ દ્વારા ભાવનગર જિલ્લાના નાગરિકોના ગુમ, ચોરી થયેલ મોબાઇલ ફોન ભારત સરકારના સંચાર સાથી પોર્ટલના માધ્યમથી ટ્રેસ કરાવડાવી જે તે વ્યકિત પાસેથી રિકવર કરાવડાવી ૮ અરજદારોને સોંપી આપવામાં આવેલ. જેમાં કમલેશભાઇ પ્રકાશભાઇ લાલવાણી (રહે.આનંદનગર, ભાવનગર), રોહિતભાઇ મુકેશભાઇ ચૌહાણ (રહે.ખારશી વિસ્તાર, ગાયત્રીનગર), હરેશભાઇ વશરામભાઇ રાઠોડ (રહે.પ્લોટ નં.૦૫, સુખ શાંતિ સોસાયટી, ફુલસર), ઉમેશભાઇ કાવાભાઇ રાઠોડ (રહે.બ્લોક નં.૩૭, રૂમ નં.૪૩૫, અશોક વાટીકા મેદાન સામે, આનંદનગર), આફતાબભાઇ રસુલભાઇ શમા (રહે.ગંગા મૈયા સર્કલ), બુધેલ વિનોદભાઇ બાબુભાઇ ભટ્ટી (રહે.મંગળામાંના મંદિર પાસે, એરપોર્ટ રોડ, સુભાષનગર), વિનયભાઇ શ્યામભાઇ કુકરેજા (રહે.રૂમ નં.૩૫, ગલી નં.૨, સિંધુનગર) તથા કરશનભાઇ પાલાભાઇ ફફલ (રહે.વરવાળા, જી.દેવભુમી દ્વારકા) વાળાને તેમના ગુમ થયેલ કે ચોરી થયેલા મોબાઈલ પરત સોંપવામાં આવ્યા હતા આ કામગીરીમાં પોલીસ ઈન્સ. મયુરધ્વજસિંહ એમ.સરવૈયાના માર્ગદર્શન હેઠળ પોલીસ સબ ઈન્સ. વી.સી.જાડેજા, આર.એ.વાઢેર, પી.ડી.ઝાલા તથા ટેક્નિકલ સ્ટાફ જોડાયો હતો.

### ભરૂચ જિલ્લા કલેક્ટરનું જાહેરનામું

# જાહેરાત પ્રસારિત કરતા અગાઉ ચૂંટણી અધિકારીની મંજૂરી મેળવવી આવશ્યક

ભરૂચ, તા.૧૦

ભરૂચ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય ચૂંટણી યોજવા પાત્ર બેઠકોના સમાવિષ્ટ સમગ્ર વિસ્તારમાં આવતા તમામ કેબલ ઓપરેટર્સ તથા ન્યૂઝ ચેનલ સંચાલકોનું ભારતના ચૂંટણી પંચના તા.૧૫/૦૪/૨૦૦૪ના પત્રના ૫૦૯/૭૫/૨૦૦૪/જેએસ-૧માં આપેલ સૂચના તરફના ધ્યાન દોરી જણાવવાનું કે, કેબલ ટીવી નેટવર્ક રેગ્યુલેશન એક્ટ-૧૯૯૫ની કલમ-૬ અને તેના હેઠળના નિયમોના નિયમ-૭ની જેગવાઈ વિરૂદ્ધમાં કોઇ પણ વ્યક્તિ કોઈપણ જાહેરાત કેબલ સેવા મારફતે પ્રસારિત કે ફેરપ્રસારિત કરી કે કરાવી શકે નહીં. ભરૂચ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય ચૂંટણી યોજવાપાત્ર બેઠકોના સમાવિષ્ટ સમગ્ર વિસ્તારના મતદાર વિભાગ માટે કોઈપણ વ્યક્તિ ઉમેદવાર અથવા રાજકીય પક્ષાનો કેબલ ટીવી ન્યૂઝ ચેનલ મારફતે ચૂંટણી પ્રચાર અંગે જાહેરાત આપવા માંગતા હોય તો, (૧) આવી અરજી નિયત નમૂનામાં બિડાણો સહિત જિલ્લા મેજિસ્ટ્રેટ ભરૂચ તેમજ અધિક જિલ્લા ચૂંટણી અધિકારી સ્થા. સ્વ સંસ્થાઓ અને નિવાસી અધિક કલેક્ટર ભરૂચ અથવા તેના દ્વારા અધિકૃત કરેલ અધિકારી સમક્ષ કરવાની રહેશે. (૨) માન્ય રાજકીય પક્ષો અથવા હરીફ ઉમેદવારોના કિસ્સામાં આવી અરજી જાહેરાતના પ્રસારણના દિવસ પહેલાના ચોખ્ખા ત્રણ દિવસ પહેલા કરવાની રહેશે. (૩) માન્ય રાજકીય પક્ષો સિવાય અથવા હરીફ ઉમેદવારીના કિસ્સામાં આવી અરજી જાહેરાતના પ્રચારણના દિવસ પહેલા ચોખ્ખા સાત દિવસ પહેલા કરવાની રહેશે. (૪) જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ તેમજ અધિક જિલ્લા ચૂંટણી અધિકારી સ્થા. સ્વ. સંસ્થાઓ અને નિવાસી અધિક કલેક્ટર ભરૂચ અથવા તેમના દ્વારા અધિકૃત કરાયેલ અધિકારીની લેખિત પરવાનગી મેળવ્યા પછી જ આવી જાહેરાતનું પ્રસારણ અથવા ફેરપ્રસારણ કરી શકાશે. ઉપરોક્ત સૂચનાઓનો તેમજ કાયદાકીય જોગવાઈઓનો અમલ ચુસ્તપણે કરવાનો રહેશે અને જો ઉક્ત જોગવાઈઓનો ભંગ કરવામાં આવશે તો કેબલ ટીવી નેટવર્ક રેગ્યુલેશન એક્ટ-૧૯૯૫ની કલમ-૧૧, ૧૨ અને ૧૩ હેઠળ પ્રસારણ સાધનો જપ્ત કરવામાં આવશે અને સદરહુ કાયદાની કલમ-૧૬,૧૭ હેઠળ ૨(બે) વર્ષની સજા તેમજ રૂા.૧૦૦૦/-નો દંડ અથવા બંને સજાને પાત્ર બનશે. તેમજ અન્ય કાયદાઓ હેઠળ પણ શિક્ષાને પાત્ર થશે. ઈ.ચા. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ભરૂચ દ્વારા મળેલ એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

### ગુજરાત પ્રદેશ કોંગ્રેસના જનરલ સેક્રેટરી ચિરાગ શેખનો આક્ષેપ

# તસ્લીમઆલમ તિરમીઝીની રાજકીય કિન્નાખોરી રાખી ધરપકડ કરાઈ

અમદાવાદ, તા.૧૦

અમદાવાદના બહેરામપુરા વોર્ડના માજી કોર્પોરેટર તસ્લીમઆલમ તિરમીઝીની ખેડા પોલીસે ધરપકડ કરી છે. આ ધરપકડ રાજકીય કિન્નાખોરી રાખીને કરવામાં આવી છે. કારણ કે, A.M.C.ની ચૂંટણીઓ જાહેર થઇ છે. જેમાં બહેરામપુરા વોર્ડથી તસ્લીમઆલમ તિરમીઝી તેમજ એમના સાથી કાઉન્સિલરો વિસ્તારમાં લોકપ્રિય હોઈ કોંગ્રેસની પેનલ જીતે એવી છે. એને ધ્યાનમાં લઈ ભારતીયા જનતા પાર્ટી દ્વારા ૨૦૦૦ની સાલનો મહેસૂલ ખાતાનો જૂનો રેકોર્ડ કાઢી ૨૬ વર્ષ પછી ઉપરોકત તલાટીએ ફરિયાદ કરી છે. જેને લઈને ખેડા જિલ્લા L.C.B. બ્રાન્ચે ૨૬ વર્ષ પછી તસ્લીમઆલમ તિરમીઝીની ધરપકડ કરી છે. ૨૬ વર્ષ સુધી તલાટી મહેસૂલ ખાતુ તેમજ પોલીસ ઊંઘતી હતી અને અચાનક ચૂંટણી જાહેર થતાં આ કેસ કરવામાં આવ્યો છે. જે ચોખ્ખું દેખાઇ આવે છે. રાજકીય કિન્નાખોરી રાખી કેસ કરેલ છે. કારણ કે, બહેરામપુરા વોર્ડમાં કોંગ્રેસની પેનલ ના જીતે તે માટે ભારતીય જનતા પાર્ટીની સામ-દંડની નીતિ અપનાવવામાં આવી છે. એમ તસ્લીમઆલમ તિરમીઝીએ રૂબરૂ મુલાકાતમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના જનરલ સેક્રેટરી ચિરાગ શેખ અને મધ્ય ગુજરાત મુસ્લિમ સેવા સમાજના પ્રમુખ કરીમભાઈ મલેકને જણાવ્યું હતું એમ ચિરાગ શેખે તેમના નિવેદનમાં જણાવ્યું છે.

### વડોદરામાં ચોંકાવનારી ઘટના

# મોપેડ સ્લીપ થતાં મદદે દોડેલા યુવાન પર હુમલો, ડાબી આંખ ગુમાવી

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૦

વડોદરા શહેરના નવાપુરા વિસ્તારમાં આર.વી. દેસાઈ રોડ પર માનવતા શરમાવે તેવી ઘટના સામે આવી છે, જ્યાં મદદ કરવા દોડેલા યુવાનને જ ગંભીર ઈજા ભોગવવી પડી છે. નવાપુરામાં રહેતા જયેશ ચંપકભાઈ ઠાકોર (વ્યવસાયે ફોટોગ્રાફર) પર મોપેડ ચાલકે હુમલો કરતાં તેઓએ એક આંખની દૃષ્ટિ ગુમાવી હોવાનું સામે આવ્યું છે. ફરિયાદ મુજબ, ગઈ તા.૮ એપ્રિલના સાંજે જયેશ ઠાકોર આર.વી. દેસાઈ રોડ પર દશામાના મંદિર પાસે બેઠા હતા. તે દરમિયાન ગોયાગેટ સોસાયટીમાં રહેતો કૌશિક રાજપુત મોપેડ પર પસાર થતો હતો, ત્યારે તેની મોપેડ સ્લીપ થઈ જતા તે નીચે પટકાયો હતો. માનવતા દાખવીને જયેશ અને તેનો મિત્ર દુર્ગેશ તેને ઉભા કરવા માટે મદદે દોડી ગયા હતા.

પરંતુ કૌશિક રાજપૂત અચાનક ઉશ્કેરાઈ ગયો અને મને અડવું નહીં કહી જયેશ ઠાકોરને ડાબી આંખ પર જોરદાર મુક્કો માર્યો હતો. હુમલાના કારણે જયેશની આંખમાંથી લોહી વહેવા લાગ્યું હતું.

ઘટના સ્થળે લોકો એકત્ર થતા આરોપી કૌશિક રાજપુત ત્યાંથી ફરાર થઈ ગયો હતો. ઈજાગ્રસ્ત જયેશને પહેલા સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાંથી વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. તબીબોના જણાવ્યા મુજબ, આંખમાં ગંભીર ઈજા થતાં અંદરનો પડદો ફાટી ગયો છે અને આજીવન દૃષ્ટિ ગુમાવી છે. નવાપુરા પોલીસે આરોપી કૌશિક રાજપૂત સામે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વડોદરાના સિલ્વરલાઈન કોમ્પ્લેક્સના વીજ મીટરમાં શોર્ટ સર્કિટથી આગ લાગતા અફરા તફરી

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૦

વડોદરા શહેરના સયાજીગંજ વિસ્તારમાં આવેલા સિલ્વર લાઈન કોમ્પલેક્ષના વીજ મીટરમાં આજે શોર્ટ સર્કિટ થયા બાદ આગ ભભૂકી ઉઠી હતી. ધુમાડાના ગોટેગોટા નીકળતા કોમ્પ્લેક્સમાં વિવિધ ઓફિસો ધરાવતા લોકો ત્વરિત બહાર દોડી આવ્યા હતા. તાબડતોડ કોમ્પ્લેક્સના જ ફાયર ઇક્વિપમેન્ટથી આગ ઉપર કાબુ મેળવી લેવામાં આવ્યો હતો.

વડોદરા શહેરમાં આગ લાગવાના બનાવોનો સિલસિલો આજે પણ યથાવત જોવા મળી રહ્યો છે. શુક્રવારે શહેરના સયાજીગંજ વિસ્તારમાં આવેલા સિલ્વર લાઈન કોમ્પ્લેક્સમાં આગ લાગતા એક તબક્કે લોકોના જીવ પડીકે બંધાયા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર, સિલ્વર લાઈન કોમ્પ્લેક્સના વીજ મીટરમાં શોર્ટ સર્કિટ થયા બાદ આગ લાગી હતી. જેના કારણે ધુમાડાના ગોટેગોટા નીકળ્યા હતા અને દૂર-દૂર સુધી પ્રસર્યા હતા. આગ લાગવાની વાત વાયુવેગે પ્રસરતા તાત્કાલિક આ કોમ્પ્લેક્સમાં આવેલી તમામ ઓફિસો અને દુકાનો ખાલી કરી દેવામાં આવી હતી. જો કે કોમ્પ્લેક્સના સ્થાનિકોએ તાત્કાલિક ફાયર એક્સ્ટીંગ્યુસરની મદદથી આગ ઉપર કાબૂ મેળવી લીધો હતો. સદનસીબે આગની આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી. જેથી લોકોએ હાશકારો અનુભવ્યો હતો.

### ૫૦૦૦ એકર જમીનમાં કેમિકલ મુક્ત ખેતીની નવી શરૂઆત

# રાજ્યના ૫૦૦ સંભવિત પ્રાકૃતિક ગામોમાં ભરૂચ જિલ્લાના ૧૫ ગામનો સમાવેશ

ભરૂચ,તા.૧૦

ભરૂચ જીલ્લામાં પ્રાકૃતિક કૃષિના વ્યાપમાં વધારો થઇ રહયો છે. રાસાયણિક ખાતરો અને દવાઓના વપરાશના બદલે કુદરતી સંશાધનોથી ખેતી કરવામાં માટે ખેડૂતોને પ્રેરણા આપવા માટે ભરૂચ જીલ્લાના આત્મા પ્રોજેક્ટ અંતર્ગત વિવિધ કાર્યક્રમો આપવામાં આવી રહયા છે. ગતવર્ષ માર્ચ ૨૦૨૫-૨૬ દરમ્યાન તેના પરિણામ સ્વરૂપે જીલ્લાના કલસ્ટર દીઠ ૧૨૫ ખેડૂત પ્રમાણે ૩૧૦૦૦ (મિશન અને નોન મિશન) ખેડૂતોને તાલીમ બધ્ધ કરવામાં આવ્યા હતા, ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી અપનાવતા ૩૧૭૯૦ કિલો અનાજ, ૨૮૪૭૩૦ કિલો શાકભાજી અને ૩૭૦૦ કિલો જેટલું ફળફળાદીનું ઉત્પાદન કર્યું હતું. જેના દ્વારા ૧ કરોડથી વધુની આવક ખેડૂતોએ પ્રાપ્ત કરી હતી. મિશન કલસ્ટરના કુલ ૩૮ કલસ્ટર ગત વર્ષે હતા, ચાલુ વર્ષે નવા ૪૫ કલસ્ટરના ૧૩૫ ગામોને મિશન ઓન નેચરલ ફાર્મીંગ યોજના અંતર્ગત સમાવિષ્ટ કરવામાં આવનાર છે. સમાવિષ્ટ ગામોના અંદાજીત ૬૦૦૦ જેટલા નવા ખેડૂત મિત્રોને પ્રાકૃતિક કૃષિના ૫ આયામોની વિસ્તૃત તાલીમ આપી તાલીમ બધ્ધ કરી, તેઓની જમીન સ્વાસ્થયમાં સુધારો, કાર્બનિક કાર્બન વધારવાની પધ્ધતિ વિગેરેની સમજ આપવામાં આવશે તથા માર્કેટીંગ સપોર્ટ અને ટેકનીકલ તાલીમ પણ વિશેષજ્ઞો દ્વારા આપવામાં આવશે. આનાથી ખેડૂતો પોતાના પરિવાર અને અન્ય ગ્રાહકો માટે રસાયણ મુકત ખોરાક ઉત્પાદન કરવા પ્રેરિત થશે. જમીન, પર્યાવરણ અને પોતાની તંદુરસ્તીને બચાવવામાં મદદરૂપ થશે. નવા ૪૫ કલસ્ટરના ગામોના અંદાજીત ૫૦૦૦ થી વધુ એકર જમીનમાં પ્રાકૃતિક ખેતીની નવી શરૂઆત કરાવવામાં આવશે. વધુમાં રાજ્ય સરકારશ્રીના ૫૦૦ સંપૂર્ણ સંભવિત પ્રાકૃતિક ગામોમાં ભરૂચ જીલ્લાના ૯ તાલુકાના તાલુકા દીઠ ૨ ગામ મુજબ જીલ્લાના ૧૮ ગામોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. જે ગામોનો અંદાજીત ૧૦૨૯૪ હેક્ટર વાવેતર વિસ્તાર સંપૂર્ણ પ્રાકૃતિક ખેતી હેઠળ આવરી લેવામાં આવશે. સંભવિત ૧૮ પ્રાકૃતિક ગામોના મુખ્ય પાકો શાકભાજી, ફળફળાદી, તુવેર, દિવેલા, કેળ, વેલાવાળા શાકભાજી, કઠોળ, ડાંગર અને શેરડી તથા કપાસ છે, તેનું પ્રાકૃતિક ખેતી પધ્ધતિના માર્ગદર્શન હેઠળ ઉત્પાદન મેળવી ખેડૂતોને સારી એવી આવક પ્રાપ્ત થશે. ભરૂચ – શુક્રવાર - ગાંધીનગર રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા આગામી તા. ૨૬-૦૪-૨૦૨૬ના રોજ યોજાનારી ૧૫ મહાનગરપાલિકાઓ, ૮૪ નગરપાલિકાઓ, ૩૪ જિલ્લા પંચાયતો અને ૨૬૦ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી તેમજ નગરપાલિકાઓની પેટા ચૂંટણી માટેનો વિગતવાર કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમ મુજબ ઉમેદવારી પત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ ૧૧-૦૪-૨૦૨૬ (શનિવાર) છે. સામાન્ય રીતે આ દિવસે બીજો શનિવાર હોવાથી સરકારી કચેરીઓમાં રજા હોય છે, પરંતુ ચૂંટણીની પ્રક્રિયાને ધ્યાને રાખીને રાજ્ય ચૂંટણી આયોગે મહત્વનો નિર્ણય લીધો છે. ચૂંટણી આયોગની જાહેરાત મુજબ, ૧૧મી એપ્રિલે રજાના દિવસે પણ સંબંધિત ચૂંટણી અધિકારીશ્રીઓ અને મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓની કચેરીઓ નિયમિત રીતે ખુલ્લી રહેશે. આ દિવસે ઉમેદવારી પત્રો સ્વીકારવાની કામગીરી ચાલુ રાખવામાં આવશે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી લડવા ઈચ્છતા તમામ ઉમેદવારોએ આ ફેરફારની નોંધ લેવા વિનંતી કરવામાં આવી છે. તેમ ગાંધીનગર રાજ્ય ચૂંટણી આયોગના સચિવ દ્વારા આપેલ એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

# દાંતા તાલુકામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ત્રિકોણિયો જંગ

### કોંગ્રેસ-ભાજપ વચ્ચે મુખ્ય ટક્કર, આપ કોના મત કાપશે ?

(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૧૦

બનાસકાંઠા જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને રાજકીય માહોલ ગરમાયો છે. જિલ્લા પંચાયતની કુલ ૪૮ બેઠકો તેમજ ૧૦ તાલુકા પંચાયતની ૨૪૦ બેઠકો અને ત્રણ નગરપાલિકાઓ માટે આગામી ૨૬ એપ્રિલે મતદાન યોજાનાર છે. આવતીકાલે શનિવારે ઉમેદવારી ફોર્મ ભરવાનો અંતિમ દિવસ હોવાથી દાંતા તાલુકા મથકે આજે ઉમેદવારો અને તેમના ટેકેદારોની ભારે ભીડ જોવા મળી હતી.



(તસવીર : જમીલ મેમણ, ડીસા)

પરંપરાગત રીતે દાંતા તાલુકો કોંગ્રેસનો ગઢ માનવામાં આવે છે, જ્યાં સામાન્ય રીતે કોંગ્રેસ અને ભાજપ વચ્ચે સીધી ટક્કર રહેતી આવી છે. જોકે આ વખતે આમ આદમી પાર્ટીએ પણ મેદાનમાં ઉતરીને તમામ બેઠકો પર ઉમેદવારો ઊભા રાખતા ચૂંટણી ત્રિકોણીય બની છે. આ પરિસ્થિતિમાં હવે સૌથી મોટો સવાલ એ છે કે આપ પાર્ટી કોના મત કાપશે અને તેનો ફાયદો કોને મળશે? દાંતા તાલુકાની આ ચૂંટણી હવે રસપ્રદ બની છે.

# વારાહીમાં એક સાથે એક જ પરિવારના ચાર જનાઝા ઊઠતા ગામ હિબકે ચડયું

## હાજીપીરના ઉર્સમાંથી પરત ફરતા વેળા રોઝુ ગામ પાસે અકસ્માત સર્જાયો હતો



### અકસ્માતમાં મોતને ભેટેલા કમનસીબો

(૧) ઘાંચી જાવેદ અક્ષરભાઈ (ઉ.વ.૨૫, પુત્ર) (૨) ઘાંચી અક્ષર એમદભાઈ (ઉ.વ.૪૭, પિતા) (૩) ઘાંચી મદીનાબેન અક્ષરભાઈ (ઉ.વ.૪૬ માતા) (૪) ઘાંચી એમદભાઈ હસનભાઈ ઉ.વ.૭૭ (દાદા)નો સમાવેશ થાય છે.

(સંવાદદાતા દ્વારા)

પાટણ,તા.૧૦

સાંતલપુર-આડેસર હાઈવે પર રોઝુ ગામના પાટીયા પાસે ગત રાત્રે હાજીપીરના ઉર્સમાંથી પરત ફરતા વારાહીના મુસ્લિમ-ઘાંચી પરિવારની અલ્ટ્રો કારને ટેન્કરે જોરદાર ટક્કર મારતા અલ્ટ્રો કારનો કચ્ચરઘાણ વળી ગયો હતો અને તેમાં મુસાફરી કરી રહેલા ઘાંચી પરિવારના દાદા, પિતા-પુત્ર અને માતા સહિત ચારનાં મોત થયા હતા. જયારે પરિવારના અન્ય ત્રણને ગંભીર ઈજા થતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. વારાહી ખાતે આજે ચારેના જનાજા નીકળતા સમગ્ર ગામ હિબકે ચડયું હતું. સાંતલપુર તાલુકાના વારાહી ખાતે રહેતા જાવેદભાઈ ઘાંચીનો પરિવાર ગુરૂવારે વહેલી સવારે ખુશી-ખુશી કાર લઈને હાજીપીર દર્શન કરવા ગયો હતો. દિવસભર શ્રદ્ધાપૂર્વક દર્શન અને સલામ ભરીને આ પરિવાર સાંજના સમયે પરત ફરી રહ્યો હતો ત્યારે રોઝુ ગામના પાટીયા પાસે ટેન્કરે અને કાર વચ્ચે સામસામે ભયાનક ટક્કર થઈ હતી. ટક્કર એટલી પ્રચંડ હતી કે કારનો કચ્ચરઘાણ વળી ગયો હતો. અકસ્માતને પગલે ચીસાચીસ થતા આસપાસના લોકો દોડી આવ્યા હતા. કારમાં સવાર જાવેદભાઈ તેમના પિતા અક્ષરભાઈ અને દાદા અહેમદભાઈનું ઘટનાસ્થળે જ મોત નીપજયું હતું. જયારે જાવેદના માતા મદીનાબેનને ગંભીર હાલતમાં રાધનપુર ખસેડાઈ રહ્યા હતા. ત્યારે તેમણે રસ્તામાં જ દમ તોડયો હતો. એક હસ્તા-રમતા પરિવારની ત્રણ પેઢીના પુરૂષ સભ્યો અને માતાએ વિદાય લેતા પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે. ઈજાગ્રસ્તોને સાંતલપુર રેફરલ હોસ્પિટલ બાદ વધુ સારવાર અર્થે રિફર કરવામાં આવ્યા હતા.

# ઉમેદવારોની યાદી જાહેર થતાં જ ગુજરાતમાં અનેક જગ્યાએ ભાજપમાં ભડકો : ખાનપુર કાર્યાલયે પોલીસ બંદોબસ્ત ગોઠવાયો

## કેટલાકે ટિકિટ ન મળતા રાજીનામા ધરી દીધાં, કાર્યકરોએ ભાજપની ઓફિસે જઈ વિરોધ પણ કર્યો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૦

રાજયમાં આગામી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીને લઈ રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. ભાજપે ૧૦ એપ્રિલે શુક્રવારના રોજ દિવસભર થોડી થોડીવારે જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, મનપા અને નપાના ઉમેદવારો જાહેર કર્યા હતા. જો કે સુરત અને અમદાવાદનો વારો છેલ્લે આવ્યો હતો. ૧૦ વાગ્યા પછી સુરતની યાદી આવી હતી.

જયારે બળવાના ડરે અટકેલી અમદાવાદની યાદી ૧૧ વાગ્યે જાહેર કરી હતી. આ પહેલાં અમદાવાદ મહાનગરપાલિકા માટે ભાજપ પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડમાં ઉમેદવારોના નામ નક્કી કરી ઉમેદવારોને ફોન કર્યા હતા. સાંજ સુધીમાં સુધીમાં ૪૨ ઉમેદવારને ફોન ગયો હતો, જયાં ફોન કર્યા છે તે વોર્ડમાંથી પણ રાજીનામાં પડવાની શરૂઆત થઈ ગઈ હતી. ચાંદખેડા વોર્ડના ઉમેદવાર તો ખાનપુર અને ધારાસભ્યની ઓફિસે ઉગ્ર રજૂઆત કરવા પણ પહોંચી ગયા હતા.

અમદાવાદ બાદ યાદી જાહેર થતાં જ રાજકોટમાં ભાજપમાં ભડકો જોવા મળ્યો હતો, જેમાં ક્રાઈમ બ્રાન્ચને ઉતારવી પડી હતી. ટિકિટ ના મળતા પૂર્વ કોર્પોરેટર નિતિન રામાણી ૨૦૦ કાર્યકર્તાઓ સાથે રાજકોટ શહેર ભાજપ ઓફિસ ખાતે પહોંચ્યા હતા.

મુખ્યમંત્રી નિવાસ સ્થાને ભાજપની ચૂંટણી સમિતિની બેઠક શુક્રવારે ફરીથી ગરમાઈ હતી. કારણ કે સૌરાષ્ટ્ર સહિત બાકી રહેલી બેઠકો માટે ઉમેદવારોના નામ પર હજુ સુધી એકમત થઈ શકાયું નથી. શનિવારે ફોર્મ ભરવાનો છેલ્લો દિવસ હોવા છતાં ઉમેદવાર પસંદગીમાં વિલંબને કારણે રાજકીય ગતિવિધિઓ તેજ બની છે. બીજી તરફ, પોતાના ઉમેદવારો માટે ધારાસભ્યો અને સ્થાનિક નેતાઓ દ્વારા જોરદાર લોબિંગ કરવામાં આવી રહ્યું છે, જેના કારણે દબાણ પણ વધી રહ્યું છે.

અમદાવાદમાં ઉમેદવારોની પસંદગીને લઈને ભાજપને ભીંસ પડી ગઈ હતી. અમદાવાદના કેટલાક વોર્ડમાં ઉમેદવારોની જાહેરાતને લઈ આંતરિક વિખવાદ સામે આવ્યો હતો. આક્રોશિત કાર્યકર્તાઓ ખાનપુર શહેર ભાજપ કાર્યાલય ખાતે રજૂઆત કરવા આવે તેવી શક્યતાને લઈ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો.

અમદાવાદના ચાંદખેડા વોર્ડના અનુસૂચિત જાતિના પ્રમુખ સહિત તમામ ઉમેદવારોએ રાજીનામું આપ્યું હતું. ચાંદખેડા વોર્ડમાં કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલા પૂર્વ કોર્પોરેટર જયંતીલાલ જાદવના પુત્ર યશ જાદવને ઉમેદવાર જાહેર કરવામાં આવતા સ્થાનિક કાર્યકર્તાઓએ વિરોધ કર્યો હતો. તો ભાજપના ચાંદખેડા વોર્ડના પૂર્વ મહામંત્રી વિનોદ વ્યાસને ટિકિટ ન મળતા ભાજપના ધારાસભ્ય અલ્પેશ ઠાકોરની ઓફિસે પ્રમુખ કેતન દેસાઈ અને પ્રભારીને ઉગ્ર રજૂઆત કરી હતી.

સાવલી ભાજપના મહિલા મોરચાના મહામંત્રી વૈશાલી પુરોહિતને ટિકિટ ન મળતા તેમણે રાજીનામું આપી દીધું છે, આ દરમિયાન તેઓ રડી પડ્યા હતા.

વડોદરા જિલ્લા પંચાયતની ચૂંટણી માટે ભાજપે ઉમેદવારોના નામની જાહેરાત કરી દીધી છે. ત્યારે જિલ્લા પંચાયતની પોર બેઠક ઉપર બળવો જોવા મળી રહ્યો છે. પોર બેઠક ઉપર તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ અને ઈન્સ્ટાગ્રામ ઉપર છવાયેલા રહેતા અંકિતા પરમારની પસંદગી કરવામાં આવી છે. જેના કારણે આ બેઠક ઉપરથી એક શિક્ષિત મહિલા નયના પરમારની ટિકિટ કપાતા તેઓએ હવે બળવો પોકાર્યો છે અને સોશિયલ મીડિયા ઉપર તેઓના પતિએ જાહેરાત કરી દીધી છે કે આગામી ૧૧ એપ્રિલે તેઓ અપક્ષ તરીકે ફોર્મ ભરશે.

સુરત AAPમાં ભડકાની સ્થિતિ જોવા મળી રહી છે. વોર્ડ નં.૧૨માં ગઈકાલે બપોરે ટિકિટ ફાળવ્યા બાદ ગણતરીના કલાકોમાં જ ઉમેદવાર પ્રીતિ સદાદિયા સહિત ૫૦૦ સક્રિય કાર્યકરોએ પક્ષ છોડી કોંગ્રેસનો હાથ પકડ્યો છે. સાથે જ ડો. નીતા બલદાણીયા પણ આપમાંથી રાજીનામું આપી કોંગ્રેસમાં જોડાઈ ગયા હતા. સુરત મનપા ચૂંટણીના પ્રબળ દાવેદાર ધાર્મિક માલવિયાને ભાજપ વિધાનસભાની ચૂંટણીમાં મોટી જવાબદારી આપવાની હોવાથી હાલમાં મનપામાં ઉમેદવાર બનાવશે નહીં.

બીજી બાજું કોંગ્રેસે અમદાવાદમાં ઉમેદવારોને સીધા મેન્ડેટ આપવાનું નક્કી કર્યું છે. ટિકિટને લઈને કોંગ્રેસમાં છેલ્લી ઘડી સુધી ખેંચતાણ ચાલી રહી છે. અલગ-અલગ જગ્યાઓ પર નેતાઓ બેઠકો કરી રહ્યા છે. વિવાદિત બેઠક પર હજુ પણ ઉમેદવારના નામની પંસદગી કરવામાં આવી નથી. વિવાદિત બેઠક પર શુક્રવારે પણ ઉમેદવારને ટેલિફોનીક જાણ નહીં કરવામાં આવી ન હતી.

## ઓલ ઈન્ડિયા પોલીસ ડ્યુટી મીટ (AIPDM) મહારાષ્ટ્રના નાગપુરમાં યોજાઈ હતી

# ૧૬ વર્ષ પછી ગુજરાત પોલીસ ડોગ 'ચેક' રાષ્ટ્રીય પોલીસ ડ્યુટી મીટમાં ગોલ્ડ મેડલ જીત્યો

## રાજ્ય પોલીસ વડાએ પોલીસ ડોગ 'ચેક', ડોગ હેન્ડલર રમેશ ખાંટને મેડલથી સન્માનિત કર્યા

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૦

ગુજરાત પોલીસનાં 'ચેક' નામના નર ડૉગે રાષ્ટ્રિય કક્ષાની સ્પર્ધામાં ગોલ્ડ મેડલ જીતી ગુજરાત પોલીસનું ગૌરવ વધાર્યુ છે.

તાજેતરમાં મહારાષ્ટ્રનાં નાગપુર ખાતે યોજાયેલી ૬૯મી ઓલ ઈન્ડિયા પોલીસ ડ્યુટી મીટ ચેમ્પિયનશિપ ૨૦૨૫-૨૬માં બે અલગ-અલગ કેટેગરીમાં ગુજરાત પોલીસનાં ચેક ડોગે ગોલ્ડ અને બ્રોન્ઝ મેડલ જીત્યા હતા અને રાજ્ય પોલીસને ગૌરવ અપાવ્યું હતું.

માર્ચ-એપ્રિલ ૨૦૨૬ દરમિયાન નાગપુરમાં યોજાયેલી આ ૬૯મી આવૃત્તિમાં દેશભરના પોલીસ K9 સ્ક્વોડ, ફોરેન્સિક નિષ્ણાતો અને પોલીસ કર્મચારીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં વિસ્ફોટક અને નાર્કોટિક્સ શોધ, ટ્રેકિંગ, એજિલિટી અને ઓબીડિયન્સ જેવી ક્ષમતાઓ ચકાસવામાં આવી હતી.

ગુજરાત પોલીસ માટે આ ગૌરવની ક્ષણ હતી, કારણ કે રાજ્યના પોલીસ ડોગે ૧૬ વર્ષના અંતર પછી રાષ્ટ્રીય સ્તરની પોલીસ ડ્યુટી મીટમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. આજે રાજ્યના પોલીસ વડા (DGP) કેએલએન રાવે ગાંધીનગર સ્થિત પોલીસ ભવનમાં પોલીસ ડોગ 'ચેક', તેના હેન્ડલર રમેશ ખાંટ અને પોલીસ ડોગ ટ્રેનિંગ કન્સલ્ટન્ટ કર્નલ ચંદનસિંહ રાઠોડને મળી આ નોંધપાત્ર સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા હતા.

ગુજરાત પોલીસના કુલ છ ડોગે ત્રણ અલગ-અલગ સ્પર્ધાત્મક કેટેગરીમાં ભાગ લીધો હતો, જેમાં દરેક કેટેગરી-ટ્રેકિંગ, વિસ્ફોટક શોધ અને નાર્કોટિક્સ શોધમાં બે ડોગ સ્પર્ધા માટે ઉતર્યા હતા.

"ગુજરાત પોલીસનો 'ચેક' ડોગ ટ્રેકિંગ કેટેગરીમાં ગોલ્ડ મેડલ જીત્યો અને ઓવરઓલ ટ્રેકિંગ કેટેગરીમાં બ્રોન્ઝ મેડલ પણ જીત્યો. આ સિદ્ધિ મેળવવા માટે અમે ભારે મહેનત કરી છે," એમ ગુજરાત પોલીસના ડોગ ટ્રેનિંગ કન્સલ્ટન્ટ ચંદનસિંહ રાઠોડએ જણાવ્યું હતું.

ટ્રેકિંગ કેટેગરીમાં વિવિધ રાજ્ય પોલીસ દળો અને પેરામિલિટરી યુનિટ્સના કુલ ૪૫ ડોગ્સે ભાગ લીધો હતો, જેમાં ગુજરાત પોલીસના ડોગ 'ચેક'એ બાજી મારી હતી અને ગોલ્ડ જીત્યો હતો. આ સમગ્ર ઈવેન્ટમાં વિવિધ રાજ્ય પોલીસ અને પેરામિલિટરી દળોના ૨૦૦થી વધુ ડોગ્સે વિવિધ કેટેગરીમાં ભાગ લીધો હતો.

આ રાષ્ટ્રીય સ્પર્ધા પહેલાં ગુજરાત પોલીસએ વહેલી તકે તૈયારી શરૂ કરી હતી અને મેડલ મેળવવા માટે સતત પ્રયત્નો કર્યા હતા.

રાષ્ટ્રીય સ્પર્ધાની તૈયારી માટે થોડા મહિના પહેલાં ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ (ટ્રેનિંગ) ડૉ. નીરજા ગોટરૂની સૂચના અને માર્ગદર્શન હેઠળ રાજ્ય સ્તરની પોલીસ ડોગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

પસંદ કરાયેલા ડોગને વિશેષ તાલીમ આપવામાં આવી, તેમને કડક ટ્રેનિંગ શેડ્યૂલ હેઠળ રાખવામાં આવ્યા અને યોગ્ય સંભાળ આપવામાં આવી હતી. કુલ નવ ડોગ્સને રાષ્ટ્રીય ચેમ્પિયનશિપ માટે પસંદ કરવામાં આવ્યા હતા, જેમાંથી છએ વિવિધ ઈવેન્ટ્સમાં ભાગ લીધો હતો. રાજ્યના વિવિધ જિલ્લાઓમાં આશરે ૧૬૦ પોલીસ ડોગ્સ કાર્યરત છે, જે વિસ્ફોટક શોધ, નાર્કોટિક્સ શોધ, ગુનાની તપાસ માટે ટ્રેકિંગ, અને દારૂ શોધ સહિત વિવિધ કામગીરી માટે પ્રશિક્ષિત છે.

## ઢોસાના ખીરાથી બે બાળકીના શંકાસ્પદ મોતનો મામલો

# બાળકીની માતાની ડાયરીમાં પુત્ર પ્રાપ્તિ માટે પ્રાર્થના કરી હોવાનો ઉલ્લેખ, માનતા પણ રાખી હતી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૦

શહેરના ચાંદખેડા વિસ્તારમાં ખીરું લાવીને ઢોસા બનાવી ખાધા બાદ બે બાળકીઓના શંકાસ્પદ મોતના મામલે પોલીસે તપાસનો ધમધમાટ તેજ કર્યો છે. પોલીસ અત્યાર સુધીમાં પરિવારના સભ્યો સહિત અંદાજે ૩૦થી ૩૫ લોકોની પૂછપરછ કરી ચૂકી છે. પરિવાર હજુ પણ ખીરુંના કારણે જ ઝેરી અસર થઈ હોવાની વાત પર મક્કમ છે, પરંતુ પોલીસ ઘટના પાછળના અન્ય પાસાઓ પણ તપાસી રહી છે. સૂત્રોના

### પોલીસે જુદા જુદા તથ્યોની તપાસ શરૂ કરી

જણાવ્યાનુસાર, પોલીસે ભાવનાની ઘરે તપાસ કરતા ત્યાંથી એક ડાયરી મળી છે, જેમાં પુત્ર પ્રાપ્તિ માટે પ્રાર્થના કરી હોવાનો ઉલ્લેખ મળી આવ્યો છે. તેમજ માનતા પણ રાખી હતી. ત્યારે કેસમાં પુત્ર પ્રાપ્તિની ઈચ્છા તથા અન્ય કારણ હોય શકે છે. ચાંદખેડા પોલીસ સ્ટેશનના પીઆઈએ જણાવ્યું કે, 'આ કેસની તપાસ પૂરજોશમાં ચાલી રહી છે. અમે વિપુલ, વિમલ, ભાવના અને દાદા સહિત ઘરના તમામ સભ્યોની આંતરિક પૂછપરછ કરી રહ્યા છીએ. જોકે, બાળકીઓના માતા-પિતા હજુ પણ આઈસીયુ (ICU)માં સારવાર હેઠળ છે. તેની તબિયત હાલ સ્ટેબલ હોવાનું કહેવાય છે, પરંતુ હજુ પણ તેમને તબીબી નિરીક્ષણ હેઠળ રાખવામાં આવ્યા છે. પરંતુ આ ઘટના મોટાભાગે ઘરની અંદર જ થઈ હોય તેવું લાગે છે અને તેથી જ અમે તે દિશામાં વધુ તપાસ કરી રહ્યા છીએ.' એફએસએલ રિપોર્ટ અંગે પીઆઈએ જણાવ્યું કે, '૪ વર્ષની બાળકીના પીએમ રિપોર્ટ માટે એફએસએલ પેન્ડિંગ છે જે કદાચ આવતીકાલ સુધીમાં આવી જશે. અમે અત્યાર સુધીમાં અંદાજે ૩૦થી ૩૫ લોકોની પૂછપરછ કરી છે અને જો કે, તપાસ સોંપવા અંગેનો કોઈ સત્તાવાર પત્ર મળ્યો નથી, છતાં ક્રાઈમ બ્રાન્ચ પણ અમારી સાથે રહીને આ કેસમાં મદદ કરી રહી છે.' ઉલ્લેખનીય છે કે ચાંદખેડાની મારુતિ પ્લાઝા સોસાયટીમાં રહેતા વિમલભાઈ પ્રજાપતિ ગત છઠ્ઠી એપ્રિલના રોજ સ્થાનિક 'ઘનશ્યામ ડેરી'માંથી ઢોસાનું તૈયાર ખીરું લાવ્યા હતા. આ ખીરામાંથી બનાવેલા ઢોસા ખાધા બાદ સમગ્ર પરિવારની તબિયત લથડી હતી. ગંભીર ફૂડ પોઈઝનિંગના આક્ષેપ વચ્ચે ચાર વર્ષની મીશ્રી અને અઢી મહિનાની રાહા નામની બંને બાળકીઓનું કરુણ મોત નીપજયું હતું. બાળકીઓના પિતા વિમલ અને માતા ભાવનાબેન હાલમાં હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

# ગુજરાત પોલીસ દ્વારા ભારતનું પ્રથમ 'NARIT AI' ટૂલ લોન્ચ

## નશાના કારોબારને જડમૂળથી ઉખેડી ફેકવા AIની મદદ લેવાશે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર,તા.૧૦

રાજ્યમાં નશાના કારોબારને જડમૂળથી ઉખેડી ફેંકવા રાજ્ય સરકારે હવે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)નો સહારો લીધો છે. ડ્રગ્સના ગુનાઓ સામે 'ઝીરો ટોલરન્સ'ની નીતિને વધુ સચોટ બનાવવા માટે ગુજરાત પોલીસ દ્વારા 'NARIT AI' (Narcotics Analysis & RAG-based Investigation Tool) નામનું અત્યાધુનિક ટૂલ લોન્ચ કરવામાં આવ્યું છે. આ પ્રકારની ટેક્નોલોજીનો ઉપયોગ કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે. ઘણી વખત જટિલ NDPS (નશાબંધી) કેસોમાં મજબૂત પુરાવા હોવા છતાં નાની પ્રક્રિયાત્મક ખામીઓને કારણે આરોપીઓ કોર્ટમાંથી છૂટી જતા હોય છે. 'NARIT AI' નો મુખ્ય હેતુ આવી ખામીઓને દૂર કરી તપાસને વધુ વૈજ્ઞાનિક અને પુરાવા-લક્ષી બનાવવાનો છે, જેથી આરોપીઓને કડકમાં કડક સજા અપાવી શકાય (Conviction Rate વધારી શકાય) તપાસ અધિકારી જેવી FIR અપલોડ કરશે, કે તરત જ આ સિસ્ટમ કેસનું ઊંડું વિશ્લેષણ કરશે. આ ટૂલ કેસની મજબૂતી અને નબળાઈઓ દર્શાવશે અને આગળ કયા કાનૂની પગલાં લેવા જોઈએ તેનું રિપોર્ટ સ્વરૂપે સૂચન આપશે. આ એપ્લિકેશન સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના હજારો ચુકાદાઓ તેમજ NDPS, BNS અને BNSS જેવા કાયદાઓના ડેટાબેઝ પર આધારિત છે, જેનાથી તપાસ અધિકારીને તૈયાર કાનૂની સંદર્ભો મળી રહેશે. આ ટૂલ ઓપન ઈન્ટરનેટ પર નિર્ભર ન હોવાથી તેમાં ભૂલો (Hallucinations) થવાની શક્યતા નહિવત છે. આ મહત્વપૂર્ણ એપ્લિકેશન પશ્ચિમ રેલવે પોલીસ, વડોદરા વિભાગ દ્વારા મુંબઈના એક AI સ્ટાર્ટઅપના સહયોગથી વિકસાવવામાં આવી છે. રાજયના પોલીસ વડા કે.એલ.એન. રાવ અને સુરત શહેર પોલીસ કમિશનર અનુપમ સિંહ ગેહલોતના માર્ગદર્શન હેઠળ આ પહેલને આખરી ઓપ અપાયો છે, જેમાં વડોદરા રેલવે SP અભય સોનીએ મુખ્ય ભૂમિકા ભજવી છે. આ અંગે નાયબ મુખ્યમંત્રી અને ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્ય ડ્રગ્સના નેટવર્કને તોડી પાડવા કટિબદ્ધ છે. ટેક્નોલોજીના માધ્યમથી હવે તપાસ વધુ મજબૂત બનશે અને ડ્રગ્સના સોદાગરો સામે કાયદાનો ગાળિયો વધુ કડક થશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં 'NARIT AI'ના આગમનથી ગુજરાત પોલીસ હવે હાઈટેક બનીને ડ્રગ માફિયાઓ સામે મોરચો માંડશે.

## ઈફકોના અધ્યક્ષ દિલીપ સંઘાણીએ લીલીઝંડી બતાવી

# ઈફકો દ્વારા દેશવ્યાપી નેનો ખાતર જાગૃતિ મહા અભિયાનની શરૂઆત



અમદાવાદ,તા.૧૦

ઈફકો ભારતની સૌથી મોટી ખાતર સહકારી સંસ્થાએ શુક્રવારે સત્તાવાર રીતે ઈફકો નેનો ખાતર જાગૃતિ મહા અભિયાનનો પ્રારંભ કર્યો આ દરમ્યાન ઈફકોના અધ્યક્ષ દિલીપ સંઘાણીએ પ્રેસ વાર્તાને સંબોધિત કરતા જણાવ્યું કે આ એક વ્યાપક અને એકીકૃત રાષ્ટ્રીય જાગૃતિ અભિયાન છે, જેનો હેતુ ભારતીય ખેડૂતોમાં નેનો ખાતરોના ઉપયોગને પ્રોત્સાહિત કરવાનો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહની પ્રેરણાથી શરૂ કરવામાં આવ્યું છે અને 'આત્મનિર્ભર ભારત' અને 'સહકારથી સમૃદ્ધિ' જેવા રાષ્ટ્રીય મિશન સાથે સુસંગત છે. ભારતના રાજપત્રના ખાતર નિયંત્રણ આદેશ (FCO)માં નેનો NPK લિક્વિડ (8-8-10) અને નેનો NPK ગ્રેન્યુલર (20-10-10)ની ઐતિહાસિક સૂચનાને ભારતીય કૃષિ નવીનતા યાત્રામાં એક મહત્વપૂર્ણ મિલનો પથ્થર ગણાવવામાં આવ્યો, જે ભારતીય સહકારિતા માટે ગૌરવની ક્ષણ છે. તેમણે આગળ જણાવ્યું કે કોયમ્બતૂર સ્થિત ઈફકો-નાનોવેન્શન્સમાં ઈફકોનું ઈનોવેશન હબ અને બ્રાઝીલમાં આવનાર નેનો ખાતર ઉત્પાદન પ્લાન્ટ જે જૂન 2026 સુધી શરૂ થવાનો છે કૃષિ માટે નેનો ટેકનોલોજીમાં ભારતની વધતી વૈશ્વિક ક્ષમતાનું પ્રતિક છે.

### ત્રણ યુવા એથ્લેટસ જૂનિયર એશિયન સ્કવોશ ચેમ્પિયનશિપમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે

અમદાવાદ,તા.૧૦

ચિરિપાલ ગ્રુપના સ્કવોશ એક્સિલેન્સ પ્રોગ્રામ હેઠળ જેમને સમર્થન અને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. તેવી ત્રણ યુવા મહિલા એથ્લેટસ હવે ખુબ જ પ્રતિષ્ઠિત ગણાતી ૩૩મી જૂનિયર એશિયન સ્કવોશ ચેમ્પિયનશીપમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે. આ પસંદગીના પરિણામો તાજેતરમાં જ જાહેર કરવામાં આવ્યા છે અને હવે આ ત્રિપુટી આ વર્ષે ૨૦થી ૨૪ મે દરમ્યાન ચીનમાં યોજાનારી ટુર્નામિન્ટમાં એશિયાના અન્ય ખેલાડીઓ સાથે સ્પર્ધામાં ઉતરશે. આ ટુર્નામિન્ટ માટે પસંદગી પામેલા એથ્લેટસમાં સુદેશ કન્ના પાસેથી કોચિંગ પ્રાપ્ત કરનારી રાંચીની આધા બુધિયા (ગર્લ્સ અંડર-૧૫ કેટેગરી)ની સાથે રણવિજય અને સતીશ પાસેથી કોચિંગ પ્રાપ્ત કરનારી ચેન્નાઈની દીવા પારસમ્પુરીયા (ગર્લ્સ અંડર-૧૫ કેટેગરી) અને અવિનાશ યાદવ પાસેથી કોચિંગ પ્રાપ્ત કરનારી મુંબઈની રિયા દલાલ (ગર્લ્સ અંડર-૧૩ કેટેગરી)નો સમાવેશ થાય છે.

# અમદાવાદ વિમાન દુર્ઘટના : મૃતકના પુત્રએ યુકેની AAIBને પત્ર લખ્યો

## AAIBએ જવાબમાં કહ્યું-માત્ર પ્રાથમિક અથવા મીડિયા રિપોર્ટિંગના આધારે કોઈ નિષ્કર્ષ પર પહોંચશો નહીં

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૦

અમદાવાદ શહેરમાં ૧૨ જૂન ૨૦૨૫ના રોજ થયેલા એર ઈન્ડિયા ફ્લાઈટ ૧૭૧ના ભયાનક અકસ્માતને ૧૦ મહિના થયો છે. છતાં મૃતકોના પરિવારોમાં અસંતોષ અને પ્રશ્નો યથાવત્ છે. ખાસ કરીને બ્રિટનના નાગરિકોના પરિવારો હવે ખુલ્લેઆમ કહી રહ્યા છે કે, તેમને હજુ સુધી ઘટનાનું સંપૂર્ણ સત્ય જાણવા મળ્યું નથી.

આ અકસ્માતમાં ૨૭૯ સંખ્યામાં લોકોનાં મોત થયા હતા, જેમાં બ્રિટિશ નાગરિકો પણ સામેલ હતા. બ્રિટિશ નાગરિક હરેશ પટેલના પિતા કુબેરભાઈ અને માતા બેબીબેન પણ આ અકસ્માતનો ભોગ બન્યા હતા.હરેશ પટેલે યુકેની Air Accidents Investigation Branch (AAIB)ને પત્ર લખ્યો હતો. જેનો પ્રત્યુત્તર AAIBએ તેમને આપ્યો હતો કે, ૧૨ જૂન ૨૦૨૫ના અમદાવાદ (ભારત) ખાતે એર ઈન્ડિયા ફલાઈટ ૧૭૧ના અકસ્માત અંગે તાજેતરમાં AAIBનો સંપર્ક કરવા બદલ આભાર. હું આ તપાસમાં AAIB ઈન્ડિયા માટે નિમાયેલ "Expert" છું. અકસ્માતની વર્ષગાંઠ નજીક આવી રહી છે, ત્યારે આપના નુકસાન માટે મારી હાર્દિક સંવેદના સ્વીકારશો.

તમારા ઈમેલમાં તમે લખ્યું હતું કે, AAIB ઈન્ડિયા તપાસમાં "Expert status" ધરાવે છે. આ સ્થિતિએ કારણે છે કે આ અકસ્માતમાં યુનાઈટેડ કિંગડમના નાગરિકોના મૃત્યુ થયા હતા, અને આ આંતરરાષ્ટ્રીય નિયમો (Annex 13-Convention on International Civil Aviation) મુજબ છે.

એક Expert તરીકે, મને અને મારી ટીમને અકસ્માત સ્થળની મુલાકાત લેવાનો અધિકાર હતો. અમને AAIB ઈન્ડિયા દ્વારા જાહેર કરવા માટે મંજૂર માહિતી મેળવવાનો અને અંતિમ રિપોર્ટની નકલ મેળવવાનો અધિકાર છે. પરંતુ, મને તપાસના ટેક્નિકલ પાસાઓ વિશે માહિતી મેળવવાનો અધિકાર નથી. એટલે કે, યુનાઈટેડ કિંગડમ તમારા માગ્યા મુજબ સ્વતંત્ર ટેક્નિકલ તપાસ કરી શકતું નથી. તમારા ટેક્નિકલ પ્રશ્નો અંગે-પ્રાથમિક (preliminary) રિપોર્ટ હંમેશા અંતિમ નથી હોતો અને આગળની તપાસ બાદ તેમાં ફેરફાર થઈ શકે છે.

અમેરિકાનો National Transportation Safety Board (NTSB) આ તપાસમાં સંપૂર્ણ રીતે જોડાયેલો છે, કારણ કે તે વિમાનના ડિઝાઈન અને ઉત્પાદન દેશનું પ્રતિનિધિત્વ કરે છે. NTSB અને તેની સલાહકાર કંપની Boeingએ ઉપલબ્ધ ટેક્નિકલ માહિતીનું વિશ્લેષણ કર્યું છે અને તેમનું વિશ્લેષણ AAIB ઈન્ડિયાની તપાસમાં સામેલ કરવામાં આવ્યું છે.

તેથી શક્ય છે કે, આપના પ્રશ્નોના જવાબ અંતિમ રિપોર્ટમાં મળે. હું આપને સલાહ આપું છું કે માત્ર પ્રાથમિક રિપોર્ટ અથવા મીડિયા રિપોર્ટિંગના આધારે કોઈ નિષ્કર્ષ પર પહોંચશો નહીં. હું સમજું છું કે, અંતિમ રિપોર્ટ માટે રાહ જોવી આપ અને અન્ય પરિવારો માટે મુશ્કેલ છે, ખાસ કરીને જ્યારે ઘણા પ્રશ્નો બાકી હોય. મેં તાજેતરમાં AAIB ઈન્ડિયાને પૂછ્યું હતું કે, રિપોર્ટ ક્યારે આવશે, પરંતુ તેમણે કોઈ તારીખ આપી નથી.આ પ્રકારના રિપોર્ટ તૈયાર થવામાં સમય લાગે છે, કારણ કે તપાસ સંસ્થાઓ સંપૂર્ણ અને વિગતવાર તપાસ કરવા માંગે છે અને તેથી અગાઉથી ચોક્કસ તારીખ જણાવવી મુશ્કેલ હોય છે.

### દેશની પ્રખ્યાત કંપનીનું Q1માં ઐતિહાસિક પ્રદર્શન

અમદાવાદ,તા.૧૦

BMW Group India એ કેલેન્ડર વર્ષ ૨૦૨૬ની પ્રથમ ત્રિમાસિક (Q1)માં અત્યાર સુધીનું સૌથી વધુ કાર વેચાણ નોંધાવ્યું છે. કંપનીએ કુલ ૪,૫૬૭ કાર વેચી, જે ગયા વર્ષની સરખામણીએ+૧૭ ટકાની મજબૂત વૃદ્ધિ દર્શાવે છે વર્ષની શરૂઆત અત્યંત સકારાત્મક રહી, જયાં દરેક મહિને અત્યાર સુધીનું શ્રેષ્ઠ વેચાણ પ્રદર્શન નોંધાયું. હરદિપ સિંઘ Brar, પ્રેસિડેન્ટ અને CEO, BMW Group India એ કહ્યું BMW Group India એ ૨૦૨૬ની શરૂઆત ખુબ મજબૂત સ્થિતિથી કરી છે. વૈશ્વિક આર્થિક અને ભૂ-રાજકીય પડકારો હોવા છતાં અમે Q1માં અત્યાર સુધીનું સર્વોચ્ચ વેચાણ નોંધાવ્યું છે. ભારતમાં લકઝરી ઈલેકટ્રિક મોબિલિટીમાં અમારી આગેવાની અમારા ગ્રાહકોના વિશ્વાસનું પ્રતિબિંબ છે. ૨૦૨૬માં અમારૂં સૌથી મોટું પ્રોડકટ ઓફેન્સિવ રહેશે, જેમાં ૨૭ નવા લોન્ચ સામેલ છે. અમે દરેક નવા વાહન સાથે Sheer Driving pleasure નો અનુભવ આપતા રહીશું.

# AIMIMએ હુમાયુ કબીરની AJUP સાથેનું ગઠબંધન તોડ્યું, પશ્ચિમ બંગાળમાં સ્વતંત્ર રીતે ચૂંટણી લડશે

**ન્યૂઝ પોઈન્ટ** લાંચ લેતા કોઈ જોઈ જાય તો પૈસા ફેંકી દેવાના અને અડપલાં કરનાર સ્ત્રીને કોઈ જોઈ જાય તો સીધી દુષ્કર્મની ફરિયાદ કરી દેવી એ તો શાળામાં એ.બી.સી.ડી. શીખવાડવા જેવું સહેલું નથી શું ?



(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

પૂર્વ ટીએમસી નેતા હુમાયુ કબીર એક કથિત સ્ટિંગ વીડિયોને કારણે કડક તપાસ હેઠળ છે. આ વીડિયોમાં, કબીર ભાજપના વરિષ્ઠ નેતાઓ સાથેના તેમના સંબંધો અને વડા પ્રધાન કાર્યાલય (પીએમઓ) સાથે સંપર્કમાં રહેવા વિશે વાત કરે છે. આ વીડિયોના રાજકીય પરિણામો આવ્યા છે. અસદુદ્દીન ઓવૈસીના નેતૃત્વ હેઠળના ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસ્લિમીન (AIMIM)એ શુક્રવારે હુમાયુ કબીરની પાર્ટી, AJUP સાથેનું જોડાણ તોડી નાખ્યું. તૃણમૂલ કોંગ્રેસે માંગ કરી છે કે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) આ મામલાની તપાસ કરે.

શુક્રવારે યોજાયેલી એક પ્રેસ કોન્ફરન્સમાં, તૃણમૂલ કોંગ્રેસે આરોપ લગાવ્યો કે વડાપ્રધાન કાર્યાલય (PMO) સાથે મળીને મમતા બેનરજી સરકારને હરાવવા માટે ૧,૦૦૦ કરોડ રૂપિયાનું મોટું કાવતરું ઘડવામાં આવી રહ્યું છે. પાર્ટીએ દાવો કર્યો હતો કે આ યોજના પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં મુખ્યમંત્રી મમતા બેનરજીને હરાવવા માટે બનાવવામાં આવી હતી.

આ વિવાદના તાત્કાલિક રાજકીય પ્રત્યાઘાત પડ્યા છે. અસદુદ્દીન ઓવૈસીના નેતૃત્વ હેઠળના ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસ્લિમીન (AIMIM)એ હુમાયુ કબીરની પાર્ટી સાથેનું જોડાણ તોડવાની જાહેરાત કરી છે. શુક્રવાર, ૧૦ એપ્રિલના રોજ એક નિવેદનમાં, AIMIMએ કહ્યું કે, "હુમાયુ કબીરના ખુલાસાઓથી બંગાળના મુસ્લિમોની નબળાઈ છતી થઈ છે. AIMIMને મુસ્લિમોની એકતા અને અખંડિતતા પર પ્રશ્ન ઉઠાવતા કોઈપણ નિવેદન સાથે જોડી શકાય નહીં. આજથી, અમે કબીરની પાર્ટી સાથેના અમારા જોડાણને પાછું ખેંચી લીધું છે."

AIMIMએ કહ્યું કે, "બંગાળના મુસ્લિમો દેશના સૌથી ગરીબ, સૌથી ઉપેક્ષિત અને પીડિત સમુદાયોમાંના એક છે. દાયકાઓના ધર્મનિરપેક્ષ શાસન છતાં, તેમના માટે કંઈ કરવામાં આવ્યું નથી. ચૂંટણી લડવાનો AIMIMનો એકમાત્ર હેતુ વંચિત સમુદાયોને સ્વતંત્ર રાજકીય અવાજ આપવાનો છે. અમે હવે પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણીઓ સ્વતંત્ર રીતે લડીશું અને કોઈપણ પક્ષ સાથે જોડાણ કરીશું નહીં."

થોડા અઠવાડિયા પહેલા, અસદુદ્દીન ઓવૈસીએ હુમાયુ કબીરની AJUP સાથે જોડાણની જાહેરાત કરી હતી. મુર્શિદાબાદ જિલ્લામાં બાબરી મસ્જિદના મોડેલ પર મસ્જિદ બનાવવાનું વચન આપ્યા બાદ હુમાયુ કબીરને ગયા વર્ષે તૃણમૂલમાંથી હાંકી કાઢવામાં આવ્યા હતા. તૃણમૂલ કોંગ્રેસ દ્વારા જાહેર કરાયેલા વીડિયોમાં, હુમાયુ કબીર કથિત રીતે એવું કહેતા સાંભળવામાં આવી રહ્યા છે કે તેમણે વડાપ્રધાન કાર્યાલય (PMO)નો સંપર્ક કર્યો હતો અને તેમને ભાજપ શાસિત રાજ્યોના નેતાઓ સાથે સંકલન કરવાની સલાહ આપવામાં આવી હતી. તેમાં વિપક્ષી નેતા સુવેન્દુ અધિકારી અને આસામના મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમાનો પણ સમાવેશ થાય છે. આ વીડિયોમાં, કબીર પર એવો પણ આરોપ છે કે તેમણે કહ્યું હતું કે, "મુસ્લિમોને મૂર્ખ બનાવવા ખૂબ જ સરળ છે." બાબરી મસ્જિદ મુદ્દાનો ઉલ્લેખ કરતા, તેમણે કથિત રીતે રૂા.૨૦૦ કરોડ અગાઉથી ભંડોળની માંગણી કરી હતી. વીડિયોમાં તૃણમૂલ કોંગ્રેસ પાસેથી લઘુમતી મતોને દૂર કરવાની રણનીતિ ઘડવાની પણ વાત કરવામાં આવી છે, જેનાથી ભાજપને ફાયદો થશે. કબીરે રૂા.૧,૦૦૦ કરોડની સંપૂર્ણ યોજનાનો પણ ઉલ્લેખ કર્યો છે અને જણાવ્યું છે કે તે રકમમાંથી રૂા.૨૦૦ કરોડ પહેલાથી જ મળી ચૂક્યા છે. જોકે, સત્ય હિન્દીએ સ્વતંત્ર રીતે આ વીડિયોની સત્યતા ચકાસી નથી.

હુમાયુ કબીરને ગયા વર્ષે તૃણમૂલ કોંગ્રેસ દ્વારા સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા અને બાદમાં આમ જનતા ઉન્નય પાર્ટી (AJUP)ની રચના કરી હતી, તેમણે આ વીડિયોને સંપૂર્ણપણે નકારી કાઢ્યો હતો. તેમણે તેને "AI-જનરેટેડ" ગણાવ્યું અને તૃણમૂલ નેતૃત્વ પર તેમના વિરુદ્ધ નફરતનું અભિયાન ચલાવવાનો આરોપ લગાવ્યો છે. કબીરે કહ્યું કે, "હું નવેમ્બર ૨૦૧૯થી ભાજપના કોઈપણ નેતાના સંપર્કમાં નથી. જો તેમની પાસે કોઈ પુરાવા કે ફોટોગ્રાફ્સ હોય, તો કૃપા કરીને તેમને બતાવો. તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવ અને આસામના મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમાનું નામ લીધું હતું.

તેમણે મુખ્યમંત્રી મમતા બેનરજી, તૃણમૂલના રાષ્ટ્રીય મહાસચિવ અભિષેક બેનરજી, પાર્ટીના નેતાઓ કુણાલ ઘોષ અને ફિરહાદ હકીમ પર "બનાવટી સ્ટિંગ ઓપરેશન"નો આરોપ લગાવ્યો. કબીરે કહ્યું, "તેઓ મારી સાથે રાજકીય રીતે લડી શકતા નથી, તેથી તેઓ મને બદનામ કરવા માટે AIનો ઉપયોગ કરી રહ્યા છે. હું આ બધા નેતાઓ સામે માનહાનિનો દાવો દાખલ કરીશ." મુસ્લિમ સમુદાયને અપીલ કરતા કબીરે કહ્યું કે, "તૃણમૂલ મુસ્લિમ મતો ગુમાવવાનો ડર રાખે છે, તેથી તેઓએ મારી છબી ખરાબ કરવા માટે આ નકલી વીડિયો બહાર પાડ્યો છે. આ વીડિયો મુસ્લિમ સમુદાયની લાગણીઓની મજાક ઉડાવે છે." ૨૯૪ સભ્યોની પશ્ચિમ બંગાળ વિધાનસભા માટે ચૂંટણી ૨૩ અને ૨૯ એપ્રિલના રોજ બે તબક્કામાં યોજાશે. મતગણતરી ૪ મેના રોજ થશે. આ ઘટનાક્રમે પશ્ચિમ બંગાળમાં રાજકીય ઉથલપાથલ વધુ તીવ્ર બનાવી દીધી છે, કારણ કે બધાનું ધ્યાન મુસ્લિમ વોટ બેંક પર કેન્દ્રિત છે. જોકે, SIR દ્વારા મોટા પાયે મુસ્લિમ મતદારોના નામ મતદાર યાદીમાંથી કાઢી નાખવામાં આવ્યા છે, એવો આરોપ TMC સહિત અન્ય પક્ષો દ્વારા લગાવવામાં આવ્યો છે.

# 'સાપ પર વિશ્વાસ કરી શકાય પરંતુ ભાજપ પર નહીં' : મમતાએ આસામની ચૂંટણી માટે બહારના લોકોને લાવવામાં આવ્યા હોવાનો આરોપ લગાવ્યો

**ટીએમસી સુપ્રીમોએ કહ્યું કે ભાજપ પશ્ચિમ બંગાળમાં બહારના લોકોને લાવીને આવી જ રણનીતિ અપનાવવાનો પ્રયાસ કરી રહી છે, જેના માટે જ ઘણા અધિકારીઓની બદલી કરવામાં આવી છે**



(એજન્સી) તા.૧૦

મમતા બેનરજીએ શુક્રવારે આરોપ લગાવ્યો કે ભાજપે આસામની ચૂંટણી માટે બહારથી લોકોને લાવી છે અને દાવો કર્યો કે તેમને ઉત્તરપૂર્વીય રાજ્યના રહેવાસીઓ પાસેથી મત મેળવવામાં વિશ્વાસનો અભાવ છે. ઉત્તર ૨૪ પરગણા જિલ્લાના તેંતુલિયા ખાતે એક ચૂંટણી રેલીને સંબોધતા, તેમણે દાવો કર્યો કે ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકાર હેઠળ દેશની કોઈપણ એજન્સી તટસ્થ રહી નથી અને "ભગવા પક્ષે તે બધાને ખરીદી લીધા છે. ઉત્તર પ્રદેશથી ૫૦,૦૦૦ લોકોને આસામ લાવવામાં આવ્યા હતા."

ગુરૂવારે ૧૨૬ સભ્યોની આસામ વિધાનસભાની ચૂંટણી એક જ તબક્કામાં યોજાઈ હતી. તેણીએ કહ્યું કે, સાપ પર વિશ્વાસ કરી શકાય છે, પણ ભાજપ પર નહીં. ટીએમસી સુપ્રીમોએ એવો પણ આરોપ લગાવ્યો કે ભાજપ પશ્ચિમ બંગાળમાં બહારના લોકોને લાવીને આવી જ રણનીતિ અપનાવવાનો પ્રયાસ કરી રહી છે, જેના કારણે ઘણા અધિકારીઓની બદલી કરવામાં આવી છે. ચૂંટણી કાર્યક્રમ જાહેર થયા પછી તરત જ ચૂંટણી પંચ દ્વારા પશ્ચિમ બંગાળમાં મોટી સંખ્યામાં પોલીસ અને વહીવટી અધિકારીઓની બદલી કરવામાં આવી હતી. લોકો, પૈસા અને ડ્રગ્સ લાવવામાં આવી રહ્યા છે, પરંતુ અમારા કાર્યકરો તેનો સામનો કરશે અને જીતશે. બેનરજીએ કહ્યું કે પશ્ચિમ બંગાળમાં એસઆઈઆર કવાયત દરમિયાન મતદાર યાદીમાંથી ૯૦ લાખ નામ કાઢી નાખવામાં આવ્યા છે. કાઢી નાખવામાં આવેલા ૯૦ લાખ નામોમાંથી, ૬૦ લાખ હિન્દુઓ અને ૩૦ લાખ મુસ્લિમો છે. તેમણે કહ્યું કે ભાજપ પર ક્યારેય વિશ્વાસ ન કરવો જોઈએ, તેમણે દાવો કર્યો કે આસામમાં એનઆરસી કવાયતમાં, યાદીમાંથી કાઢી નાખવામાં આવેલા ૧૯ લાખ નામોમાંથી, ૧૩ લાખ હિન્દુઓ અને ૬ લાખ મુસ્લિમો હતા. રાજ્યની બધી ૨૯૪ બેઠકો પર મતદારોને ટીએમસીના ઉમેદવાર તરીકે ગણવા વિનંતી કરતાં બેનર્જીએ કહ્યું કે, જો તમે મારા નેતૃત્વ હેઠળ તૃણમૂલ કોંગ્રેસની સરકાર ઈચ્છતા હો, તો હું બધી બેઠકો પર ઉમેદવાર છું. ઘણા અનુસૂચિત જાતિના વ્યક્તિઓના નામ યાદીમાંથી કાઢી નાખવામાં આવ્યા છે, જ્યારે તેમના મતવિસ્તારમાં પણ મતદારોના નામ કાઢી નાખવામાં આવ્યા છે. મને ચિંતા નથી, મને લોકોમાં વિશ્વાસ છે; અમને મતદાર યાદીમાં બાકીના બધા મત મળશે.

તેણીએ આરોપ લગાવ્યો હતો કે ભાજપ સરકાર પશ્ચિમ બંગાળના લોકોના માંસાહારી ખોરાકની પસંદગી પર પ્રતિબંધ લાદશે. અહીંના લોકો તેમની પસંદગી પ્રમાણે ખાય છે, પરંતુ ભાજપ શાસિત રાજ્યોમાં આવી સ્થિતિ નથી. તેણીએ દાવો કર્યો હતો કે બિહારમાં માછલી ખાવાની મંજૂરી નથી, જેના કારણે તે અન્ય રાજ્યોમાં નિકાસ કરવામાં આવે છે. ભાજપ શાસિત રાજ્યોમાં પશ્ચિમ બંગાળના સ્થળાંતરિત કામદારો પર અત્યાચાર થાય છે તેવો આરોપ લગાવતા બેનરજીએ કહ્યું, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અન્ય રાજ્યોમાં પશ્ચિમ બંગાળના લોકોનું રક્ષણ કરી શકતા નથી, પરંતુ અહી રેલીઓમાં 'સોનાર બાંગ્લા'નું વચન આપે છે. ભાજપ શાસિત રાજ્યોમાં પશ્ચિમ બંગાળના લોકો માટે સુરક્ષા સુનિશ્ચિત કર્યા પછી જ તમારે 'સોનાર બાંગ્લા'નું સ્વપ્ન જોવું જોઈએ.

# બોમ્બે હાઈકોર્ટે ચાંદિવલીમાં EVM-VVPAT મશીનોનું નિરીક્ષણ કરવાનો આદેશ આપ્યો

**૨૦૨૪માં ચાંદિવલી ચૂંટણીમાં શિવસેનાના દિલીપ લાંડે જીત્યા, જ્યારે કોંગ્રેસના નસીમ ખાન બીજા સ્થાને રહ્યા, જેના કારણે આ ફરિયાદ કરવામાં આવી હતી**



(એજન્સી) તા.૧૦

બોમ્બે હાઈકોર્ટના આદેશ બાદ ભારતીય ચૂંટણી પંચ ૧૬૮-ચાંદિવલી વિધાનસભા મતવિસ્તારમાં ઉપયોગમાં લેવાતા ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનો (EVM)નું નિરીક્ષણ કરશે. મુંબઈ ઉપનગરીય જિલ્લાના પેટા-વિભાગીય ચૂંટણી અધિકારી અર્ચના કદમના જણાવ્યા અનુસાર, ૨૦૨૪ વિધાનસભા ચૂંટણી સંબંધિત EVM-VVPAT મશીનો (ડાયગ્નોસ્ટિક તપાસ સુધી મર્યાદિત)નું નિરીક્ષણ ૧૬ અને ૧૭ એપ્રિલના રોજ બોરીવલી (પૂર્વ), મુંબઈમાં ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના વેરહાઉસમાં કરવામાં આવશે. આ નિરીક્ષણ દરમિયાન અરજદાર અને કોંગ્રેસના ઉમેદવાર ખાન મોહમ્મદ આરિફ (નસીમ) તેમના ટેક્નિકલ પ્રતિનિધિ સાથે હાજર રહેશે. આ ઉપરાંત ૧૬૮-ચાંદિવલી વિધાનસભા મતવિસ્તારના તમામ ઉમેદવારો, જેમાં શિવસેનાના ઉમેદવાર દિલીપ લાંડેનો પણ સમાવેશ થાય છે, તેમને આમંત્રણ આપવામાં આવ્યું છે. ભૂતકાળમાં ચૂંટણી પંચ સમક્ષ EVM-VVPAT મશીનોમાં કથિત ગેરરીતિઓ અંગેની ફરિયાદો કરવામાં આવી છે. જો કે, ટીકાકારોના મતે, EVMને લગતી ચિંતાઓનો સંતોષકારક રીતે ઉકેલ લાવવામાં આવ્યો નથી. ૨૦૨૪ની વિધાનસભા ચૂંટણીમાં ચાંદિવલીથી શિવસેનાના દિલીપ લાંડે જીત્યા હતા, જ્યારે કોંગ્રેસના ઉમેદવાર નસીમ ખાન બીજા ક્રમે રહ્યા હતા. આ પરિણામો જાહેર થયા પછી નસીમ ખાને બોમ્બે હાઈકોર્ટમાં EVM-VVPAT મશીનોની ટેક્નિકલ તપાસની માગણી કરતી અરજી દાખલ કરી હતી. ફેબ્રુઆરીમાં ન્યાયાધીશ સોમશેખર સુંદરેશન દ્વારા મશીનોનું નિરીક્ષણ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. આ આદેશના બે મહિના પછી પંચે તપાસ આગળ વધારવાનો નિર્ણય લીધો છે. કોર્ટના નિર્દેશ બાદ ચૂંટણી અધિકારીએ ૭ એપ્રિલે નસીમ ખાન અને અન્ય તમામ ઉમેદવારોને એક પત્ર જારી કર્યો હતો, જેમાં તેમને નિરીક્ષણ દરમિયાન હાજર રહેવા જણાવ્યું હતું. પત્ર મુજબ EVM-VVPAT મશીનોના ઉત્પાદક, બેંગ્લુરૂ સ્થિત ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડના એન્જિનિયરો ૧૬ અને ૧૭ એપ્રિલના રોજ ફક્ત ડાયગ્નોસ્ટિક ચેક કરશે. એન્જિનિયરો મશીનોની બળી ગયેલી મેમરી અને માઈક્રોકન્ટ્રોલરની તપાસ કરશે. નિરીક્ષણ સવારે ૯:૩૦ વાગ્યે શરૂ થવાનું છે. અરજદાર નસીમ ખાને જણાવ્યું હતું કે, ભારતના ઈતિહાસમાં ઉમેદવારો અને અધિકારીઓની હાજરીમાં ચૂંટણી પછી EVM-VVPAT મશીનોનું અગાઉ ક્યારેય નિરીક્ષણ કરવામાં આવ્યું નથી. તેમણે કહ્યું કે, જો ચૂંટણી લડતા ઉમેદવારોને EVM-VVPAT મશીનો અંગે કોઈ શંકા હોય, તો ચૂંટણી પંચે તેનું નિરાકરણ લાવવું જોઈએ, જે કમનસીબે અત્યાર સુધી કરવામાં આવ્યું નથી. તેમણે હાઈકોર્ટના આદેશને ઐતિહાસિક નિર્ણય ગણાવ્યો હતો. નસીમ ખાને પોતાની અરજીમાં વિનંતી કરી હતી કે, ચાંદિવલી મતવિસ્તારમાં ઉપયોગમાં લેવાતા EVM મશીનોમાંથી પાંચ ટકા (લગભગ ૪૦૦ મશીનોમાંથી લગભગ ૨૦ સેટ છે) તેની તપાસ કરવામાં આવે. આ માટે તેમણે ચૂંટણી પંચમાં ૯.૪૪ લાખ રૂપિયાની નિર્ધારિત ફી જમા કરાવી હતી. ચૂંટણી અધિકારીઓએ ચાંદિવલી બેઠક પરથી ચૂંટણી લડનારા તમામ ઉમેદવારોને સંપૂર્ણ પારદર્શિતા સુનિશ્ચિત કરવા માટે નિરીક્ષણ પ્રક્રિયા દરમિયાન હાજર રહેવા સૂચના આપી છે.

# જો આરોપી પીડિતા સાથે લગ્ન કરે તો POCSO હેઠળ બળાત્કારનો ગુનો ઓછો થતો નથી : દિલ્હી હાઈકોર્ટ

**દિલ્હી હાઈકોર્ટે POCSO સંબંધિત એક કેસમાં મહત્ત્વપૂર્ણ અવલોકનમાં જણાવ્યું હતું કે, જો સગીર પર બળાત્કારનો આરોપી વ્યક્તિ પછીથી તેમની સાથે લગ્ન કરે છે, તો પણ POCSO હેઠળના આરોપો સમાપ્ત થતાં નથી, કોર્ટે જણાવ્યું હતું કે, આ કેસમાં એવું લાગે છે કે, આરોપીએ ફક્ત જામીન મેળવવા માટે લગ્નનો આશરો લીધો હતો**



(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

ગુરૂવારે (૯ એપ્રિલ), બાળકોના જાતીય અપરાધોથી રક્ષણ (POCSO) કાયદા સંબંધિત કેસમાં મહત્ત્વપૂર્ણ અવલોકન કરતી વખતે દિલ્હી હાઈકોર્ટે ઠરાવ્યું હતું કે, જો સગીર પર બળાત્કારનો આરોપી વ્યક્તિ પીડિતા સાથે લગ્ન કરે છે, તો POCSO કાયદા હેઠળ તેના પર લગાવવામાં આવેલા ફોજદારી આરોપો મુક્ત થતાં નથી.

બાર અને બેન્ચના અહેવાલ મુજબ હાઈકોર્ટના ન્યાયાધીશ ગિરીશ કથપાલિયાએ પોક્સો એક્ટ હેઠળ એક વ્યક્તિગત આરોપીની જામીન અરજી ફગાવી દેતી વખતે આ અવલોકનો કર્યા હતા, જેણે પીડિતા સામે ફોજદારી ફરિયાદ નોંધાવ્યા પછી લગ્ન કર્યા હતા.

આ સંદર્ભમાં, કોર્ટે અવલોકન કર્યું: 'એ સાચું છે કે, રેકોર્ડ પરના દસ્તાવેજો મુજબ, આરોપી/અરજદારે ૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ નિકાહનામા (લગ્ન દસ્તાવેજ) દ્વારા પીડિતા સાથે લગ્ન કર્યા હતા. જો કે, આનાથી આરોપી/અરજદારને પીડિતા સગીર વયે વારંવાર બળાત્કાર કરવાના ગુનામાંથી મુક્તિ મળતી નથી.'

ઉલ્લેખનીય છે કે, આ કેસમાં પીડિતાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી કે, જ્યારે તે સોળ વર્ષની હતી, ત્યારે આરોપીએ લગ્નના ખોટા બહાને તેના પર વારંવાર બળાત્કાર કર્યો હતો. આ સમયગાળા દરમિયાન તે ગર્ભવતી પણ થઈ હતી અને તેને બે ગર્ભપાત કરાવવો પડ્યો હતો. ફરિયાદ મુજબ જ્યારે પીડિતા અઢાર વર્ષની થઈ, ત્યારે આરોપીએ તેની સાથે લગ્ન કરવાનો ઈન્કાર કર્યો હતો અને તેના પર શારીરિક હુમલો પણ કર્યો હતો. આ ઘટનાઓ બાદ પીડિતાએ પોલીસમાં કેસ નોંધાવ્યો હતો.

આ કેસમાં આરોપીએ દલીલ કરી હતી કે, તેણે પીડિતા સાથે લગ્ન કર્યા હતા - તેણીએ પોલીસ ફરિયાદ નોંધાવ્યા પછી - તેને જામીન આપવા જોઈએ. સુનાવણી દરમિયાન કોર્ટના ધ્યાનમાં એ પણ આવ્યું કે આરોપીએ તેની ધરપકડ અને ત્યારબાદ જેલમાં રહ્યા પછી પીડિતા સાથે નિકાહ (લગ્ન) કર્યા હતા.

કોર્ટે અવલોકન કર્યું કે એવું લાગે છે કે, આરોપીએ ફક્ત જામીન મેળવવા માટે લગ્નનો આશરો લીધો હતો. કોર્ટે ભારપૂર્વક જણાવ્યું હતું કે, જો કોઈ સગીર પર વારંવાર બળાત્કાર થયો હોય, તો પછીના લગ્ન ગુનેગારને તે ગુનામાંથી મુક્ત કરી શકતા નથી.

કોર્ટના જણાવ્યા અનુસાર 'એ સ્પષ્ટ છે કે, આરોપી/અરજદારે ફક્ત જામીન મેળવવા માટે આ લગ્ન કર્યા હતા, કારણ કે, સગીર છોકરી પર વારંવાર બળાત્કાર કરવાના આરોપો છે - જેમ કે છોકરીએ FIRમાં અને CrPCની કલમ ૧૬૪ હેઠળ નોંધાયેલા તેના નિવેદનમાં જણાવ્યું છે.'

હાઈકોર્ટ સમક્ષ સુનાવણી દરમિયાન પીડિતાએ તેની ફરિયાદમાં આપેલા નિવેદનો પાછા ખેંચી લીધા. પીડિતાએ દાવો કર્યો હતો કે, તે આરોપી સામે નોંધાયેલી FIRની સામગ્રીથી સંપૂર્ણપણે વાકેફ નથી.

જો કે, તપાસ અધિકારીએ આ દલીલનો વિરોધ કરતા કહ્યું કે, પીડિતા કાયદાની વિદ્યાર્થીની છે અને અભણ નથી. તેથી એ સ્વીકારવું મુશ્કેલ છે કે, તેણીએ આવી ગંભીર ફરિયાદ વાંચ્યા વિના સહી કરી હોત. ફરિયાદ પક્ષની દલીલ સાથે સંમત થતાં કોર્ટે અવલોકન કર્યું કે પીડિતા - કાયદાની વિદ્યાર્થીની હોવાથી - ફરિયાદ વાંચ્યા વિના સહી કરી શકતી નથી.

કોર્ટે કહ્યું, 'એ નોંધવું યોગ્ય છે કે, પીડિતા કાયદાની વિદ્યાર્થીની છે; પ્રથમ દૃષ્ટિએ, એવું માનવું મુશ્કેલ લાગે છે કે તે એટલી ભોળી છે કે તે આટલી ગંભીર ફરિયાદ વાંચ્યા વિના સહી કરે છે અને પછી તેને સ્થાનિક પોલીસમાં સુપરત કરે છે.' વધુમાં કોર્ટે જોયું કે પીડિતાનું નિવેદન પ્રથમ દૃષ્ટિએ ખોટું લાગે છે.

ન્યાયાધીશ ગિરીશ કઠપાલિયાએ પોતાના અવલોકનોમાં ટિપ્પણી કરી હતી કે, 'મને ફરિયાદ પક્ષની દલીલમાં યોગ્યતા લાગે છે કે, પ્રથમ દૃષ્ટિએ, તેમનું નિવેદન ખોટું લાગે છે; જો કે, આ પાસાની ટ્રાયલ કોર્ટ દ્વારા સ્વતંત્ર રીતે તપાસ કરવી જોઈએ અને આ અવલોકન ફક્ત આરોપી/અરજદાર અને પીડિતા દ્વારા રજૂ કરાયેલી દલીલોને ધ્યાનમાં લેવાના હેતુથી કરવામાં આવી રહ્યું છે.' પરિણામે તમામ હકીકતોને ધ્યાનમાં લીધા પછી દિલ્હી હાઈકોર્ટે આરોપી દ્વારા દાખલ કરાયેલ જામીન અરજી ફગાવી દીધી. કોર્ટે જણાવ્યું હતું કે, કેસની ગંભીરતાને ધ્યાનમાં લેતા આરોપીને આ તબક્કે રાહત આપી શકાય નહીં.

# પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંકટ વચ્ચે રિલાયન્સ પેટ્રોલ પંપે પ્રતિ ટ્રાન્ઝેક્શન રૂા.૧૦૦૦ની ખરીદી મર્યાદા નક્કી કરી

**પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા તણાવ વચ્ચે, જેના કારણે ક્રૂડ ઓઇલ સપ્લાય ખોરવાઈ ગયો છે, દેશની સૌથી મોટી ખાનગી ઓઇલ રિફાઇનિંગ કંપની, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડે તેના પેટ્રોલ પંપ પર ઇંધણ વેચાણ પર મર્યાદા લાદી છે, એક મીડિયા રિપોર્ટ અનુસાર ગ્રાહકોને હવે એક સમયે ફક્ત રૂા.૧૦૦૦માં પેટ્રોલ અથવા ડીઝલ વેચવાની મંજૂરી છે, જો કે, કંપનીએ આ અંગે કોઈ સત્તાવાર આદેશ જારી કર્યો નથી**

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૦

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંકટ વચ્ચે, દેશની સૌથી મોટી ખાનગી ક્ષેત્રની તેલ રિફાઈનિંગ કંપની - રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડે તેના પેટ્રોલ પંપ પર ઈંધણ વેચાણ પર મર્યાદા લાદી છે. ગ્રાહકોને હવે પ્રતિ ટ્રાન્ઝેક્શન આશરે રૂા.૧૦૦૦ (લગભગ ૧૧ ડૉલર)ની કિંમતનું પેટ્રોલ અથવા ડીઝલ પૂરૂં પાડવામાં આવી રહ્યું છે.

હિન્દુસ્તાન ટાઈમ્સના અહેવાલ મુજબ કંપની BP PLC સાથે ભાગીદારીમાં સંચાલિત આઉટલેટ્સ પર આ મર્યાદા લાગુ કરી રહી છે. આ સંયુક્ત સાહસ દેશભરમાં ૨૦૦૦થી વધુ પેટ્રોલ પંપ ચલાવે છે.

જો કે, અખબારના જણાવ્યા મુજબ કંપનીએ સત્તાવાર આદેશ જારી કર્યો નથી પરંતુ જિયો-બીપી પંપના સંચાલકોએ વધતી માંગ વચ્ચે ગભરાટની ખરીદીને રોકવા અને ઈંધણના સ્ટોકને સૂકાઈ જવાથી બચાવવા માટે આ મર્યાદા લાગુ કરવાનું શરૂ કર્યું છે.

આ પગલું એવા સમયે લેવામાં આવ્યું છે જ્યારે ભારત - વિશ્વનો ત્રીજો સૌથી મોટો તેલ ગ્રાહક - હોર્મુઝ સ્ટ્રેટના લાંબા સમય સુધી બંધ રહેવાની સંભવિત અસરનો સામનો કરી રહ્યો છે. આ સ્ટ્રેટ ક્રૂડ ઓઈલ, પેટ્રોલિયમ ઉત્પાદનો અને કુદરતી ગેસના વૈશ્વિક પુરવઠા માટે એક મહત્ત્વપૂર્ણ માર્ગ તરીકે કામ કરે છે.

જો કે, યુનાઈટેડ સ્ટેટ્સ અને ઈરાન વચ્ચે હાલમાં કામચલાઉ યુદ્ધવિરામ અમલમાં છે, ટેન્કરની હિલચાલ ખોરવાઈ રહી છે અને વીમા કંપનીઓ આ પ્રદેશને ઉચ્ચ જોખમી ક્ષેત્ર તરીકે વર્ગીકૃત કરવાનું ચાલુ રાખે છે.






જ્યારે રિલાયન્સ ભારતના ૧,૦૦,૦૦૦થી વધુ પેટ્રોલ પંપોમાં આશરે ૨% બજાર હિસ્સો ધરાવે છે, ત્યારે આ કંપની દ્વારા કિંમતો વધારવાને બદલે પુરવઠાને સીધી રીતે મર્યાદિત કરવાનો પહેલો મોટો દાખલો છે - એક પગલું જે ઊર્જા બજારમાં વધતી અનિશ્ચિતતાને રેખાંકિત કરે છે.

અખબાર અનુસાર, રિલાયન્સના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, ગ્રાહકો દ્વારા ઈંધણ ખરીદી માટે કોઈ સત્તાવાર મર્યાદા નક્કી કરવામાં આવી નથી, જો કે, તેમણે સ્વીકાર્યું હતું કે, આવી પરિસ્થિતિ અમુક વિસ્તારોમાં 'સ્થાનિક સ્તરે' હોઈ શકે છે.

સરકારી કંપનીઓ - ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન, ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન - એ સત્તાવાર રીતે ભાવ વધાર્યા નથી કે કોઈ મર્યાદા લાદી નથી; જો કે, કેટલાક પેટ્રોલ પંપ પર રૂા.૧૦૦૦ની મર્યાદા લાગુ કરવાના અહેવાલો બહાર આવ્યા છે. તેમ છતાં આ સરકારી માલિકીની ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ ૨ એપ્રિલના રોજ ઔદ્યોગિક ડીઝલના ભાવમાં પ્રતિ લિટર રૂા.૨૮.૨૨નો વધારો કર્યો હતો - જે તેની કિંમતના ૨૫ ટકાથી વધુનો વધારો હતો. નવી કિંમત રૂા.૧૩૭.૮૧ પ્રતિ લિટર નક્કી કરવામાં આવી છે. ખાનગી ક્ષેત્રની અન્ય એક કંપની, નાયરા એનર્જીએ ગયા મહિને છૂટક વેચાણમાં થતાં નુકસાનને ઘટાડવા અને વપરાશને નિયંત્રિત કરવાના પ્રયાસરૂપે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો કર્યો હતો.

ભારત તેની તેલ જરૂરિયાતોના ૯૦ ટકાથી વધુ આયાત કરે છે; પરિણામે દેશ ગલ્ફ દેશોમાં કોઈપણ પ્રકારની અસ્થિરતા માટે અત્યંત સંવેદનશીલ બને છે.

### ગુજરાતમાં ચૂંટણી ટાણે પક્ષોમાં આંતરિક વિખવાદ

# ફોર્મ ભરવાના અંતિમ દિવસ પહેલા સાંજ સુધીમાં પણ ભાજપ-કોંગ્રેસે સંપૂર્ણ ઉમેદવારોની યાદી જાહેર કરી નહીં

## અમદાવાદમાં ભાજપના કાર્યાલયે લોખંડી પોલીસ બંદોબસ્ત

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૧૦

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી માટે શુક્રવારનો દિવસ મહત્વનો હતો. ત્યારબાદ ૧૧ એપ્રિલે ઉમેદવારી ફોર્મ ભરવાનો અંતિમ દિવસ હોવાથી શુક્રવારના દિવસે તમામ પક્ષો ધીરે ધીરે કરીને પોતાના ઉમેદવારોની યાદી જાહેર કરી રહ્યાં હતા. આ વચ્ચે ગુજરાતના રાજકારણમાં રસાકસીભર્યો માહોલ પણ જોવા મળ્યો હતો.પક્ષપલટો, ટિકિટ માટે નારાજગી, રિસામણા-મનાવના, પોતાના માનીતાને ટિકિટ અપાવવા ધમપછાડા કરી રહ્યાં છે.શનિવારે સ્વરાજ્યની ચૂંટણીમાં ફોર્મ ભરવાની છેલ્લી તારીખ છે, ત્યારે શુક્રવારની સાંજ સુધીમાં ભાજપ-કોંગ્રેસની મહત્વની યાદીઓના કોઈ ઠેકાણા ન હતા. કોંગ્રેસમાં તો દર વખતે છેલ્લી ઘડીએ યાદી જાહેર કરવાની 'પરંપરા' છે ત્યારે હવે ભાજપમાં પણ આંતરિક ખેંચતાણના કારણે યાદીઓ લટકી પડી છે. અમદાવાદ-રાજકોટમાં ભાજપ-કોંગ્રેસના નેતાઓ પોતાના માનીતાઓને ટિકિટ અપાવવા માટે જીદે ભરાયા છે, જેના કારણે હાઈકમાન્ડ પણ અવઢવમાં છે.

અમદાવાદ મહાનગરપાલિકા માટે ભાજપ પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડમાં ઉમેદવારોના નામ નક્કી કરી દેવામાં આવ્યા છે અને ઉમેદવારોને ફોન કરવાની શરૂઆત પણ કરી દેવાઈ છે. ત્યારે કેટલીક જગ્યાએ ફોન કર્યાની જગ્યાએ બળવો પણ થયો છે. વોર્ડમાંથી કેટલાકે રાજીનામા ધર્યા હોવાનું જાણવા મળ્યું છે.

અમદાવાદમાં ઉમેદવારોની પસંદગીને લઈને ભાજપને ભીંસ પડી ગઈ છે. અમદાવાદના કેટલાક વોર્ડમાં ઉમેદવારોની જાહેરાતને લઈ આંતરિક વિખવાદ સામે આવ્યો છે. આક્રોશિત કાર્યકર્તાઓ ખાનપુર શહેર ભાજપ કાર્યાલય ખાતે રજૂઆત કરવા આવે તેવી શક્યતાને લઈ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો છે.કોંગ્રેસે અમદાવાદમાં ઉમેદવારોને સીધા મેન્ડેટ આપવાનું નક્કી કર્યું છે. ટિકિટને લઈને કોંગ્રેસમાં છેલ્લી ઘડી સુધી ખેંચતાણ ચાલી રહી છે. અલગ અલગ જગ્યાઓ પર નેતાઓ બેઠકો કરી રહ્યા છે. વિવાદિત બેઠક પર હજુ પણ ઉમેદવારના નામની પસંદગી કરવામાં આવી નથી.

# વારાહીમાં એક સાથે એક જ પરિવારના ચાર જનાજા ઊઠતા ગામ હિબકે ચડયું

## હાજીપીરના ઉર્સમાંથી પરત ફરતા વેળા રોઝુ ગામ પાસે અકસ્માત સર્જાયો હતો

(સંવાદદાતા દ્વારા) પાટણ,તા.૧૦

સાંતલપુર-આડેસર હાઈવે પર રોઝુ ગામના પાટીયા પાસે ગત રાત્રે હાજીપીરના ઉર્સમાંથી પરત ફરતા વારાહીના મુસ્લિમ-ઘાંચી પરિવારની અલ્ટ્રો કારને ટેન્કરે જોરદાર ટક્કર મારતા અલ્ટ્રો કારનો કચ્ચરઘાણ વળી ગયો હતો અને તેમાં મુસાફરી કરી રહેલા ઘાંચી પરિવારના દાદા, પિતા-પુત્ર અને માતા સહિત ચારનાં મોત થયા હતા. જ્યારે પરિવારના અન્ય ત્રણને ગંભીર ઈજા થતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. વારાહી ખાતે આજે ચારેના જનાજા નીકળતા સમગ્ર ગામ હિબકે ચડયું હતું. સાંતલપુર તાલુકાના વારાહી ખાતે રહેતા જાવેદભાઈ ઘાંચીનો પરિવાર ગુરૂવારે વહેલી સવારે ખુશી-ખુશી કાર લઈને હાજીપીર દર્શન કરવા ગયો હતો. દિવસભર શ્રદ્ધાપૂર્વક દર્શન અને સલામ ભરીને આ પરિવાર સાંજના સમયે પરત ફરી રહ્યો હતો ત્યારે રોઝુ ગામના પાટીયા પાસે ટેન્કરે અને કાર વચ્ચે સામસામે ભયાનક ટક્કર થઈ હતી. ટક્કર એટલી પ્રચંડ હતી કે કારનો કચ્ચરઘાણ વળી ગયો હતો. અકસ્માતને પગલે ચીસાચીસ થતા આસપાસના લોકો દોડી આવ્યા હતા. કારમાં સવાર જાવેદભાઈ તેમના પિતા અક્ષરભાઈ અને દાદા અહેમદભાઈનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે જાવેદના માતા મદીનાબેનને ગંભીર હાલતમાં રાધનપુર ખસેડાઈ રહ્યા હતા. ત્યારે તેમણે રસ્તામાં જ દમ તોડયો હતો. એક હસ્તા-રમતા પરિવારની ત્રણ પેઢીના પુરૂષ સભ્યો અને માતાએ વિદાય લેતા પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે. ઈજાગ્રસ્તોને સાંતલપુર રેફરલ હોસ્પિટલ બાદ વધુ સારવાર અર્થે રિફર કરવામાં આવ્યા હતા.


(તસવીર : ઈલ્મુદીન પીરઝાદા, પાટણ)

**અકસ્માતમાં મોતને ભેટેલા કમનસીબો**

(૧) ઘાંચી જાવેદ અક્ષરભાઈ (ઉ.વ.૨૫, પુત્ર) (૨) ઘાંચી અક્ષર એમદભાઈ (ઉ.વ.૪૭, પિતા) (૩) ઘાંચી મદીનાબેન અક્ષરભાઈ (ઉ.વ.૪૬ માતા) (૪) ઘાંચી એમદભાઈ હસનભાઈ ઉ.વ.૭૭ (દાદા)નો સમાવેશ થાય છે.

# ખેડા જિલ્લામાં ભાજપનું 'નો રિપીટ' અને 'ફેમિલી કાર્ડ' : પૂર્વ પ્રમુખ-ઉપપ્રમુખની ટિકિટ કપાઈ

(સંવાદદાતા દ્વારા)
નડિયાદ, તા.૧૦

ખેડા જિલ્લા પંચાયતની કુલ ૪૨ બેઠકો પૈકી ૪૧ બેઠકો પર ભાજપ દ્વારા ઉમેદવારો જાહેર કરી દેવામાં આવ્યા છે, જ્યારે પાલી બેઠક પર હજુ પણ પેચ ફસાયેલો હોવાથી ઉમેદવારનું નામ બાકી રાખવામાં આવ્યું છે. આ યાદીમાં પક્ષે મોટાપાયે ફેરફારો કરતા અનેક નવા ચહેરાઓને તક આપી છે, જેના કારણે સંગઠનમાં ક્યાંક ઉત્સાહ તો ક્યાંક અસંતોષના સૂર ઉઠ્યા છે. ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષોમાં ટિકિટ ન મળતા નારાજ થયેલા દાવેદારો હવે અપક્ષ તરીકે ચૂંટણી લડવાની તૈયારીઓ કરી રહ્યા હોવાના સંકેતો મળી રહ્યા છે.

ખેડા જિલ્લા પંચાયતની ૪૧ બેઠકોમાં ભાજપે માત્ર ૭ જેટલા જૂના ચહેરાઓને જ રિપીટ કર્યા છે, જ્યારે બાકીની તમામ બેઠકો પર નવા ઉમેદવારો પસંદ કરવામાં આવ્યા છે. આ પ્રક્રિયામાં જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ અને પૂર્વ ઉપપ્રમુખ બંનેની ટિકિટ કાપી નાખવામાં આવી છે.

તાલુકા પંચાયતની વાત કરીએ તો માતર તાલુકા પંચાયતના પ્રમુખ અમિત પરમાર પર પક્ષે ફરી વિશ્વાસ મૂકી તેમને ટિકિટ ફાળવી છે. સંગઠનના હોદ્દેદારોને પણ આ વખતે ચૂંટણી મેદાનમાં ઉતારવામાં આવ્યા છે, જેમાં ગળતેશ્વર તાલુકા પંચાયતમાં ક્ષત્રિય ઠાકોર સેનાના જિલ્લા પ્રમુખ ઈશ્વરસિંહ અને ખેડા તાલુકાની હરિયાળા બેઠક પર જિલ્લા યુવા મોરચાના પ્રમુખ પ્રતિક પટેલનો સમાવેશ થાય છે. ભાજપની આ યાદીમાં સૌથી મોટો ટ્વિસ્ટ 'ટિકિટ રિપ્લેસમેન્ટ'માં જોવા મળ્યો છે. અનેક બેઠકો પર ઉમેદવારો તો બદલાયા છે પરંતુ ટિકિટ જે-તે પરિવારમાં જ જળવાઈ રહી છે. નડિયાદ તાલુકાની પીપળાતા બેઠક પર ઈશ્વરભાઈ પરમારના સ્થાને તેમના પત્ની કંકુબેન પરમારને, જ્યારે ખેડાની વાસણા બુઝર્ગ બેઠક પર લાલજીભાઈ પરમારના સ્થાને તેમના પત્ની ચંદ્રિકાબેનને ઉમેદવાર બનાવાયા છે. તેવી જ રીતે માતરની બરોડા બેઠક પર પ્રહલાદભાઈ ગોહેલના સ્થાને તેમના પત્ની ભાવનાબેન ગોહેલને ટિકિટ મળી છે. બીજી તરફ, મહેમદાવાદની શત્રુંડા બેઠક પર સરોજબેન ડાભીના સ્થાને તેમના પતિ છત્રસિંહ ડાભી, માતરની આંત્રોલી બેઠક પર હેતલબેન રાઠોડના સ્થાને પતિ દશરથકુમાર રાઠોડ અને ખેડાની નવાગામ બેઠક પર પ્રેમીલાબેન ચૌહાણના સ્થાને તેમના પતિ દિલીપભાઈ ચૌહાણને મેદાને ઉતારવામાં આવ્યા છે. તાલુકા પંચાયતોની વાત કરીએ તો, નડિયાદ તાલુકાની ચલાલી બેઠક પર શોભનાબેન સોઢા અને પાલૈયા બેઠક પર રમિલાબેન સોલંકીને પક્ષે ફરીથી એ જ બેઠક પર રિપીટ કર્યા છે.

### કોંગ્રેસ અને આપ દ્વારા ઉમેદવારીપત્ર રજૂ કરાયા

# અમરેલી, વડિયા અને કુંકાવાવ તાલુકામાં રસાકસીભર્યો ત્રિપાંખિયો જંગ જામશે

(સંવાદદાતા દ્વારા)
અમરેલી, તા.૧૦

સમગ્ર રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો માહોલ જામ્યો છે ત્યારે ચૂંટણી લાડવા ઈચ્છુક ઉમેદવારોએ ઉમેદવારી પત્ર ભરવાની અંતિમ તા. ૧૧/૪/૨૬ને શનિવાર છે. ત્યારે વડિયા કુંકાવાવ તાલુકાની તાલુકા પંચાયતની સીટો અને જિલ્લા પંચાયતની ત્રણ સીટોમાં ઉમેદવારી પત્ર ભરાયા છે. તારીખ ૧૦ના રોજ વડિયા તાલુકાની જિલ્લા પંચાયતની ત્રણ સીટો જેમા દેવગામ સીટ ઉપર ૨ ફોર્મ, મોટી કુંકાવાવ સીટ ઉપર ૨ ફોર્મ અને વડિયા સીટ ઉપર ૨ ફોર્મ એમ આ ત્રણેય સીટો પર આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ દ્વારા ફોર્મ રજૂ કરવામાં આવ્યા છે જયારે ભાજપ દ્વારા હજુ કોઈ ઉમેદવારી પત્ર ભરાયું નથી. વડિયા કુંકાવાવ તાલુકાની તાલુકા પંચાયતની ચૂંટણી માટે દેવલકી સીટ-૨ ફોર્મ, ખડખડ સીટ-૨ ફોર્મ, ઢૂંઢિયાપીપળિયા સીટ - ૩ ફોર્મ, સનાળી સીટ - ૨ ફોર્મ, વડિયા -૨ સીટ - ૧ ફોર્મ રજૂ કરી ઉમેદવારી નોંધાઈ છે. વડિયા કુંકાવાવ તાલુકામાં તાલુકા પંચાયતની વડિયા - ૨ સીટ પર ફક્ત આમ આદમી પાર્ટીના ઉમેદવારે જ ઉમેદવારી પત્ર ભર્યું છે. ત્યારે હવે તા. ૧૧/૪/૨૬ને શનિવારના રોજ ઉમેદવારી પત્ર ભરવાનો અંતિમ દિવસ છે ત્યારે ઉમેદવારી પત્ર ભરવામાં ઘસારો થશે એ નક્કી છે. સૂત્રો પાસેથી જાણવા મળતી વિગતો મુજબ ત્રણેય પક્ષને બળવાના એંધાણ દેખાતા ઉમેદવાર વિધિવત્ જાહેર કરવાનાં બદલે સીધા ફોર્મ રજૂ કરવા આદેશ પાર્ટીઓ આપી શકે છે. આ પરથી વડિયા કુંકાવાવ તાલુકા તાલુકાની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ત્રિપાંખિયો ભારે રસાકસીભર્યો જંગ જામશે તેવું ચિત્ર જોવા મળશે.

# બોડેલી ખાતે પ્રથમવાર યોજાનારી પાલિકા ચૂંટણીને લઈ ભારે ઉત્સુકતા

(સંવાદદાતા દ્વારા)
બોડેલી, તા.૧૦

બોડેલી ખાતે પ્રથમવાર યોજાનારી નગરપાલિકા ચૂંટણીને લઈ રાજકીય માહોલ ગરમાતો જઈ રહ્યો છે. ૭ વોર્ડની કુલ ૨૮ બેઠકો માટે ઉમેદવારી નોંધાવવાની પ્રક્રિયામાં અત્યાર સુધીમાં કુલ ૩૩ ઉમેદવારી ફોર્મ ભરાયા છે.

ઉમેદવારી નોંધાવવા માટે દાવેદારોમાં ભારે ઉત્સાહ અને દોડધામ જોવા મળી રહી છે. વિવિધ રાજકીય પક્ષોમાંથી મેન્ડેટ મેળવવા માટે દાવેદારો પ્રયત્નશીલ છે, પરંતુ અનેકને ટિકિટ ન મળતા હવે તેઓ અપક્ષ તરીકે ઉમેદવારી નોંધાવવા તૈયારી કરી રહ્યા છે.

વોર્ડવાઈઝ જોવામાં આવે તો વોર્ડ નં. ૧માં ૪ ફોર્મ, વોર્ડ નં. ૨માં ૧, વોર્ડ નં. ૩માં ૮, વોર્ડ નં. ૪માં ૬, વોર્ડ નં. ૫માં ૨, વોર્ડ નં. ૬માં ૬ અને વોર્ડ નં. ૭માં ૬ ઉમેદવારી ફોર્મ ભરાયા છે.

આવતી કાલે ઉમેદવારી ફોર્મ ભરવાનો છેલ્લો દિવસ હોવાથી અંતિમ દિવસે વધુ ઉમેદવારો દ્વારા ફોર્મ ભરવાની સંભાવના છે. જેના કારણે ઉમેદવારી નોંધાવવા માટે કચેરીઓ ખાતે ભારે ઘસારો જોવા મળશે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. બોડેલીની પ્રથમ નગરપાલિકા ચૂંટણીને લઈ સ્થાનિકોમાં પણ ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે.

# મોડાસાના મુસ્લિમ એજ્યુકેશન ટ્રસ્ટના હોદ્દેદારોના રાજીનામા નામંજૂર

(સંવાદદાતા દ્વારા)
મોડાસા, તા.૧૦

ધી મુસ્લિમ એજ્યુકેશન ટ્રસ્ટ, મોડાસાના પ્રમુખ, ઉપપ્રમુખ, મેને.ટ્રસ્ટીના આવેલ રાજીનામાને કારોબારી સભાએ નામંજૂર કર્યા છે.

ધી મુસ્લિમ એજ્યુકેશન ટ્રસ્ટ મોડાસાની કોરાબારી સભાની તા. ૦૫/૦૪/૨૦૨૬ના રોજ રાખવામાં આવેલ. સંસ્થાનાં પ્રમુખ હાજી મો. યુસુફ આઈ ટાઢા (બાબુભાઈ ટાઢા)એ નાદુરસ્ત તબિયતના કારણે કારોબારી સભામાં એન્જડા ઉપરની કાર્યવાહી પૂર્ણ થયા પછી કારોબારી સભામાં પોતાનું રાજીનામું મૂકયું હતું. સંસ્થાના ઉપપ્રમુખ અને મેને.ટ્રસ્ટીને પણ તાકીદે રાજીનામાં મોકલી આપ્યા હતા. મોડાસાના મુસ્લિમ સમાજમાં તેમજ સંસ્થા હોદ્દેદારો, કારોબારી સભ્યો આ બાબતની ગંભીરતાને લઈ તાકીદની તાત્કાલિક કારોબારી સભા બોલાવી હતી અને વિચાર વિમર્શ કરી નિર્ણય કરવા માટે તા.૬/૪/૨૬ના રોજ સાંજે ફરીથી તાકીદની મીટિંગ બોલાવી એજન્ડા ઉપરનું કામ લેતા આવેલ તમામ રાજીનામાં નામંજૂર કરવામાં આવે છે. ૨૫ વિરોધ બે સભ્યો નોંધાતા તમામ રાજીનામાં નામંજૂર કરવામાં આવ્યા. આ સમાચાર સમાજ અને સભાસદો સુધી પહોંચતા સૌએ આ નિર્ણયને આવકાર્યો છે.

# પાલનપુર નગરપાલિકામાં ભાજપને ફટકો : પૂર્વ પાલિકા પ્રમુખના પુત્રએ નોંધાવી અપક્ષ ઉમેદવારી

પાલનપુર, તા.૧૦

પાલનપુર નગરપાલિકા ચૂંટણી જંગમાં ભાજપમાં અસંતોષની આગ ભડકી ઉઠી છે. પાલનપુર નગરપાલિકામાં ભાજપને બીજો ફટકો પડ્યો છે. વોર્ડ નં.૨ બાદ વોર્ડ નં.૬ના ભાજપના પૂર્વ નગરસેવકે પણ બળવાનું બ્યુગલ ફૂંકી અપક્ષ ઉમેદવારી નોંધાવી હતી. પાલનપુર નગરપાલિકામાં ત્રણ ટર્મ ચૂંટણી લડેલા નગરસેવકોને ટીકીટ નહીં આપવાનો નિર્ણય ભાજપ પર ભારે પડી રહ્યો છે. વોર્ડ નં.૨ બાદ વોર્ડ નં.૬ માં પણ ભાજપમાં ભંગાણ સર્જાયું છે.વોર્ડ નં.૬ ના ભાજપના પૂર્વ નગરસેવક પાર્થ ઠાકોરે પણ ટીકીટ કપાતા અપક્ષ ઉમેદવારી નોંધાવી હતી. પાલનપુર નગરપાલિકાના પૂર્વ પ્રમુખ અશોક ઠાકોરના પુત્ર પાર્થ ઠાકોર સેનિટેશન કમિટીના ચેરમેન રહી ચૂક્યા છે. જેઓને ટીકીટ ન મળતા તેઓએ પણ કમળનો સાથ છોડી અપક્ષ ઉમેદવારી કરતા ભાજપ માટે કપરા ચડાણ બન્યા છે.

# વલાસણ પાસે નહેરમાં બે કિશોર ડૂબ્યા : એકનો બચાવ, એકનું મોત

(સંવાદદાતા દ્વારા)
આણંદ, તા.૧૦

કરમસદ ગામમાં રહેતાં આકાશ ભુરાભાઈ ભાભોર(મૂળ દાહોદ)ઉંમર વર્ષ ૧૪ અને તેનો મિત્ર વૃશાંક દીપકભાઈ ઓહેલ ઉંમર વર્ષ ૧૪ બને મિત્રો શુક્રવાર બપોરના સમય વલાસણ પાસેની નહેરમાં નાહવા માટે ગયાં હતાં. બંને મિત્રો નહેરમાં નહાતા હતાં. તે દરમિયાન બપોરે અઢી વાગ્યાના આસપાસના સમયે પાણીના વહેણમાં તણાઈ નહેરના ઉંડા પાણીમાં ગરકાવ થઈ ગયાં હતાં. આ જોઈને આજુબાજુના લોકોએ બુમાબુમ કરી મુકી હતી. જેને લઈને આજુબાજુના ગ્રામજનો દોડી આવ્યાં હતાં અને નહેરમાં છલાંગ મારી વૃશાંક દીપકભાઈ ઓહેલને બચાવી લીધો હતો. જ્યારે આકાશ ભાભોરનું ડુબી જવાથી મોત નીપજ્યું હતું. તેનો મૃતદેહ અગાસ બોરીયા નજીકથી મળી આવ્યો હતો. બીજી તરફ આ ઘટનાની જાણ થતાં જ પેટલાદ રૂરલ પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને મૃતક કિશોર આકાશના મૃતદેહનો કબજો લઈ જરૂરી કાર્યવાહી કરી પોસ્ટમોર્ટમ અર્થે સરકારી હોસ્પિટલમાં મોકલી આપ્યો હતો. આ અંગે પેટલાદ રૂરલ પોલીસે અપમૃત્યુ નોંધ દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. કિશોરનું ડૂબી જવાથી મોત થતાં ગામમાં અને પરિવારજનોમાં ઘેરો શોક છવાઈ જવા પામ્યો છે.

# આપની મહિલા ઉમેદવાર ડો. પ્રીતિ સદાદિયાનું રાજીનામું, હવે કોંગ્રેસથી ચૂંટણી લડશે

## વોર્ડ નં.૧૨માં આપના ઉમેદવારે રાજીનામું આપ્યા બાદ કોંગ્રેસનો ખેસ ધારણ કર્યો

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૦

સુરત મહાનગર પાલિકાની ચુંટણીમાં આમ આદમી પાર્ટીની સ્થિતિ એક સાંધે ત્યાં તેર તુટે જેવી જોવા મળી રહી છે. વિવાદાસ્પદ ઉમેદવારોને ટિકીટની લ્હાણી કરવાના વિવાદ વચ્ચે હવે વોર્ડ નં. ૧૨માં મહિલા ઉમેદવાર ડો. પ્રીતિ સદાદિયા દ્વારા અચાનક રાજીનામું આપી દેવામાં આવતાં સુરત શહેર આમ આદમી પાર્ટી સંગઠનમાં સોપો પડી ગયો છે. બીજી તરફ આમ આદમી પાર્ટી દ્વારા અત્યાર સુધી ૯૮ ઉમેદવારોના નામ જાહેર કરેલ છે. અલબત્ત, આમ આદમી પાર્ટીને અલવિદા કહેવાનાં ગણતરીનાં સમયમાં જ ડોક્ટર પ્રીતિ સદાદીયાએ સમર્થકો સાથે કોંગ્રેસનો ખેસ ધારણ કરી લીધો હતો અને વોર્ડ નં. ૧૨માંથી કોંગ્રેસ પાર્ટી દ્વારા તેમને ટિકીટ પણ આપી દેવામાં આવી છે.

આગામી ૨૬મી એપ્રિલનાં રોજ યોજાનાર મહાનગર પાલિકાની ચુંટણીમાં ઉમેદવારી પત્રક ભરવાને હવે માંડ એક દિવસ બાકી છે ત્યારે હજી સુધી રાજકીય પાર્ટીઓમાં ભારે સસ્પેન્શ જોવા મળી રહ્યું છે. આમ આદમી પાર્ટી દ્વારા અત્યાર સુધી ૧૨૦ બેઠકો પૈકી ૯૮ સીટો પર ઉમેદવારોની જાહેરાત કરવામાં આવી છે. જો કે, આ પૈકી કેટલાક ઉમેદવારોનાં વિવાદાસ્પદ ભુતકાળને પગલે પાર્ટીમાં જ ડખા શરૂ થઈ ગયા છે. આ સ્થિતિમાં વોર્ડ નં. ૧૨માં આપનાં મહિલા ઉમેદવાર ડોક્ટર પ્રીતિ સદાદીયાએ અચાનક પાર્ટીમાંથી રાજીનામું ધરી દીધું છે. તેઓએ જણાવ્યું હતું કે, આમ આદમી પાર્ટીનાં નિષ્ઠાવાન કાર્યકર્તા તરીકે તેઓ વર્ષોથી કાર્યરત હતા પરંતુ છેલ્લા કેટલાક સમયથી પાર્ટીનાં સ્થાનિક મોવડી મંડળ દ્વારા લેવામાં આવતાં નિર્ણયોથી તેઓ નિરાશ થયા છે. જો કે, બીજી તરફ ડો. પ્રીતિએ આપને અલવિદા કહીને તાત્કાલિક કોંગ્રેસની વાટ પકડી લીધી હતી. કોંગ્રેસ પાર્ટીએ પણ વોર્ડ નં. ૧૨માંથી પ્રીતિ સદાદિયાને ઉમેદવાર તરીકે જાહેર કરી દેવામાં આવ્યા છે.

# માલ્ટાના વડાપ્રધાનના પત્ની ભાવનગરના યુવાનના વિચારોથી પ્રભાવિત થયા

## જયદીપ ૧૮ મહિનામાં ૨૦ દેશોની મુલાકાત લઈ ૧૨ કિલોમીટર ચાલીને ભારતમાં તેની યાત્રા પૂર્ણ કરશે

(સંવાદદાતા દ્વારા)
ભાવનગર, તા.૧૦

ભાવનગરનો એક ખેડૂત પુત્ર જયદીપ જ્યારે માલ્ટા ગયો ત્યારે ગ્રીસમાં યોજાયેલી ૨૬ દિવસીય કોન્ફરન્સમાં ગેસ્ટ અને પાર્ટિસિપન્ટ તરીકે જવાનો મોકો મળ્યો હતો. કોન્ફરન્સમાં ક્લાયમેટ ચેન્જ સહિતના ઘણા મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી. આ ચર્ચાએ જ જયદીપના મનમાં ક્લાયમેટ ચેન્જ વિશે જાગૃતિ લાવવા માલ્ટાથી ચાલીને ભારત આવવાના મિશનનો પાયો નાખ્યો હતો. હવે તે ૧૮ મહિનામાં ૨૦ દેશોની મુલાકાત લઈ ૧૨ હજાર કિલોમીટરની સફર ખેડીને ભારતમાં તેની યાત્રા પૂર્ણ કરશે. માલ્ટાના વડાપ્રધાન રોબર્ટ અબેલાના પત્ની લીડિયાએ ૨૧મી ફેબ્રુઆરીએ જયદીપના મિશનની શરૂઆત કરાવી હતી. આ દરમિયાન ભારતીય કોમ્યુનિટી અને ત્યાંના મોટા મોટા એથ્લિટ્સ પણ જોડાયા હતા. જે દિવસે જયદીપના મિશનની શરૂઆત થવાની હતી એ દિવસે સવારે વડાપ્રધાનના પત્નીએ જયદીપને ફોન કર્યો હતો અને કહ્યું હતું કે અમે તમારા ફ્લેગઓફમાં જોડાઈશું પણ બહું નહીં રોકાઈએ. જ્યારે તેઓ આવ્યા ત્યારે ૪૫ મિનિટ સુધી ત્યાં રોકાયા હતા. આ દરમિયાન તેમણે કહ્યું કે ક્લાયમેટ ચેન્જ માટે આ પ્રકારની ઝુંબેશ પહેલીવાર થઈ રહી છે. આ માટે અમે ગર્વ અનુભવીએ છીએ કે તમે માલ્ટાને પસંદ કર્યું. જ્યારે પણ ઈતિહાસમાં નામ લેવાશે ત્યારે માલ્ટાને પણ લોકો યાદ કરશે. આટલું કહીને વડાપ્રધાનના પત્ની જયદીપને ભેટી પડ્યા હતા.

# પાલનપુરના વોર્ડ નં.૧ના ભાજપના પૂર્વ નગરસેવક કોંગ્રેસમાં જોડાયા

(સંવાદદાતા દ્વારા)
પાલનપુર, તા.૧૦



(તસવીર : અખ્તર ચૌહાણ, પાલનપુર)

પાલનપુર નગરપાલિકા ચૂંટણી જંગમાં ભાજપ મુરતિયા મેદાનમાં ઉતારે તે પહેલા ભાજપમાં ભંગાણ જોવા મળી રહ્યો છે. કોઈને પાર્ટીમાં ટિકિટ ન મળતા નારાજગી છે તો કોઈએ અપક્ષ ઉમેદવારી નોંધાવી છે. તો કોઈ ભાજપ છોડીને સમર્થકો સાથે કોંગ્રેસમાં જોડાયા છે.

પાલનપુર શહેરમાં પાલિકાની ચૂંટણીને લઈને ભાજપમાં ભંગાણ જોવા મળી રહ્યું છે. પાલિકાની ચૂંટણી જંગમાં ભાજપ ઉમેદવારોની યાદી જાહેર કરે તે પહેલાં અસંતોષની આગ ભડકી ઉઠી છે.

પાલનપુર પાલિકાના વોર્ડ નં.૧માંથી ચૂંટાયેલા ભાજપના પૂર્વ નગરસેવક અને પાણી પુરવઠાના પૂર્વ ચેરમેન આશિષ પઢિયારને ભાજપે ટિકિટ નહીં આપતા ભાજપનો સાથ છોડી સમર્થકો સાથે જિલ્લા કોંગ્રેસ કાર્યાલય પહોંચી કોંગ્રેસનો ખેસ ધારણ કર્યો હતો.

વોર્ડ નં.૨ બાદ વોર્ડ નં.૬ અને હવે વોર્ડ ૧ના ભાજપના પૂર્વ નગર સેવકે પણ બળવાનું બ્યુગલ ફૂંકી આજે જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે પોતાના સમર્થકો સાથે કોંગ્રેસમાં જોડાયા છે. કોંગ્રેસમાં જોડાયેલા પૂર્વ નગરસેવક શાંતિ પઢીયારે ભાજપમાં કદર ન થતા કોંગ્રેસમાં જોડાયા હોવાનું જણાવી સમગ્ર પેનલ જીતાડવાનો દાવો કર્યો હતો.

પાલનપુર ઉપરાંત ડીસાના ભાજપ અગ્રણી નરસિંહ દેસાઈએ પણ ભાજપને બાય બાય કરી કોંગ્રેસમાં જોડાયા હતા. જોકે, પાલનપુર નગરપાલિકામાં ત્રણ ટર્મ ચૂંટણી લડેલા નગર સેવકોને ટિકિટ નહીં આપવાનો નિર્ણય ભાજપ પર ભારે પડી રહ્યો છે. ત્યારે આવી પરિસ્થિતિમાં ભાજપ માટે ડેમજ કન્ટ્રોલ કરવું મુશ્કેલ બન્યું છે.

### નવા ચહેરાઓ પર પસંદગીનો કળશ

# નર્મદા ભાજપમાં નો-રિપીટ થિયરી : પૂર્વ પ્રમુખો સહિત અનેક દિગ્ગજોની ટિકિટ કપાઈ

## નર્મદા જિલ્લા પંચાયતની ૨૧ અને તાલુકા પંચાયતની ૧૦૧ બેઠકો માટે ઉમેદવારો જાહેર

(સંવાદદાતા દ્વારા)
રાજપીપળા, તા.૧૦

નર્મદા જિલ્લામાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને લઈને ભાજપ દ્વારા ઉમેદવારોની સત્તાવાર યાદી જાહેર કરવામાં આવી છે. આ વખતે પક્ષે કડક વલણ અપનાવતા નો-રિપીટ થિયરી લાગુ કરી છે, જેના કારણે વર્ષોથી સત્તામાં રહેલા અનેક મહારથીઓના પત્તા કપાઈ ગયા છે. પક્ષે નવા લોહી અને યુવા ચહેરાઓને પ્રાધાન્ય આપીને શિસ્તનો સંદેશ આપવાનો પ્રયાસ કર્યો હોય તેમ જણાય છે.

સૌથી મોટો ફેરફાર જિલ્લા પંચાયતના પ્રમુખ પદ પર રહી ચૂકેલા નેતાઓમાં જોવા મળ્યો છે. જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ મનજી વસાવા અને પર્યુષા વસાવાને આ વખતે પક્ષે ચૂંટણી લડવાની તક આપી નથી. એટલું જ નહીં, જિલ્લા પંચાયતના વર્તમાન પ્રમુખ ભીમસિંગ તડવી પર પણ આ વખતે પસંદગીનો કળશ ઢોળવામાં આવ્યો નથી, જેના કારણે સ્થાનિક રાજકારણમાં ગરમાવો જોવા મળી રહ્યો છે. આ ઉપરાંત, પૂર્વ ધારાસભ્ય હર્ષદ વસાવાના સાળા અને પૂર્વ ઉપપ્રમુખ કિરણ વસાવાનું નામ પણ યાદીમાંથી બાકાત રાખીને પક્ષે મોટો ફેરફાર કર્યો છે.

નર્મદા ભાજપની યાદીમાં એક તરફ મોટા માથાઓની ટિકિટ કપાઈ છે, તો બીજી તરફ પક્ષે કેટલાક જાણીતા ચહેરાઓ અને તેમના પરિવારજનો પર પસંદગી ઉતારીને સંતુલન જાળવવાનો પ્રયાસ કર્યો છે. આ યાદીમાં આમલેથા બેઠક પરથી પૂર્વ આરોગ્ય સમિતિના ચેરમેન રસ્મિતા વસાવાનું નામ મોખરે છે. પક્ષે તેમની કામગીરી પર ફરી એકવાર વિશ્વાસ વ્યક્ત કરીને તેમને આ બેઠક પરથી રિપીટ કર્યા છે. જ્યારે ખડગદા બેઠક પરથી પૂર્વ વન મંત્રી શબ્દશરણ તડવીના પિતરાઈ ભાઈ પદમબાબુ તડવીને જિલ્લા પંચાયતના જંગમાં ઉતારવામાં આવ્યા છે. કેવડિયા બેઠક પર ભાજપે વર્તમાન સભ્ય દિનેશ તડવીના પત્ની મંજુલાબેન તડવીને ટિકિટ આપી છે જ્યારે, કિરણ વસાવાના ભત્રીજા સ્મિત વસાવાને વાઘેથા તાલુકા પંચાયત બેઠક પરથી ઉમેદવાર બનાવી ચૂંટણી મેદાનમાં ઉતાર્યો છે.

ભાજપે જાહેર કરેલી વિગતો મુજબ, જિલ્લા પંચાયતની કુલ ૨૨ બેઠકો છે, જેમાંથી ૨૧ બેઠકો પર નામ જાહેર કરી દેવાયા છે અને માત્ર વડીયા બેઠક બાકી રાખવામાં આવી છે. તેવી જ રીતે તાલુકા પંચાયતની ૧૦૨ બેઠકોમાંથી ૧૦૧ બેઠકોના ઉમેદવારો નક્કી થઈ ગયા છે, જ્યારે નાંદોદ તાલુકાની જૂનારાજ બેઠક પર હજુ મંથન ચાલી રહ્યું છે.

# અસમા દ્વારા સુરત ખાતે વર્લ્ડ મેમણ ડેની ઉજવણી કરાઈ

(સંવાદદાતા દ્વારા)
નવસારી, તા.૧૦




૧૦ એપ્રિલ ૨૦૨૬ના રોજ, અસમા (ઓલ સુરત મેમણ જમાત એસોસિએશન) દ્વારા સુરત ખાતે વર્લ્ડ મેમણ ડેની ઉજવણી કરવામાં આવી. સમગ્ર દેશની ૫૦૦થી વધુ મેમણ જમાતો વર્લ્ડ મેમણ ડેની ઉજવણી કરે છે, જેમાં સુરતની ૬ મેમણ જમાતો (સુરત હાલાઈ જમાત, સૌરાષ્ટ જમાત, ઉપલેટા જમાત, ધોરાજી જમાત, મોરબી-ટંકારા જમાત અને ઉન-સચિન જમાત) દ્વારા સ્થપાયેલ સંસ્થા 'અસમા'એ સાથે મળી આ દિવસની ઉજવણીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.જેમાં હઝરત ખ્વાજા દાના સાહેબની દરગાહ પાસે જુમ્માની નમાઝ પછી ૫૦૦થી વધુ લોકોને ફૂડ પેકેટ્સનું વિતરણ કરવામાં આવ્યું. ઉપરાંત, ઉન ખાતે પણ ભીંડી બજારમાં પણ ૫૦૦થી વધુ લોકોને ફૂડ પેકેટ્સનું વિતરણ કરાયું.

આ પ્રસંગે અસમાના પ્રેસિડન્ટ આસિફભાઈ બિસ્મિલ્લા, ઓલ ઈન્ડિયા મેમણ જમાત ફેડરેશનના વાઈસ પ્રેસિડન્ટ ઈલિયાસભાઈ કાપડિયા, બિલાલભાઈ ટીનવાળા (ઝોનલ સેક્રેટરી), ફારૂક ભાઈ ચાંદીવાલા પ્રમુખ મોરબી ટંકારા મેમણ જમાત તેમજ અસમાના સેક્રેટરી ડૉ. સુહેલ દલાલ, સર્વે મેમણ જમાતોના પ્રમુખો અને અન્ય ઓફિસ બેરર્સ તથા યુથ વિંગ કમિટી મેમ્બર્સ હાજર રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક આયોજન કરીને લોકોને ફૂડ પેકેટ્સનું વિતરણ કરવામાં આવ્યું.

## નડિયાદ મનપાની ચૂંટણીમાં વોર્ડ નંબર ૮માંથી આપના ઉમેદવાર નરેન્દ્ર નકુમે ફોર્મ ભર્યું

નડિયાદ, તા.૧૦

નડિયાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની આગામી ચૂંટણીને લઈને રાજકીય ગરમાવો તેજ બન્યો છે, જે અંતર્ગત વોર્ડ નંબર ૮માંથી આમ આદમી પાર્ટીના ઉમેદવાર નરેન્દ્ર નકુમે વિધિવત રીતે પોતાનું નામાંકન પત્ર દાખલ કર્યું છે. આ પ્રસંગે પાર્ટીના કાર્યકર્તાઓ અને સમર્થકો મોટી સંખ્યામાં ઊમટી પડ્યા હતા. આ નામાંકન પ્રક્રિયા દરમિયાન આમ આદમી પાર્ટીના દિલ્હીથી પધારેલા વરિષ્ઠ નેતા પુષ્પેન્દ્ર શ્રીવાસ્તવ વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા.

# પાંડેસરાના બમરોલી રોડ પર વેસ્ટેજના જથ્થામાં ભીષણ આગ

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૦

શહેરના પાંડેસરા વિસ્તારમાં બમરોલી મિલન પોઈન્ટ રોડ પર આજે ખુલ્લામાં રાખેલા વેસ્ટેજના જથ્થામાં અચાનક ભીષણ આગ ફાટી નીકળી હતી. જ્વલનશીલ મટીરિયલને કારણે આગે ઝડપથી વિકરાળ સ્વરૂપ ધારણ કરતા આસપાસના રહીશોમાં ભયનો માહોલ સર્જાયો હતો.ફાયર વિભાગના સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી મુજબ પાંડેસરાના બમરોલી મિલન પોઈન્ટ રોડ ઉપર આગની ઘટનાને પગલે આકાશમાં કાળા ધુમાડાના ગોટેગોટા દૂર-દૂર સુધી જોવા મળ્યા હતા, જેના કારણે રાહદારીઓમાં ફાળ પડી હતી. વેસ્ટેજ મટીરિયલ હોવાથી જ્વાળાઓ ખૂબ જ ઝડપથી પ્રસરવા લાગી હતી. ફાયર વિભાગના કાફલાએ ઘટનાસ્થળે પહોંચી અંદાજે દોઢ કલાકની ભારે જહેમત બાદ સ્થિતિ પર સંપૂર્ણ નિયંત્રણ મેળવ્યું હતું. સદનસીબે, આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ કે ઈજાના અહેવાલ પ્રાપ્ત થયા નથી.

### સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ યોજવા માટેનો માર્ગ મોકળો

# ગુજરાતમાં ૨૭ ટકા OBC અનામત સામે ચૂંટણી પ્રક્રિયા પર રોક લગાવવાનો સુપ્રીમ કોર્ટનો ઈન્કાર

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૦

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ યોજવા માટેનો માર્ગ હવે મોકળો થયો હોય તેમ જણાય છે. રાજ્ય સરકારની ૨૭ ટકા OBC (અન્ય પછાત વર્ગ) અનામત નીતિ સામે સુપ્રીમ કોર્ટમાં કરવામાં આવેલી ચૂંટણી પર રોકની માંગને કોર્ટે શુક્રવારે ફગાવી દીધી છે. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે, હાલના તબક્કે ચૂંટણી પ્રક્રિયામાં કોઈ હસ્તક્ષેપ કરવામાં આવશે નહીં અને ચૂંટણીઓ તેના નિર્ધારિત સમયે જ યોજાશે.



## હાલના તબક્કે ચૂંટણી અટકશે નહીં : સર્વોચ્ચ અદાલતની સ્પષ્ટતા

ગુજરાતમાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પર તોળાઈ રહેલા કાનૂની સંકટ વચ્ચે સુપ્રીમ કોર્ટે ૧૦મી એપ્રિલના રોજ મોટો ચુકાદો આપ્યો. કોર્ટે રાજ્ય સરકારની ૨૭ ટકા ઓબીસી (OBC) અનામત નીતિ સામે ચૂંટણી પ્રક્રિયા પર રોક લગાવવાની માંગને ફગાવી દીધી છે. કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે, હાલના તબક્કે ચૂંટણી અટકશે નહીં.

પાટીદાર અગ્રણી દિનેશ બાંભણિયા દ્વારા કરવામાં આવેલી જાહેર હિતની અરજી (PIL) પર શુક્રવારે સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસની બેન્ચ સમક્ષ સુનાવણી હાથ ધરવામાં આવી હતી. જેમાં ૨૭ ટકા OBC અનામતની નીતિને પડકારીને સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પર સ્ટે મૂકવાની માંગ કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે ચૂંટણી પર રોક લગાવવાનો ઈન્કાર કર્યો છે અને અરજદારને આ મામલે ગુજરાત હાઈકોર્ટમાં અપીલ કરવા આદેશ આપ્યો છે. સુપ્રીમ કોર્ટના નિર્દેશ બાદ હવે અનામતના આ જટિલ મુદ્દે ગુજરાત હાઈકોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવશે. હાઈકોર્ટ જે પણ નિર્ણય લેશે, તે આ ચૂંટણી માટે માન્ય ગણાશે. રાજ્ય સરકાર ૨૭ ટકા OBC અનામત આપવા માટે મક્કમ છે અને તેને કાયદાકીય રીતે યોગ્ય ઠેરવવા પ્રયાસ કરી રહી છે.

રાજ્યમાં પંચાયતો, નગરપાલિકાઓ અને મહાનગરપાલિકામાં અપાયેલી ૨૭ ટકા અનામત સામે પિટિશનમાં મુખ્યત્ત્વે ત્રણ મુદ્દા ઉઠાવવામાં આવ્યા. જેમાં ૧. ટ્રિપલ ટેસ્ટનું પાલન : સુપ્રીમ કોર્ટના અગાઉના નિર્દેશ મુજબ અનામત નક્કી કરતા પહેલા ટ્રિપલ ટેસ્ટના માપદંડોનું ચુસ્તપણે પાલન થયું છે કે, નહીં તેની ચકાસણી. ૨. ૫૦ ટકાની મર્યાદા : શું કુલ અનામત (SC/ST અને OBC મળીને) ૫૦ ટકાની નિર્ધારિત મર્યાદા વટાવે છે ? ૩. ઝવેરી કમિશનનો અહેવાલ : જસ્ટિસ ઝવેરી કમિશનના રિપોર્ટના આધારે કરવામાં આવેલી બેઠકોની ફાળવણી કેટલી તર્કસંગત અને બંધારણીય છે તે અંગે પણ સવાલો ઊભા થયા છે.

### ૧૧૪ કરોડના ખર્ચે બનેલા સેન્ટ્રલ બસ સ્ટેશનમાં સ્લેબનો ભાગ ધરાશાયી થતાં અફરાતફરી

# નરેન્દ્ર મોદીએ જેનું જોરશોરથી ઉદ્‌ઘાટન કર્યું હતું તે વડોદરા સેન્ટ્રલ બસ સ્ટેશનનું માળખું 'ધડામ' થઈ ગયું : એકનું મોત

**એક વ્યક્તિને ઈજા, ચૂંટણી ટાણે બનેલ દુર્ઘટનાથી રાજ્યભરમાં ચર્ચાનો મુદ્દો બન્યો**





(તસવીર : અતિક શેખ, વડોદરા)

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૦

ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે વડોદરામાં જે સેન્ટ્રલ બસ સ્ટેશનનું લોકાર્પણ થયું હતું. તે સ્ટેશનનું ૧૨ વર્ષ બાદ સ્ટ્રક્ચર ધરાશાયી થતાં અફરાતફરી મચી ગઈ હતી. મનપાની ચૂંટણી વચ્ચે જ આ દુર્ઘટના બનતા રાજ્યભરમાં ચર્ચાનો મુદ્દો બન્યો છે. આ ગંભીર દુર્ઘટનામાં એક વ્યક્તિનું મોત નિપજ્યું છે જ્યારે એકને ઈજા થઈ છે.

આ ઘટનાએ કરોડોના ખર્ચે બનેલા આ પ્રોજેક્ટની ગુણવત્તા અને તેની જાળવણી કરી રહેલી એજન્સીની ગંભીર બેદરકારી ખુલ્લી પાડી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, શુક્રવારના રોજ બસ સ્ટેશનના ઉપરના હિસ્સાનું બાંધકામ અચાનક તૂટી પડ્યું હતું. ભારેખમ સ્ટ્રક્ચર નીચે આવતા ત્યાં હાજર મુસાફરોમાં ચીસાચીસ મચી ગઈ હતી. ઘટનાની ગંભીરતા જોતા તાત્કાલિક ફાયર બ્રિગેડની ટીમ અને પોલીસનો મોટો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. ફાયર વિભાગ દ્વારા કાટમાળ ખસેડીને બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી, જેમાં એક વ્યક્તિ મૃત હાલતમાં મળી આવી હતી. પોલીસે સુરક્ષાના કારણોસર સમગ્ર વિસ્તારને કોર્ડન કરી લીધો છે.

વડોદરાનું આ બસ ટર્મિનલ ગુજરાતના આધુનિક પ્રોજેક્ટ્સમાંનું એક ગણાય છે, અંદાજે ૧૧૦ કરોડના ખર્ચે ૨૦,૩૦૦ ચોરસ મીટરમાં ફેલાયેલું આ ટર્મિનલ PPP (Public-Private Partnership) મોડલ હેઠળ બનાવાયું છે. Sphere Cube Infrastructure Pvt. Ltd. નામની કંપનીને આગામી ૩૧ વર્ષ સુધી આ ટર્મિનલના સંચાલન અને જાળવણીની જવાબદારી સોંપવામાં આવી છે. સિંગાપુર, શાંઘાઈ અને હોંગકોંગ જેવા આંતરરાષ્ટ્રીય શહેરોના બસ સ્ટેશનોનો અભ્યાસ કરીને આ ડિઝાઈન તૈયાર કરવામાં આવી હતી.

આ અંગે ડીસીપી જગદીશ ચાવડાએ જણાવ્યું હતું કે, પ્રાથમિક માહિતી મુજબ, મૃતક નરસિંહભાઈ ગોવિંદભાઈ દવે અમદાવાદના ચાંદખેડાના રહેવાસી છે. તે અંગે મૌખિક માહિતી મળી છે. અન્ય બીજી કોઈ જાનહાનિ અત્યાર સુધી થઈ હોય એવું કંઈ ધ્યાનમાં આવ્યું નથી. આગળ આમાં વિવિધ એજન્સીઓ જેવી કે FSLને બોલાવી, સેમ્પલિંગ કાર્યવાહી કરીશું. આ જગ્યાને અત્યારે સેનિટાઈઝ કરી છે, એકવાર સેમ્પલિંગ થઈ જશે પછી ફાયર બ્રિગેડ અને અન્ય એજન્સીની મદદથી કાટમાળ ખસેડવામાં આવશે. હાલ અમે એડી (એક્સિડેન્ટલ ડેથ) દાખલ કરી છે અને તપાસમાં જો કંઈ ગુનાહિત જણાશે તો આગળ કાયદેસરની કાર્યવાહી કરીશું. બનાવની જાણ થતાં જ ફાયર બ્રિગેડ અને પોલીસનો કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયો હતો અને બચાવ કામગીરી હાથ ધરી હતી. હાલ સમગ્ર વિસ્તારને કોર્ડન કરી દેવામાં આવ્યો છે અને અન્ય કોઈ ફસાયેલું છે કે નહીં તેની તપાસ કરી હતી.

વિભાગીય નિયામક (વડોદરા)જે.એન. પટેલે જણાવ્યું કે, આ મુખ્ય બસ સ્ટેશન છે. જેના મુખ્ય પ્રવેશ દ્વાર માટે બિલ્ડિંગ બનાવવામાં આવ્યું હતું. તેની દિવાલને પીઓપી જેવા મટિરયલ દ્વારા ડેકોરેટિવ કરવામાં આવ્યું હતું. તેના ઉપરનો ભાગ અચાનક પડી ગયો હતો. નોંધનીય છે કે આ બસ સ્ટેશનનું વર્ષ ૨૦૧૪ના ફેબ્રુઆરીમાં ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે કરવામાં આવ્યું હતું.

### 'પાર્ટી કોઈના બાપની નથી, અમે બનાવી છે' કહીને સ્કૂટર લઈ પૂર્વ મેયર નીકળી ગયા

# ભાવનગરના પૂર્વ મેયરને ભાજપ કાર્યાલયમાં જવા દેવાયા નહીં : ખભે હાથ મૂકી બહાર કાઢ્યા

### પૂર્વ મેયર વાતને અફવા ગણાવી રહ્યા છે, પરંતુ વીડિયોમાં દેખાતા પ્રમાણે વાસ્તવિકતા કંઈક અલગ જ !

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ/ભાવનગર, તા.૧૦

પંચાયત-પાલિકાની ચૂંટણી વચ્ચે ભાજપમાં અંદરની આગ હવે જાહેરમાં ધગધગી ઊઠી છે ! પૂર્વ મેયરે શુક્રવારે ભાજપ કાર્યાલયની બહાર જાહેરમાં તમાશો કર્યો હતો. તેવો વીડિયો હાલ વાયરલ થઈ રહ્યો છે.

ભાવનગરના પૂર્વ મેયર ભરત બારડ શહેર ભાજપ કાર્યાલયે ગયા તો તેમને અંદર જવામાં દેવામાં આવ્યા નહોતા. ઓફિસમાં હાજર લોકોએ તેમને ખભે હાથ મૂકી બહાર કાઢ્યા હતા. ભારે ગુસ્સા સાથે ભરત બારડ કાર્યાલયની બહાર આવ્યાં હતા અને પાર્કિંગમાં સ્કૂટર લઈને જતી વખતે બોલ્યા કે, પાર્ટી કોઈના બાપની નથી, અમે બનાવી છે. બધા આડા પડ્યા કે, ઓફિસમાં ન જાવ પ્રમુખ પાસે અને પછી ત્યાથી નીકળી ગયાં હતાં. ભાવનગર મહાનગર પાલિકાની ચૂંટણીને લઈને ભાજપ ઉમેદવારોની જાહેરાત કરી રહ્યો છે, ત્યારે પૂર્વ મેયર ભરત બારડ કોઈ વાતની રજૂઆત માટે શહેર ભાજપ કાર્યાલય ગયા હતાં. તેઓ શહેર ભાજપ પ્રમુખ કુમાર શાહને મળવા માગતા હતાં. જોકે, એફિસમાં ચેમ્બરમાં જવા દેવાયા નહોંતો. ત્રણેય મહામંત્રીએ ભગવાન બારડનું



બાવડું પકડીને કાર્યાલયની બહાર કાઢી મુક્યાં હતાં. શિસ્તબદ્ધ ગણાતા ભાજપના જ કાર્યાલયમાં થયેલી ગરમાગરમી અંગે શહેર ભાજપ પ્રમુખ કુમાર શાહે કહ્યું કે, પાર્લામેન્ટરી બોર્ડના નિયમ મુજબ ૬૩ વર્ષની વય મર્યાદાને કારણે તેમને ટિકિટ આપવામાં મુશ્કેલી પડી શકે છે, છતાં પક્ષે તેમને 'અપવાદ' ગણીને ટિકિટ આપવા માટે ભલામણ કરી છે. પરિપત્ર મુજબ, માત્ર અપેક્ષિત હોદ્દેદારોને જ બોલાવવામાં આવે છે, અત્યારે એડમિનિસ્ટ્રેશન હોવાથી ભાવનગર સહિત અન્ય પાંચ મહાનગરોના પૂર્વ મેયરોને પણ બોલાવવામાં આવ્યા નથી. આ સાથે ઉમેર્યું કે, ભરતભાઈ પૂર્વ મેયર અને સિનિયર આગેવાન છે, તેમને અટકાવવાનો કોઈ પ્રશ્ન જ ઊભો થતો નથી.

તો બીજી તરફ પૂર્વ મેયર ભરત બારડે કાર્યાલયમાં બાવડું પકડીને બહાર કાઢવાની વાતને તેમણે અફવા ગણાવી હતી અને જણાવ્યું હતું કે, તેઓ માત્ર ચા પીને બહાર આવ્યા છે. ટિકિટ મેળવવાની ઈચ્છા અંગે તેમણે સ્વીકાર્યું કે, તેઓ દાવેદાર હોઈ શકે, પરંતુ અંતિમ નિર્ણય પક્ષનો રહેશે. ભૂતકાળના વિવાદાસ્પદ મેસેજ કે સોશિયલ મીડિયા પોસ્ટ અંગે પૂછતા તેમણે મૌન સેવ્યું હતું હતું. આ ઉપરાંત કહ્યું કે, હું શિસ્તબદ્ધ કાર્યકર છું, મારી કોઈ અવગણના થઈ રહી નથી. પક્ષ મારા માટે શિરોમાન્ય છે. નોંધનીય છે કે, એક તરફ ભરત બારડ વાતને અફવા ગણાવી રહ્યાં છે, પરંતુ વીડિયો દેખાતા પ્રમાણે વાસ્તવિકતા કંઈક અલગ જ છે. ભાજપ દ્વારા હજી સુધી ભાવનગરના ઉમેદવારોનું લિસ્ટ જાહેર કરવામાં આવ્યું નથી. ઘોઘા સર્કલ, કુંભારવાડા અને નારી જેવા વોર્ડમાં ઉમેદવારોના નામ બાબતે 'કોકડું ગૂંચવાયું' હોવાની ચર્ચા છે. જોકે, સંગઠનના નેતાઓનો દાવો છે કે, કાર્યકર્તાઓમાં કોઈ અસંતોષ નથી અને દરેક કાર્યકર પક્ષના વિજય માટે કામે લાગી જશે.

### નિરીક્ષકોની નિમણૂકના આદેશ ૨૪ કલાકમાં જ બદલાયા

# ચૂંટણી પંચના છેલ્લી ઘડીના ફેરફારો અને આદેશોમાં અસ્પષ્ટતાને લીધે અધિકારીઓમાં મૂંઝવણનો માહોલ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૦

સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ગુજરાતમાં આગામી સમયમાં યોજાનારી મહાનગરપાલિકા, નગરપાલિકા અને પંચાયતોની ચૂંટણીઓના આયોજનમાં રાજય ચૂંટણી આયોગની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થયા છે. પારદર્શક અને ન્યાયી ચૂંટણીના દાવાઓ વચ્ચે, નિરીક્ષકોની નિમણૂકમાં વિલંબ અને વારંવાર બદલાતા આદેશોને કારણે વહીવટી વર્તુળોમાં 'અંધેરી નગરી' જેવી સ્થિતિ સર્જાઈ હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે.

## નિરીક્ષકોની મહત્ત્વની બ્રિફીંગ બેઠક છેક શુક્રવારે રખાઈ

ચૂંટણી જેવી સંવેદનશીલ પ્રક્રિયામાં આગોતરા આયોજનનો અભાવ સ્પષ્ટપણે જોવા મળી રહ્યો છે. સામાન્ય રીતે ચૂંટણીની જાહેરાત સાથે જ નિરીક્ષકોની નિમણૂક થઈ જવી જોઈએ, પરંતુ આ વખતે આયોગે છેક ૦૯-૦૪-૨૦૨૬ના રોજ હુકમ કર્યો હતો. આશ્ચર્યજનક રીતે, નિમણૂકના માત્ર ૨૪ કલાકમાં જ આયોગે જૂનો હુકમ 'મૂળ અસરથી રદ' કરી નવો 'સુધારા હુકમ' બહાર પાડવો પડ્યો છે. આ ઘટનાક્રમ આયોગની વહીવટી સજ્જતા પર પ્રશ્નાર્થ ચિહ્ન મૂકે છે. નિરીક્ષકોની ભૂમિકા ચૂંટણીમાં અત્યંત મહત્વની હોય છે, જેમાં આદર્શ આચારસંહિતાનું પાલન, ઉમેદવારી પત્રોની ચકાસણી અને ઈવીએમ (EVM)ની સુરક્ષા મુખ્ય છે. નિરીક્ષકોની મહત્વની બ્રીફિંગ બેઠક છેક ૧૦-૦૪-૨૦૨૬ના રોજ રાખવામાં આવી છે. રાજકીય વિશ્લેષકોનું માનવું છે કે જો નિરીક્ષકો જ ફિલ્ડ પર મોડા પહોંચશે, તો શરૂઆતના તબક્કાની અનિયમિતતાઓ પર લગામ કોણ કસશે ? આ વિલંબને કારણે સ્થાનિક સ્તરે આચારસંહિતાના ભંગની ઘટનાઓ વધવાની આશંકા સેવાઈ રહી છે. આઈએએસ (IAS) અને વરિષ્ઠ અધિકારીઓને વિવિધ જિલ્લાઓની જવાબદારી સોંપવામાં આવી છે, પરંતુ છેલ્લી ઘડીના ફેરફારો અને આદેશોમાં અસ્પષ્ટતાને કારણે અધિકારીઓમાં પણ અવઢવ અને મુંઝવણનો માહોલ છે. જ્યારે ચૂંટણી જેવો લોકશાહીનો ઉત્સવ માથે હોય ત્યારે વહીવટી તંત્રની આવી 'હળવાશ' લોકશાહીના પાયા માટે ચિંતાજનક સંકેત ગણાવી શકાય તેવી લોકોમાં ચર્ચા થઈ રહી છે.

### વર્ષ ૨૦૦૦ના એક કેસમાં તિરમીઝીના રિમાન્ડ પૂર્ણ થયા બાદ શુક્રવારે કોર્ટમાં હાજર કરાયા

# કપડવંજ કોર્ટે તસનીમઆલમ તિરમીઝીને મનપા ચૂંટણીમાં ઉમેદવારી ફોર્મ ભરવા પરવાનગી આપી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૦

રાજયમાં આગામી સ્થાનિક સ્વરાજયની ચૂંટણી વચ્ચે કપડવંજની કોર્ટમાંથી મનપાની ચૂંટણીના ઉમેદવાર માટે એક મહત્ત્વનો નિર્ણય આવ્યો છે. જેમાં કોર્ટ દ્વારા અમદાવાદના કોંગ્રેસના પૂર્વ મ્યુ. કાઉન્સિલર તસનીમઆલમ તિરમીઝીને ચૂંટણી માટે ઉમેદવારી ફોર્મ ભરવાની મંજૂરી આપવામાં આવી છે. અગાઉ પોલીસ ફરિયાદ અને કાનૂની પ્રક્રિયાને કારણે ઉમેદવારી નોંધાવવામાં અડચણ ઊભી થઈ હતી.

આતરસુંબા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનામાં ભારતીય દંડ સંહિતાની કલમ ૪૬૫, ૪૬૭, ૪૬૮ અને ૪૭૧ હેઠળ કાર્યવાહી ચાલી રહી છે. તસનીમઆલમની ધરપકડ ૭ એપ્રિલ ૨૦૨૬ના રોજ કરવામાં આવી હતી અને ૮ એપ્રિલે કોર્ટ સમક્ષ હાજર કરવામાં આવ્યા હતા. કોર્ટ દ્વારા ૧૦ એપ્રિલ સાંજના ૪ વાગ્યા સુધી પોલીસ રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યો હતો.

## કોંગ્રેસે બહેરામપુરાના ઉમેદવાર જાહેર કર્યા નથી : તસનીમઆલમ દ્વારા ફોર્મ ભરાશે કે કેમ ?

રિમાન્ડ પૂર્ણ થયા બાદ આરોપીને ફરી કપડવંજ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા, આ દરમિયાન આરોપીએ પોતાની અરજીમાં જણાવ્યું છે કે, તેઓ વર્ષોથી રાજકીય પ્રવૃત્તિઓમાં સક્રિય છે અને આવનારી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં વોર્ડ નંબર ૩૫, બહેરામપુરાથી ઉમેદવારી નોંધાવવાના છે.

અરજીમાં વધુમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, ઉમેદવારી ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૧૧ એપ્રિલ ૨૦૨૬ છે અને હાલ કોર્ટ કસ્ટડીમાં હોવાને કારણે તેઓ પોતે હાજર રહી શકતા નથી. તેથી, આરોપીએ કોર્ટ સમક્ષ વિનંતી કરી છે કે તેમને પોલીસ પ્રોટેક્શન સાથે અમદાવાદ લઈ જવાની અને ઉમેદવારી ફોર્મ ભરવાની પરવાનગી આપવામાં આવે.

સાથે જ, આરોપીએ કોર્ટના રજિસ્ટ્રાર સમક્ષ હાજર રહી જરૂરી નોટરી એફિડેવિટ કરવા અને ઉમેદવારી ફોર્મ પર સહી કરવાની મંજૂરી પણ માગી છે, જેથી તેઓ પોતાનો બંધારણીય હક, ચૂંટણીમાં ભાગ લેવાનો ઉપયોગ કરી શકે.

કોર્ટે અરજીની હકીકત ધ્યાને લેતા જણાવ્યું કે, આરોપી હાલ પોલીસ કસ્ટડીમાં છે આરોપીને સંબંધિત ઓથોરિટી સમક્ષ રજૂ કરવાની પરવાનગી આપવામાં આવે છે.

ઉલ્લેખનીય છે કે, શુક્રવાર સાંજ સુધીમાં કોંગ્રેસ દ્વારા અમદાવાદ મહાનગર પાલિકાની ચૂંટણી માટે બહેરામપુરા વોર્ડના ઉમેદવારની સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. આ પરિસ્થિતિમાં તસનીમઆલમ તિરમીઝી દ્વારા ઉમેદવારી ફોર્મ ભરાશે કે કેમ તે અંગે હજુ સ્પષ્ટતા સામે આવી નથી. જેના કારણે રાજકીય વર્તુળોમાં ચર્ચા જોર પકડી રહી છે.

# પત્ની પાસે MBAની ઉચ્ચ લાયકાત હોવી એ તેને ભરણપોષણ આપવાનો ઈન્કાર કરવા માટેનું પૂરતું કારણ નથી : હાઈકોર્ટ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૦

ગુજરાત હાઈકોર્ટે પત્ની અને સંતાનના ભરણપોષણના આદેશને પડકારતી પતિની રિવિઝન અરજીને ફગાવી દેતા એક મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. હાઈકોર્ટે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે પોતાની કાયદેસરની પત્ની અને બાળકોને આર્થિક સહાય પૂરી પાડવી એ પતિની સામાજિક અને કાયદેસરની જવાબદારી છે અને તે આ ફરજમાંથી છટકી શકે નહીં. જસ્ટિસ હસમુખ ડી. સુથારની ખંડપીઠે આ કેસની સુનાવણી દરમિયાન ભારપૂર્વક જણાવ્યું હતું કે, પત્નીની સંભવિત કમાણી કરવાની ક્ષમતા અથવા તેની શૈક્ષણિક લાયકાત ગમે તેટલી હોય, પરંતુ તે આધારે પતિ પોતાની ભરણપોષણની નૈતિક અને કાયદાકીય જવાબદારીમાંથી મુક્ત થઈ શકતો નથી. કોર્ટે આ કેસના અવલોકનમાં નોંધ્યું હતું કે, પત્ની ભણેલી હોય કે કમાઈ શકે તેમ હોય તે માત્ર એક જ



કારણસર ભરણપોષણનો દાવો નકારી શકાય નહીં અને પતિ દ્વારા આ મુદ્દે ઉઠાવવામાં આવેલો વાંધો ટકી શકે તેમ નથી. વધુમાં અદાલતે ઉમેર્યું હતું કે જ્યારે અસહાય પત્ની, બાળકો અથવા માતા-પિતા ભરણપોષણ માટે અરજી કરે છે, ત્યારે અદાલત સમાજના વંચિત વર્ગોના હિતોનું રક્ષણ કરતી હોય છે. ભરણપોષણ આપવાનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતના બંધારણના આમુખમાં રહેલી સામાજિક ન્યાયની પરિકલ્પનાને સાકાર કરવાનો છે.

આ કાયદાકીય વિવાદની વિગતો મુજબ, અરજદાર અને પ્રતિવાદી પત્નીના લગ્ન ડિસેમ્બર ૨૦૧૧માં થયા હતા. લગ્ન બાદ શારીરિક અને માનસિક ત્રાસ તેમજ દહેજની માંગણીના આક્ષેપોને કારણે વિવાદ સર્જાયો હતો અને પત્નીએ સાસરી છોડવાની ફરજ પડી હતી. ત્યારબાદ પત્નીએ સી.આર.પી.સી.ની કલમ ૧૨૫ હેઠળ પોતાના અને સગીર પુત્ર માટે ભરણપોષણની અરજી દાખલ કરી હતી. ઓગસ્ટ ૨૦૧૬માં ફેમિલી કોર્ટે પતિને પત્ની માટે ૧૦,૦૦૦ રૂપિયા અને પુત્ર માટે ૫,૦૦૦ રૂપિયા મળીને કુલ ૧૫,૦૦૦ રૂપિયા માસિક ભરણપોષણ ચૂકવવાનો આદેશ કર્યો હતો.

પતિએ આ આદેશને હાઈકોર્ટમાં પડકારતા દલીલ કરી હતી કે તેની પત્ની એમ.બી.એ. (MBA) થયેલી છે અને તે કમાણી કરવા માટે સક્ષમ છે, તેથી તે ભરણપોષણ મેળવવા હકદાર નથી. પતિએ એવો પણ દાવો કર્યો હતો કે પત્નીએ કોઈપણ વ્યાજબી કારણ વગર સ્વેચ્છાએ ઘર છોડ્યું છે. જો કે, હાઈકોર્ટે સુપ્રીમ કોર્ટના વિવિધ ચુકાદાઓને ટાંકીને આ દલીલોને ફગાવી દીધી હતી અને ઠેરવ્યું હતું કે પત્ની પાસે ઉચ્ચ લાયકાત હોવી એ તેને ભરણપોષણ આપવાનો ઈન્કાર કરવા માટેનું પૂરતું કારણ નથી. હાઈકોર્ટે ફેમિલી કોર્ટના આદેશને યોગ્ય ગણાવીને રિવિઝન અરજીને રદ કરી છે.

For Advertisement:gtadvt@yahoo.co.in WWW.gujarattoday.in facebook.com /gujarattodaydaliy @ Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● E-mail : gujarattodaydaily@gmail.com